# Bahá'í Prayers Gujarati

Gujarati

97 prayers

## Additional Prayers Revealed by Bahá’u’lláh

AB00074

સ્તુતિ-આભાર

હે  સર્વોન્નત પરમાત્મા !

હે સ્વામી, હે સર્વશકતિમાન પ્રભુ! તું મહિમાવાન અને ઉદત છે. તારા શાણપણ આગળ શાણાનું શાણપણ ઓછું પડે છે અને નિષ્ફળ નિવડે છે. તારા જ્ઞાન આગળ જ્ઞાનીઓ પણ પોતાનું અજ્ઞાન કબૂલે છે. તારા બળ આગળ બળવાન પણ નિર્બળ છે. તારી સંપતિ પાસે શ્રીમંત પણ પોતાને દરિદ્ર માને છે. તારા પ્રકાશ પાસે પ્રબુદ્ધ વ્યકતિ પણ અંધકારમાં ખોવાઈ જાય છે. તારા જ્ઞાનમંદિરમાં બધી જ સમજણનો સાર સમાયો છે. તું જયાં ઉપસ્થિતિ છે તે ધામની આસપાસ સમગ્ર માનવજાત પ્રદક્ષિણા કરે છે.

હું તારા સારતત્ત્વનો મહિમાં કેવી રીતે ગાઉં? શાણાઓનું શાણપણ અને જ્ઞાનીઓનું જ્ઞાન પણ એ સમજવામાં અસફળ થયા છે. સાચે જ, કોઈ પોતે જે સમજી ન શકે તે કેમ ગાઈ શકે? જયાં પોતે પહોંચી ન શકે તેનું વર્ણન ન કરી શકે. બીજી બાજું, તું તો અજરામર, અગમ્ય અને અગોચર જ રહ્યો છે. હું તારી ભવ્યતાના સ્વર્ગ સુધી ભલે ને પહોંચી શકવા અસમર્થ હોઉં, તારા જ્ઞાનપ્રદેશમાં પ્રવેશ કરી શકું તેમ ન હોઉં છતાં પણ હું તારી એ રચનાઓનું વર્ણન કરી શકું છું જે તારી ભવ્ય કૃતિની કહાણી કહે છે.

તારી ભવ્યતાના સોગંદ! સૌનાં હૈયાંના હાર, તું જ એકલો એવો છે કે જે તારા માટેની ઝંખનાની વેદના શાંત કરી શકે! જે સંકેતો દ્વારા તું વ્યકત થાય છે તેમાંથી ઓછામાં ઓછા સંકેતોની મહત્તા દર્શાવવા માટે સ્વર્ગ અને પૃથ્વીના નિવાસીઓ સાથે મળીને પ્રયત્ન કરે તો પણ તેઓ નિષ્ફળ જવાના છે તો તારા પવિત્ર શબ્દ અને તારા બધા જ સંકેતોની પ્રશંસા કરવાનું કેટલું અઘરું હશે!

તારી મહત્તા અને ભવ્યતા સૌ ગાતા રહે! સમગ્ર પ્રાણીસૃષ્ટિ સાક્ષી છે કે તું એક જ છે અને તારા સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી. તું અનાદિકાળથી અજોડ છે અને અનંતકાળ સુધી રહશે. બધાં જ સમ્રાટો તારા દાસ સમાન છે અને બધા જ દ્રશ્ય  તથા અદ્રશ્ય જીવો તારી આગળ શૂન્ય સમાન છે.

તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું પરમ કૃપાળુ મહાસમર્થ અને સર્વોન્નત છે.

Also in: iba, zh-Hant

---

AB01539

કસોટીઓ અને સંકટો

હે ઈશ્વર, તારો જય થાઓ! તારા માર્ગમાં આવતાં કષ્ટો સહ્યા વિના સાચા પ્રેમીઓને કેમ  ઓળખી શકાય? તારા પ્રેમમાં કસોટીઓ ન થતી હોય તો તને ઝંખનારાઓની દશા કેમ સમજી શકાય? તારા અમાપ બળની સાક્ષીએ હું કહું છું! તને ભજનારાના સાથી છે એમની આંખમાંથી વહેતા આંસુ, તને સોધનારાની હૈયાધારણ બને છે એમના પોતાના જ ઉંહકારા, તને મળવા તલપાપડ થયેલાનો ખોરાક છે એમનાં તૂટીને ટૂકડે ટૂકડા થયેલા હૃદય!

તારે માર્ગે ચાલતાં મુત્યુના દુઃખની કડવાસ તે મારા માટે કેટલીક મધુર છે! તારી વાણીના ઉદ્ગાન માટે શત્રુઓ સામે લડતાં એમની તલવારો મારે મન કેટલી મૂલ્યવાન છે! હે પ્રભુ, તારા ધર્મનું પાલન કરવામાં તને  ગમે તેવો સ્વાદ મને ચખાડ. તારા પ્રેમના પથે, તેં જે કંઈ નકકી કર્યું હોય તે બધું મને આપ. મારી મહાનતાના સોગંદ! જે તારી મરજી તે જ મારી મરજી. જે તને પસંદ તે જ મને પસંદ. મેં સદા તારામાં જ પુરેપુરો વિશ્વાસ મુકયો છે.

હે ભગવાન, તને હાથ જોડીને વીનવું છું કે મારો ઉદ્ધાર કર, જેથી કે તારા નામ અને સાર્વભૌમત્વને યોગ્ય ઠરે તેવા આ પ્રાગટયના સહાયકો મને તારા પ્રાણી તરીકે યાદ રાખે અને તારી ભૂમિમાં તારી વિજયપતાકાઓ લહેરાવે. તું તારી મરજીમાં આવે તે કરી શકે  છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સંકટકર્તા અને સ્વયંપૂર્ણ છે.

Also in: tvl

## Aid and Assistance

BH10973

માર્ગદર્શન–રક્ષણ

હે ભકતવત્સલ, હું તને ભજુ છું, તને પુજું છુ! તારાં એકત્વ અને અદ્ધતિીયતાનો હું સાક્ષી છુ. ભૂતકાળ અને વર્તમાનકાળમાં તેં કરેલા અનુગ્રહનો સ્વીકાર કરું છું. તું પરમ ઉદાર છે, તારી દયાની વૃષ્ટઊિચનીચના ભેદ વનિા સૌના ઉપર સમાનતાથી થઇ છે. તારી કરૂણાની આભા, આજ્ઞાપાલકો અને અવજ્ઞાકારીઓ, બન્ને ઉપર સમા રીતે પ્રકાશી છે.

હે દયાળુ ઈશ્વર, તારે બારણે દયાનાં તમામ સત્ત્વો માથું નમાવીને ઊભાં છે. તારા ધર્મના અભયસ્થાનની ચોમેર તારી પ્રેમમય કરુણા વલિસી રહી છે. તારી અનાદકિરુણાને અમે પ્રાર્થીએ છીએ અને તારા અત્યારના અનુગ્રહોની માગણી સાથે અમે તને પ્રાર્થના કરીએ છીએ કે તું આ પ્રાણીસૃષ્ટમિાં જે કોઈ આવ્યા છે તેમના ઉપર દયા કર અને તાર યુગમાં એમને તારી દયાના ભંડારથી વંચતિ ન કર.

સૌ નષ્કિંચિન  અને યાચક છે. તું સર્વસંપન્ન, સર્વનયિતા, સર્વસામર્થ્યવાનછે.

Also in: af, ar, az, be, bg, bn, bs, ca, ceb, da, de, el, en, eo, fo, fr, fy, gil, gil, hi, ht, hy, is, it, ja, ky, lo, lv, mg, mi, ml, ms, mt, ne, ne, nl, no, pl, pt, ru, sk, sl, sr, sv, ta, te, th, tvl, uk, ur, zh-Hant

AB00431PIT

માર્ગદર્શન

હે નાથ! અમે દયાને પાત્ર છીએ; અમારા પર કૃપા કર. અમે ગરીબ છીએ; તારા કુબેરભંડારમાંથી અમને પણ એક અંશ આપ. અમને જરૂર છે; અમને સંતુષ્ટ કર. અમે હીન છીએ; અમને ગૌરવ આપ. આકાશમાં ઊડતી સમડી અને ખેતરના પશુને રોજ તું જ ખાવનું પુરું પાડે છે. બધા જીવો તારી કાળજી અને કૃપા પ્રાપ્ત કરે છે.

તારી અદ્ભૂત કૃપાથી આ નબળા જીવને વંચતિ ન કર. તારી શકતિના સોગંદ લઈને આ લાચાર જીવને વચન આપ કે તું તારી વપિુલતાનો લાભ આપીશ.

અમને રોજ ભોજન આપ અને જીવનની જરૂરીયાતોમાં તારો ખપ વધતો જાય તેવું કરી દે, જેથી અમે તારા સવિાય બીજા કોઇ ઉપર આધાર ન રાખીએ, સંપૂર્ણ રીતે તારી સાથે જ સંપર્ક રાખીએ, તારા રસ્તાઓ પર ચાલીએ અને તારાં જ રહસ્યો પ્રગટ કરીએ. તું સર્વશકતિમાન પ્રેમાળ અને મનુષ્ય માટે દાતા છે.

Also in: af, az, bg, bi, ca, ch, cnr, da, el, en, eo, es, et, fr, gil, gil, hr, ht, hu, hz, it, lv, mt, ne, nl, pap, pl, pt, ro, ru, sk, sne, sne, sq, sv, sw, ta, tk, tl, tvl

AB05367

માર્ગદર્શન–રક્ષણ

અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે હે ઈશ્વર, જેઓને ખોટા માર્ગે ચડાવી દેવાયા છે તેઓને ન્યાયી અને ઉચતિ મનોદશા પ્રાપ્ત કરવામાં ઉદારભાવે સહાય કર. જેઓ બેદરકાર હોય તેમને સજા કર. હે માર નાથ! તારી કૃપાના બારણે આવવાની તારા સેવકોને મનાઇ ન કર. તારી ઉપસ્થિતિનાિ દરબારમાંથી એમને કાઢી ન મૂક. વ્યર્થ તરંગોનું ધુમ્મસ વખિેરવામાં, મથ્યિા કલ્પનાઓ તથા આશાઓના પરદા ચીરી નાખવામાં એમને મદદ કર. ખરેખર તું સર્વસંપન્ન,  સર્વોચ્ચ છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સર્વશકતિમાન, મહાકરૂણાસઘિુ છે.

Also in: de, en, es, gil, ho, ky, ms, nl, sne, sne, sne, sne, tet, tet, tpi

## America

AB06005

પ્રશકિ્ષણ

હે મારા પ્રભુ! હે મારા પરમેશ્વર! હું તારો દાસ તારા તરફ ખેચાયો છું, તારા એકત્વના બારણા ભણી નમ્રતાપૂર્વક આવ્યો

છું. અને તારી દયાના સામ્રરાજયને શરણે આવું છું.

હે ઈશ્વર, મને પુરેપુરો તારો જ થઈને રહેવા દે, ફકત તારા જ વિચારોમાં લીન રહેવા દે, તારા પ્રેમના અગ્નિમાં પ્રજ્વલતિ રહેવા દે, તારા સિવાય બીજા બધાથી વિરકત રહેવા દે કે જેથી હું તારા ધર્મ માટે કામ કરું તારા શાણપણનો પ્રચાર કરું, તારું જ્ઞાન ફેલાવું, તને ઓળખવાનો આનંદ સૌને વહેચું.

હે પરમાત્મા ! હું તો તારા સમર્થ હાથો દ્વારા પ્રગટેલી જયોત છું, કસોટીઓના ઝંઝાવાતોથી એને ઓલવાઈ જવા દેતો નહિ. તારા માટે મારો પ્રેમ વધતો રહે એવું કર, તારા અદ્વૈત સૌંદર્ય માટેના મારા તીવ્ર આકર્ષણમાં વૃદ્ધિ કિર, મારી અંદર ‘સાઈનાઈ‘ શિખરમાં તારી આદ્ધતિયિતાનો જે ભભૂકતો અગ્નિ છે તેને પ્રગટાવ તથા મારામાં છુપાયેલા શાશ્વત જીવનને તારી કરૂણા અને ઉદારતાથી જાગૃત કર.

તું રક્ષક, દ્રષ્ટા, કરૂણામય, દયાળુ છે.

Also in: fi, ky, th

---

AB00078

ન્યાય

બોલોઃ હે ભગવાન, હે જગતના નાથ! મારા મસ્તકને તું ન્યાયમુકુટથી સુશોભતિ કર. મારા મંદરિને સમતાના શણગારથી સજજ કર. ખરેખર, બધી ભેટસોગાદ અને સમૃદ્ધિનો સ્વામી તું જ છે.

Also in: th

---

## Bahá’í Reference Library

AB06528

મધ્યરાત્રી

( હે સત્યના શોધક! તારી એવી કામના હોય કે, ઈશ્વર તારી   આધ્યાત્મિક´ આંખ ખોલે તો તારે ઈશ્વરને જ શરણે જવું જોઈએ, અને મધરાતે એની આ પ્રમાણે પ્રાર્થના કરવી જોઈએ, એની જોડે સંવાદ રચવો જોઈએ)

હે નાથ! મારું મુખ તારાં અદ્વૈતત્વના રાજય ભણી છે. હું તારી દયાના સાગરમાં ડૂબી ગયો છું, અંધારી રાતે તારો પ્રકાશ્ પાથરીને મારી દૃષ્ટિને આલોકતિ કર. આ અદ્ભૂત યુગમાં તારા પ્રેમનો કસુંબો પાઈને મને પુલકતિ કર ! હે સ્વામી, તારો ઉપદેશ સાંભળવાની મને શકતિ દે અને તારી ભવ્યતાનો પ્રકાશ જોઈ શકું તથા તારા પરમ સૌંદર્ય પ્રત્યે આકર્ષાઉં તે માટે મારી સમક્ષ તારાં સ્વર્ગનાં બારણાં ખોલી દે. ખરેખર તું દાતા, ઉદાર, દયાળુ અને ક્ષમાવાન છે.

Also in: gil, hi, hr, hy, hy, hz, id, ja, ja, kn, ko, ko, ko, ky, lo, ml, ms, no, ru, sk, sm, sm, sm, sq, ta, te, tet, th, tpi, tvl, tvl, uk, vi, zh-Hans, zh-Hant, zh-Hant

---

## Children

BH10076

બાળકો

હે મારા નાથ ! હે મારા સ્વામી !

હું કુમળી વયનું બાળક છું, દયારૂપી સ્તનો દ્વારા મારૂં પોષણ કર. તારા પ્રેમની હૂંફમાં મને તાલીમ આપ. તારા માર્ગદર્શનની પાઠશાળામાં મને શિક્ષણ આપ અને તારી ઉદારતાની છાયામાં મારો વિકાસ કર. મને અંધકારમાંથી છોડાવ. મને ઝળહળતા પ્રકાશ જેવો બનાવી દે. મને દુઃખમાંથી મુકત કર અને તારી ગુલાબવાડીનું એક ફૂલ બનાવી દે. કૃપા કરીને મને તારા પવતિ્ર ઉંબરા પાસે ચાકર બનીને ઊભા રહેવા દે અને સાતત્વિકતાનું મારામાં રોપણ કર. માનવ–જાતિને અનર્ગળ સંપતિ મળે તેમાં મને નિમિત્ત બનાવ. મને અનંત જીવનની મુદ્રાવાળો મુકુટ પહેરાવ.

ખરેખર તું મહાસમર્થ, શકતિશાળી છે. દૃષ્ટા , શ્રોતા છે.

Also in: az, az, ca, de, el, en, es, gil, gil, gil, ht, id, is, it, ky, lb, mn, mr, nl, pl, pt, se, sk, ta, tet, tvl, tvl, tvl, uk, zh-Hant

BH09855

બાળકો

હે ઈશ્વર ! આ શિશુનો તારા પ્રેમની છાતીએ વળગાડીને ઉછેર કર. એને નિયતિનાં સ્તનોના દૂધનું પાન કરાવ. આ નવા છોડને તારા પ્રેમરૂપી ગુલાબવાડીમાં રોપીને માવજત કર. વિધાતાનાં વાદળોમાંથી થતા વર્ષણ દ્વારા એનું પાલન કર. એને તારા અધિરાજયનું શિશું બનાવ અને દૈવી લોક તરફ દોરી જા.

તું સમર્થ અને દયાળુ છે ! તું દાતા છે, અમીવર્ષક છે. તારા આશીર્વાદ બધાંથી પાર જાય છે.

Also in: ar, az, bn, bn, ca, el, en, eo, es, fa, fo, gil, gil, gil, haw, ht, hu, iba, iba, is, ja, ja, lb, lg, lo, mi, mi, ml, mn, mn, mt, ne, nl, pl, ro, ru, sk, sq, st, sv, ta, ta, th, tk, tl, tvl, uk, uk, zh-Hant

AB10701

પ્રાતઃકાળ

હે કરૂણાસિંધુ પરમેશ્વર ! તેં મને જગાડયો અને ભાનમાં આણ્યો તે માટે તારો પાડ માનું છું તેં મને જોવા માટે આંખ અને સાંભળવા માટે કાન આપ્યા છે તું મને તારા સામ્રરાજય તરફ લઈ ગયો છે. તેં મને તારા માર્ગે ચાલવામાં માર્ગદર્શન આપ્યું છે તેં મને રસ્તો દેખાડયો છે અને મુકતિના દ્વારમાં પ્રવેશ કરાવ્યો છે. હે પ્રભુ, હવે મને અવિચળ, દ્રઢ અને નિષ્ઠાવાન બનાવ. આકરી કસોટીઓમાં મારું રક્ષણ કર અને તારી સંવદિના મંદિરમાં અને સંવદિના મજબૂત કિલ્લામાં મને આશરો આપ. તું સમર્થ છે! તું એટલે મારી દર્શનની ક્રિયા, તું એટલે મારી શ્રવણની  ક્રિયા !

હે પરમ કૃપાળુ પરમાત્મા, મને દર્પણ જેવું નિર્મળ હૃદય આપ કે જે તારા પ્રેમના પ્રકાશથી ઝળહળી ઊઠે. મારામાં એવા વિચારોની પ્રેરણા કર કે જે આ વિશ્વને દિવ્ય કૃપાની વર્ષાથી ગુલાબવાડીમાં ફેરવી નાખે. તું કૃપાળુ, દયાળુ છે, તું મહાન કલ્યાણકારી છે !

Also in: bg, bs, ca, cy, da, de, el, en, eo, es, fa, ht, hy, iba, it, ja, ja, kn, lb, lo, lv, meu, mh, mi, ml, ne, nl, pl, ro, sk, sm, sq, st, sv, sv, ta, th, tl, uk, ur, zh-Hans, zh-Hant

## Detachment

AB04980LOR

સંધ્યાકાળ

હે મારા પ્રભુ મારા નાથ મારી ઈચ્છાઓના લક્ષ્ય! આ તારો દાસ તારી દયાના છાપરા નીચે સૂવા માગે છે, તારી કૃપાના છત્ર નીચે આરામ કરવા માગે છે અને તારી સંભાળ અને રક્ષણની યાચના કરે છે. હે મારા પરમાત્મા, તારી કદીયે ન જંપે એવી આંખોને નામે હું તારી પાસે માગું છું કે મારી આંખોંનું એવું રક્ષણ કર કે એ તારા સિવાય બીજું કશુ જ દેખે નહિ. મારી આખોનું તેજ એટલુ વધાર કે એ તારા સંકેતોને પારખી લે અને તારા પ્રાકટયના ક્ષિતિજિના દર્શન કરી શકે. તે તું જ છે કે જેના પ્રાગટયના વિરાટ રૂપ સમક્ષ મહાબળશાળીઓ પણ કંપી ગયા હતા.

તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તુ સર્વશકિતમાન સૌને પરાજિત કરનારો બંધનહીન છે.

Also in: ne

## Forgiveness

BH10154

ક્ષમાયાચના

હે જગત્રાતા ! તારી અનુકંપાથી મારી હિમંત વધી છે પરંતું તારા ન્યાયથી મારામાં ભય વ્યાપ્યો છે. જેને તારી અનુકંપા મળી તે સુખી છે, જેને તારા ન્યાયનાં પારખાં થયાં તે દુ:ખી છે.

ભગવાન! હું તારા ન્યાયથી ડરીને ભાગ્યો છું; તારી અનુકંપા યાચું છું તારા રોષથી હું કાંપી ઊઠયો છું; તારી ક્ષમા માગું છું, તારી

સમર્થતા, સાર્વભૌમ સત્તા, મહાનતા અને અનુકંપાના ગુણોનો ઉલ્લેખ કરીને હું પ્રાર્થના કરૂં છું કે હે સર્જનહાર, તારા જ્ઞાનના પ્રકાશ વડે સમગ્ર માનવજાતને અજવાળુ આપ કે જેથી સર્વ પદાર્થો તારા હસ્તકૌશલનું પ્રતબિંબિ પાડે, તારી ક્ષમતાનાં રહસ્યો પ્રગટ કરે અને તારા જ્ઞાનના પ્રકાશને વ્યકત કરે.

તેં જ સમગ્ર ભૂતસૃષ્ટનિે દ્રશ્યમાન બનાવી અને તું જ એના ઉપર કરુણા અને કૃપાનો પ્રકાશ બનીને ચમકે છે.

તું પરમ ઉદાર કરુણાસધિુ છે.

Also in: de, en, is, ja, no, ru

BB00617

ક્ષમાયાચના

હે પ્રભુ, હું ગુણ ગાઉં છું! મારા હૃદયમાંથી વ્યર્થ તરંગો અને પોકળ કલ્પનાઓ ભુંસાઇ જાય તે માટે હું પુરેપુરા સ્નેહથી તારા તરફ વળું છું. હે જગત્પતી! તારી ઈચ્છાને અનુરૂપ તારા કૃપાપુષ્પોનો પમરાટ તારા આદેશથી સમગ્ર સુષ્ટિમાં પ્રસરી ગયો છે અને તારી ઈચ્છાનો સૂર્ય તારાં સાર્વભૌમત્વ અને શકતિ–સામર્થ્ય દ્ધારા તારી કૃપાના આકાશમાં ઝળહળે છે.

હે જગન્નાથ! હું તારો દાસ છું, તારા દાસનો પુત્ર છું. મારો હાથ તારી કરૂણાને સોપાઈ ગયો છે. હું તારી દયાના તંતુને પકડી બેઠો છું. તારી પાસે જે ઉત્તમ છે તે મને આપ. તારા ઔદાર્ય અને અનુગ્રહરૂપી સ્વર્ગના વાદળોમાંથી તેં વરસાવેલા અમૃત દ્વારા મારૂં પોષણ કર.

હે પ્રભુ, તું જ વશ્વિધપિતિ છે, સ્વર્ગ અને પૃથ્વીના સકળ ભુતજગતનો સ્વામી છે.

Also in: az, bg, bs, ca, cs, da, de, diu, el, en, en, es, et, fi, fr, hr, ht, hu, hy, hz, iba, id, is, it, kj, kl, kn, kn, ko, ky, ky, lb, lg, mg, mh, ml, mt, ne, nl, pl, pt, ro, ru, sk, sk, sne, sq, ta, ta, tet, tk, tl, tvl, uk, zh-Hans, zh-Hant

## Gatherings

BH09848

એકતા

હે કૃપાળુ સ્વામી! તું ઉદાર અને દયાવાન છે; અમે તારા ઊંબરાના દાસ છીએ. અમે તારી દયાના રક્ષણની છત્રછાયામાં છીએ. તારા વધિાનનો સૂર્ય સૌ ઉપર પ્રકાશે છે. તારી દયાના મેઘ સૌ ઉપર વરસે છે. તારો કૃપાપ્રસાદ સૌને મળે છે. તારી નયિતિ સૌને ટકાવી રાખે છે. તારું રક્ષણ સૌને આવરી લે છે. તારી કરૂણાની દૃષ્ટિ સૌને ઉજ્જવલ બનાવે છે. હે નાથ! અમને તારાં અનંત વરદાનો આપ અને તારા માર્ગદર્શનના પ્રકાશને ચમકવા દે. અમારી આંખોને તેજ આપ, આત્માઓને આનંદતિ કર અને હૃદયોમાં નવું જોમ ભરી દે. અમને શાશ્વત જીવન આપ. તારા જ્ઞાનનાં બારણાં ખોલી નાખ, શ્રદ્ધાના પ્રકાશ દ્ધારા અજવાળા પાથરવા દે. માનવજાતને સંગઠતિ કરીને તારા રક્ષણની પતાકા નીચે આશ્રય આપ. તારી કૃપાથી જ તેઓ એક સમુદ્રનાં મોજાં જેવા, એક વૃક્ષનાં પાંદડાં અને ડાળીઓ જેવા બનશે અને એક જ તંબુની છાયામાં એકત્ર થશે, એક જ ઝરણામાંથી અજવાળું પ્રાપ્ત કરશે. તું દાત છે, તું દયાળુ છે, તું સર્વવ્યાપી છે!

Also in: ca, da, de, en, es, gil, gil, gil, hy, it, kj, ky, lv, mr, mt, pl, pt, sne, sne, sne, sne, sne, sne, sv, tvl, tvl, tvl, tvl, ur, ur

ABU0070GAT

એકતા

હે દયાળુ સ્વામી ! તેં આખી માનવજાતને એક જ મૂળ કુટુંબમાંથી જન્મ આપ્યો છે. સૌ એક જ કુટુંબના સભ્યો રહે એવો તારો આદેશ છે. તારી પવત્રિ ઉપસ્થતિમિાં સૌ તારા દાસ જ છે. આખી માનવજાતનિે તારા મંડપ નીચે આશ્રય મળ્યો છે, બધા જ તારી વપિુલતાના દ્વારે ઊભા છે, બધા ઉપર તારી નયિતનિો પ્રકાશ પથરાયો છે.

હે ઈશ્વર, તું બધા પ્રત્યે દયાળુ છે, તેં બધાંનું પાલન કર્યું છે, બધાંને આશરો આપે છે, જીવનનું દાન આપે છે. તેં દરેક પ્રતભિા અને સદગુણો લક્ષ્યાં છે. તારી જ દયાના સગરમાં બધાં ડૂબકી મારે છે.

હે દયાનાથ, બધાંને એક કર. બધા ધર્મો એક થઈને બધાં જ રાષ્ટ્રોને એક કરે કે જેથી બધાં એકબીજાને એક જ કુટુંબના

સભ્ય તરીકે જોતા થાય અને આખી પૃથ્વીને એક ઘર માને. એવું વરદાન આપ કે સૌ સાથે મળીને સંપૂર્ણ સદ્‌ભાવથી રહે! હે ઈશ્વર! માનવજાતની એકતાનો ધ્વજ ઊંચો લહેરાવ. હે પરમાત્મા. પરમ મહાન શાંતિની સ્થાપના કર. હે પ્રભુ! બધાનાં હૃદયોને જોડી દે.

હે કૃપાળુ તાત, હે પરમાત્માં! તારા પ્રેમની સુગંધથી અમારાં હૈયાંને પુલકતિ કર. તારા માર્ગદર્શનના પ્રકાશથી અમારી આંખોમાં તેજ આંજી દે. તારી વાણીના ઉદ્‌ગાનથી અમારા કાનને આનંદ આપ. તારા મંગળવધિાનના સંરક્ષણમાં અમને શરણ આપ.

તું શકતિશાળી અને સમર્થ છે. તું ક્ષમાવાન છે. માનવીની ત્રુટિઓની સદા અવણના કરે તેવો એકમાત્ર તું જ છે.

Also in: af, ar, az, bg, bs, ca, de, el, en, eo, fr, gil, gil, gil, hu, hy, hy, iba, is, it, kn, ky, ky, lv, mg, mn, mn, mr, ne, ne, ne, nl, pl, pt, ro, ru, sk, sm, sne, ta, tl, tpi, tvl

---

ABU0070GAT

સભાઓ

હે કૃપાનાથ, આ સભામાં એકત્ર થયેલા આ સૌ તારા જ સેવકો છે. તેઓ તારા સામ્રરાજય ભણી વળ્યા છે. એમને તારા વરદાન અને આશીર્વાદની આવશ્યકતા છે. હે પ્રભુ! તું પ્રગટ થા અને તારા એકત્વના સંકેતો સ્પષ્ટ કર. તારું એકત્વ તો જીવનની બધી જ યથાર્થતાઓમાંથી પ્રગટ થાય છે. આ માનવીય વાસ્તવકિતાઓમાં તેં છુપાવેલા, છાવરેલા ગુણોને પ્રગટ અને વ્યકત કર.

અમે છોડ જેવા છીએ અને તારી કૃપા વરસાદ જેવી છે. આ છોડો ફૂલેફાલે અને તાજા થાય તેવું વરદાન આપ. અમે તારા સેવક છીએ; અમને ભૌતકિ અસ્તત્વિનાં બંધનોમાંથી છોડાવ. અમે અજ્ઞાની છીએ; અમને જ્ઞાની બનાવ. અમે મરણ પામ્યા છીએ; અમને નવજીવન આપ. અમે પદાર્થ છીએ; અમારામાં ચેતનનો સંચાર કર. અમે અનભજ્ઞિ છીએ; અમને તારા રહસ્યોના નકિટના જાણકાર બનાવ. અમે યાચક છીએ; તારા અબાધ ખજાનામાંથી અમને સમુદ્ધ બનાવ. હે ઈશ્વર, અમને નવું જીવન આપ, દ્રષ્ટઆિપ, શ્રવણશકતિ આપ. જીવનનાં રહસ્યોનો અમને પરચિય કરાવ કે જેથી તારા સામ્રાજયનાં રહસ્યો અસ્તત્વિના આ સંસારમાં અમારી સમક્ષ પ્રગટ થાય. અમે કબુલ કરીએ છીએ કે તું એક અને અદ્વતિીય છે. પ્રત્યેક અનુગ્રહ તારા તરફથી જ આવે છે. દરેક કૃપાનું સ્ત્રોત તું જ છે. તું શકતિશાળી છે ! તું સમર્થ છે ! તું દાતા છે ! તું સદાસર્વદા સંપન્ન છે!

Also in: af, ar, az, bg, bs, ca, de, el, en, eo, fr, gil, gil, gil, hu, hy, hy, iba, is, it, kn, ky, ky, lv, mg, mn, mn, mr, ne, ne, ne, nl, pl, pt, ro, ru, sk, sm, sne, ta, tl, tpi, tvl

---

## Healing

BH08013

બાળકો

હે પરમેશ્વર, તારૂં જ નામ લેવાથી માંદા સાજા થઈ જાય છે, અસ્વસ્થને સ્વાસ્થય પાછું મળે છે, તરસ્યો પાણી પામે છે, જખમીને શાતા મળે છે, માર્ગ ભૂલેલાને માર્ગદર્શન મળે છે, પતતિોનો ઉદ્વાર થાય છે, અકચિનો લક્ષ્મીવાન બને છે, અજ્ઞાનીઓને જ્ઞાનલાભ થાય છે, શોકમગ્ન પ્રફુલ્લિત થાય છે, દુઃખી આનંદ પ્રાપ્ત કરે છે, ઠંડા હોય તેમને ઉષ્મા પ્રાપ્ત થાય છે અને દલતિોનો ઉદ્ધાર થાય છે. હે ભગવાન, તારા નામથી જ સમગ્ર ભૂતસૃષ્ટિમાં સ્પંદનો જાગ્યાં અને નક્ષત્રો ફેલાયાં, પૃથ્વીનો જન્મ થાયો, વાદળ બંધાયાં અને તારા જ નામ થકી પૃથ્વી પર વરસ્યાં. ખરેખર સમગ્ર માનવ સૃષ્ટિમાટે એ તારા વરદાનનું પ્રતકિ છે.

એટલે જ, તેં નામ દ્વારા તારું ઈશ્વરીરૂપ પ્રગટ કર્યં અને સમગ્ર સૃષ્ટિથી તારા ધર્મને ઊંચું સ્થાન આપ્યું, તે નામનું સ્મરણ કરીને તથા જે ગુણો દ્ધારા તારાં ઉત્તમોત્તમ બરિૂદો અને પવત્રિતમ લક્ષણ તેમ જ પારગમ્ય તથા સર્વોત્કૃષ્ટ અસ્તત્વિ પ્રગટ થાય છે તે ગુણોને યાદ કરીને હું તને વનિંતી કરૂં છું કે આજની રાતે તારી દયાના વાદળમાંથી આ બાળક ઉપર તારી સંજીવનીની વૃષ્ટકિર. તેં આ બાળકને તારા સર્વાંગ આલોકતિ અસ્તત્વિના સૃષ્ટિ સામ્રરાજયમાં જોડયો છે; હવે એને

તારી કૃપારૂપી વસ્ત્ર આપ, કલ્યાણ અને સ્વાસ્થયનો ઝબ્બો પહેરાવ અને તારા સુધી પહોંચવામાં અવરોધ સમાન હોય એવાં દુઃખો અને અવ્યવસ્થા સામે એનું રક્ષણ કર. સાચે જ, તારી એકલતાની શકતિ જ સમગ્ર સૃષ્ટનિી *(શકતિ) બરાબર છે. વાસ્તવમાં તું જ સર્વશકતિમાન અને આત્મનર્િભર છે. ઉપરાંત આ બાળક ઉપર આ લોક અને પરલોકમાં જે શુભ હોય, ગઈ અને આવતી પેઢી માટે જે શુભ હોય તેની અમીવૃષ્ટ‌િ કિર, એ તો તારી જ શકતિ અને તારા જ જ્ઞાનથી શકય છે.

Also in: af, ar, ar, az, bi, bs, ca, ceb, co, da, de, en, eo, es, et, eu, fr, gil, hi, ht, id, is, it, ja, kj, kl, lv, med, med, mg, ne, nl, no, pl, pt, ro, ru, ta, ta, tl, tpi, tpi, tpi, zh-Hant

---

BH08013

રોગ નવિારણ

હે પ્રભુ, હે દીનદયાળ! તારા માયાળુ ઉપચારના ક્ષીરસાગરને નામે તારા કૃપાસૂર્યને નામે, સેવકોને નયિમનમાં રાખતા તારા નામે, તારી ઉદાત્ત વાણીના સર્વસ્પર્શી સામથ્ર્યને નામે, તારી પવત્રિતમ લેખનીને નામે, સ્વર્ગ અને પૃથ્વીના જીવ–અજીવ પદાર્થોના સર્જનથી પહેલાં પણ જે અસ્તત્વિમાં હતી તે દયાને નામે હું યાચના કરું છું, હે દીનાનાથ, તારી ઉદારતાના જળથી મને બધી જ યાતનાઓ અને અંધાધૂધીમાંથી મુકતિ પ્રદાન કર, મારી બધી જ દુર્બળતાઓ અને નર્િબળતાઓનો નાશ કર.

હે મારા સ્વામી, તું જુએ છે કે જે બારણે તું દાન આપે છે ત્યાં તારો ચાહક ઊભો છે એ તારી ઉદારતાનો પાલવ પકડીને તને પામવાની આશા સેવે છે. તારી દયાના સાગરમાંથી, પ્રેમ કરૂણાના સૂર્ય પાસેથી એ જે માગે છે તે એને તું કૃપા કરીને આપ. તું જે ધારે તે કરી શકે છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સદા ક્ષમાવાન, અત્યંત ઉદાર છે.

Also in: af, ar, ar, az, bi, bs, ca, ceb, co, da, de, en, eo, es, et, eu, fr, gil, hi, ht, id, is, it, ja, kj, kl, lv, med, med, mg, ne, nl, no, pl, pt, ro, ru, ta, ta, tl, tpi, tpi, tpi, zh-Hant

---

BH07721

માર્ગદર્શન–રક્ષણ

હે પરમેશ્વર, માર નાથ તારો જયઘોષ કરૂં છું! તારૂં નામ લેતાં તેં તારા માર્ગદર્શનના ધ્વજ લહેરાવ્યા અને તારી પ્રેમભીની કરુણાનો પ્રકાશ પાથર્યો તથા તારા સ્વામીત્વનું સાર્વભૌમત્વ પ્રગટ કર્યું, એજ નામનો ઉચ્ચાર કરીને હું તને પ્રાર્થના કરૂં છું. તારા લક્ષણોના સંકુલમાં પણ એ નામનો જ દપિક પ્રકાશે છે. એ નામ થકી જે તારા એકત્વનો શીતળ મંડપ અને અનાકતિનું રૂપ છે તે પ્રકાશ પામે છે; એ નામ લેતાં તારા માગદર્શનના રસ્તા જાણી શકાયા છે, પરમાનંદના માર્ગ અંકતિ થયા છે. એ નામ લેતા ભૂલોના પાયા હચમચી ઊઠયા છે. તથા દુષ્ટાના સંકેતો ભુંસાઈ ગયા છે; તારા એ નામમાંથી જ્ઞાનનાં ઝરણાં વહી નીકળ્યા છે અને સ્વર્ગીય વૃષ્ટ‌િથવિા માંડી છે. એ નામ દ્વારા તેં ચાકારોને આરોગ્ય બક્ષ્યું છે અને તારી જીવનદાયી શકતિમાં એમને ભરોસો બંધાવ્યો છે, એમના ઉપર કોમળ અનુગ્રહો વરસાવ્યા છે અને તારી પ્રાણીસૃષ્ટનિે આશીર્વાદરૂપે ક્ષમાનું દાન કર્યું છે; એ જ નામ મુખેથી ઉચ્ચારીને તને અરજ કરૂં છું કે જે દૃઢ રહ્યા છે અને તારી પાસે પાછા ફર્યા છે જે તારી દયાને આસરે છે અને તારી કૃપાના પાલવને પકડી રહ્યા છે એમના ઉપર તું સંજીવનીની વૃષ્ટ‌િ કિર અને તને સ્વીકાર્ય બને એવી એકાગ્રતા એમનામાં ભરી દે તથા તારી પ્રગાઢ શાંતનિા અમીવર્ષણથી એમને નવડાવી દે.

ખરેખર તું રોગનવિારક, રક્ષક, સહાયક, સર્વશકતિમાન સર્વસામથ્યવાન, ભવ્યોદાત્ત અને સર્વાન્તયામી છે.

Also in: af, bg, bs, ca, ch, da, de, el, en, ht, id, is, it, ja, ml, nl, no, pt, ro, ru, sk, th, zh-Hans, zh-Hant

---

BH07721

રોગ નવિારણ

હે જગન્નાથ, તારો મહમિા અપાર છે! એક નામે તારૂં સૌદર્ય તારા ધર્મસહિાસનને બરિજમાન છે તો એક નામ થકી તું બધામાં પરવિર્તન આણે છે અને બધાને એકઠા કરીને એમનો હસિાબ માગે છે તથા બદલો આપે છે, બધાને સાચવે છે, પાલન કરે છે. આ નામો દ્ધાર આ દાસીનું રક્ષણ કરવાની તને વનિંતી કરૂં છું. એ તારી પાસે આશરો લેવા આવી છે. જેનામાં તું વ્યકત થયો છે તેનું શરણું એણે લીધું છે. એ પુરેપુરી તારે ભરોસે છે.

હે માર ઈશ્વર, એ માંદી છે અને તારા આરોગ્યરૂપી વૃક્ષની છાયામાં પ્રવેશી છે; દુઃખી છે, અને તારા દ્વારા રક્ષતિ શહેરમાં

ભાગી આવી છે. એ રોગષ્ટિ છે, તારા કૃપાઝરણાની ખોજ કરે છે. ઘાયલ થઈ ગઈ છે, તારી પ્રશાંતિના કૂવામાં અમીજળની તરસી છે. એને માથે પાપનું પોટલુ છે અને તારા દરબારમાં ક્ષમાયાચના માટે આવી છે. હે મારા ઈશ્વર, મારા પ્રયિતમ! એને તારી સાર્વભૌમ સત્તા અને માયાળુ ભલાઈનાં વસ્ત્રો પહેરાવ. તારા મલમ અને જડીબુટ્ટીથી એને સારવાર આપીને તારી દયા અને દાનનો પ્યાલો પીવા સમર્થ બનાવ. વળી દરેક પ્રકારની વેદના, બીમારી, દુઃખ, માંદગી અને તું ઘૃણા કરતો હોય તેવી દરેક બાબત સામે એનું રક્ષણ કર.

તું, સાચે જ તારા પોતાના સવિાય બધાથી શ્રેષ્ઠ છે. તું, સાચે જ, રોગનવિારક, સ્વયંપર્યાપ્ત,

સંરક્ષક, સદા ક્ષમાવાન, પરમ દયાળુ છે.

Also in: af, bg, bs, ca, ch, da, de, el, en, ht, id, is, it, ja, ml, nl, no, pt, ro, ru, sk, th, zh-Hans, zh-Hant

---

BH04990

રોગ નવિારણ

તારૂં નામ મારું સ્વાસ્થય છે, હે પ્રભુ અને તારૂં સ્મરણ મારો ઈલાજ છે. તારી નકિટતા મારી આશા છે. તારા માટેનો પ્રેમ મારો સાથી છે. તારી દયા મારું આરોગ્ય છે અને આ લોક તથા પરલોકમાં મારૂં જીવનબળ છે. ખરેખર તું પરમ સમૃદ્ધીવાન, સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ છે.

Also in: af, ar, bg, ca, el, en, es, et, fa, fr, fy, ht, ht, hu, id, ik, it, it, ky, mg, ml, mt, nl, no, no, pl, pt, ro, ro, se, sq, sv, tet, tk, tvl, uk

---

## Humanity

AB11970

માર્ગદર્શન

હે કરૂણામય સ્વામી ! તું ઉદાર અને શકતિશાળી છે. અમે તારા દાસ છીએ. તારા વધિાન નીચે આશરો લઈ બેઠા છીએ. અમારા ઉપર કૃપા દૃષ્ટ કિર. અમારી આંખોને પ્રકાશ આપ, અમાર કાનને શ્રવણશકતિ આપ, અમારા હૃદયોને સમજણ અને પ્રેમથી તરબોળ કરી દે. તારા શુભ સમાચારોથી અમારા આત્માઓમાં આનંદ અને સુખ ભરી દે. હે નાથ ! અમને તારા દવ્યિ સામ્રાજયનો રસ્તો ચીંધી દે અને પવત્રિાત્માની પ્રાણફૂંકથી અમને બધાંને નવજીવન આપ. અમને શાશ્વત જીવનનું વરદાન દે અને અનંત સન્માનની નવાજેશ કર. માનવજાતને એક કર અને સમસ્ત જગતને પ્રકાશતિ કર. એવું વરદાન આપ કે, અમે સૌ તારા માર્ગે જ ચાલીએ, તારા જ આનંદને ઝંખીએ! તારા દવ્યિ સામ્રાજયના રહસ્યો જ ખોળીએ.

હે પ્રભુ ! અમને સંગઠતિ કર. અમારા હૃદયોને તારાં અવચ્છિેદ્ય બંધનોમાં જોડી દે. ખરેખર, તું દાતા, પરમ દયાળુ, સર્વશકતિમાન છે !

Also in: hy, id, ja, ja, mn, nl, sk, sk, sr, sr, ta, te, tk, tvl, uk, vi, zh-Hans

---

## Marriage

AB00054

કસોટીઓ અને સંકટો

હે મારા નાથ, પ્રભુ, તારો જય થાઓ! હે મારા સ્વામી, જે તને જોવા માગે છે પરંતુ હજુ તારાથી અલગ છે અને તારા દરબારથી દૂર છે તેમના નસિાસા તું સાંભળે છે. તને ઓળખનારા તારાથી દૂર છે તને મળવા ઝંખે છે એમનાં કલ્પાંતની સાક્ષી તું જ પુરે છે. એમનાં હૈયા તારા સ્મરણ અને કીર્તગિાનના ખજાના જેવાં છે અને એના દ્વારા તારી શકતિની જ પ્રતતિ થિાય છે. આવા લોકોને નામે હું તને પ્રાર્થના કરૂંછું, હે નાથ, કે આ તારા સેવકોને તારી ભવ્યતાના તેજપુંજના પ્રાગટયના આસન પાસે પહોચવાની એમને શકતિ આપ અને તારા ઉપર જ જેમનો મદાર હોય તેમને તારા પારગામી અનુગ્રહ અને કૃપા મંડપમાં પ્રવેશ કરવા દે.

હે મારા પ્રભુ, હું નગ્ન છું, મને તારી કોમળ દયાનું વસ્ત્ર પહેરાવ. હું ખૂબ તરસ્યો છું મને તારા અખૂટ અનુગ્રહસાગરમાંથી પાન કરવા દે. હું અજાણ્યો છું, તારા વરદાનોના મૂળ સુધી મને લઈ જા. હું માંદો છું, મારા ઉપર તારી કૃપાનાં આરોગ્યદાયક જળનો છંટકાવ કર. હું કેદી છું, તારી શકતિ અને ઈચ્છાના બળે મને બધનમાંથી છોડાવ, કે જેથી અનાસકતિની પાંખે ઊડીને તારી સૃષ્ટનિા ઉત્તુંગ શખિરો સુંધી પહોચી શકું. ખરેખર, તું જે ધારે તે કરે છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું જ સંકટમાં સાથી છે. તું સર્વાંશે ભવ્ય, અને નર્િબાધ છે.

Also in: lo, ro, sm

## Morning

BH02777RIS

પ્રાતઃકાળ

હે માર પ્રભુ, માર નાથ ! હું તારો દાસ છું, તારા દાસનો પુત્ર છું. હું તારા આદેશના ગ્રંથોમાં નર્દિષ્ટિ છે તે પ્રમાણે, આ પરોઢયિે, તારી ઈચ્છાના અરૂણોદયમાં, તારા અદ્ધૈતનો દવ્યિ તારી સમગ્ર સૃષ્ટિ ઉપર પોતાની આભા વેરે છે  ત્યારે મારી પથારીમાંથી ઉભો થાઉં છું. હે મારા પરમેશ્વર, તારા જ્ઞાનના પ્રકાશની છોળો ઊછાળે છે ત્યારે અમે જાગ્યા છીએ તે માટે સદાયે તારી સ્તુતિ કિરીએ. હે નાથ, હવે, અમારા પર એવું શકતિવર્ષણ કર કે જેથી અમે તારા સવિાયનાં સઘળાંનો ત્યાગ કરી શકીએ અને તારા પ્રત્યેના અનુરાગ સવિાયના સર્વ અનુરાગોથી અનાસક્ત થઈ શકીએ. વળી હે પરમાત્મા, મારા માટે અને મારા પ્રયિજનો તથા મારાં સગાંસંબંધીઓ માટે, સ્ત્રી–પુરુષ સૌને માટે, સમાન ભાવે એવું વધિાન કર કે અમને આ લોક અને પરલોકમાં જે કલ્યાણકારી છે તેની પ્રાપ્તિ થિાય. હે સમગ્ર સૃષ્ટીના પ્રયિતમ, હે સમગ્ર બ્રહ્માંડની પપિાસાના પ્રભુ, માણસોના હૃદયમાં કુટલિતા ભરનારા, જે દુષ્ટ વાતો કાનમાં કહેનારા છે તેમનાથી અમને તારું અચૂક રક્ષણ આપ. તું જે કરવા ધારે તે કરી શકે છે તું નસિંશય, શર્વશકતિમાન, સંકટનો સાથી, સવયંપૂર્ણ છે.

હે મારા નાથ, પ્રભુ જેને તેં તારાં સર્વોત્કૃષ્ટ નામાભધિાનો પ્રદાન કર્યાં છે અને જેના દ્વારા તેં દૈવી અને આસુરી વૃત્તિવાળા વચ્ચે ભેદ કર્યો છે તેને આશીર્વાદ આપ, અને તને જે પ્રયિ છે, જે તું ચાહે છે તેવું કરવામાં અમને સહાય કર. વળી હે મારા ઈશ્વર, જે તારા પવત્રિ શબ્દો અને પાવન અક્ષરો બન્યા છે, જે તારા તરફ અભમિુખ થયા છે, જેમણે તારા મુખારવદિં પર ચાતક દૃશ્ટી માંડી છે અને તારા આહ્વાનને સાંભળ્યું છે એમને પણ આશીર્વાદ આપ.

ખરેખર, તું સમગ્ર માનવજાતનો સ્વામી છે, સમ્રાટ છે, સમગ્ર સૃષ્ટિ પિર તારું આધપિત્ય છે.

Also in: ar, ca, da, es, is, it, pt

## Nearness to God

AB06012

સંરક્ષણ

એ કરૂણાસાગર છે! પૂરણ ઉદાર છે! હે  પ્રભુ, મારા પરમેશ્વર! તું મને જુએ છે; જાણે છે; તું મારો આશ્રય અને શરણું છે. તારા સવિાય બીજું કદીયે મેં માગ્યું નથી અને માગવાની ઈચ્છા પણ નથી; તારો પ્રેમપંથ છોડીને બીજા કોઈ માર્ગે  હું કદાપિ ચાલ્યો નથી કે ચાલવા માગતો પણ નથી. દુઃખની અંધારઘેરી રાતમાં મારી આંખો આસ્થા અને આશા ભરી નજરે તારી અનંત કૃપાના પ્રભાતની ક્ષતિજિમાં મંડાય છે અને અરુણોદય થતાં જ મારો ઊંઘરેટો આત્મા નવસ્ફૂર્તમિય રહે છે અને તારાં સૌંદર્ય અને પરપિૂર્ણતાને યાદ કરીને બળ પ્રાપ્ત કરે છે. તારી કૃપાની મહેરથી નાનુંસંરખુ ટીપું પણ એક અનંત નર્િબાધ સમુદ્ર બની રહશે, નાનો કણ પણ તારી પ્રેમકૃપાની છાલક લાગવાથી ચમકતા સતિારા જેમ પ્રકાશી ઊઠશે.

હે પાવક પરશિુદ્ધ, તારા રક્ષણમાં અમને આશ્રય આપ. તું સર્વસપદાવાન પાલક છે. આ તારો ઉત્સાહથી થનગનતો દાસ છે. એને આ જીવન સૃષ્ટમિાં  તરા પ્રેમમાં અવચિળ અને દૃઢ  રહેવામાં મદદ કર. આ તુટેલી પાંખવાળું પંખી સ્વર્ગીય વૃક્ષ પરના તારા દૈવી માળમાં આશરો લે તેની પરવાનગી આપ.

Also in: af, bg, bi, ca, da, de, el, en, eo, es, fa, fr, ht, is, it, ko, lg, lv, med, mn, ms, ne, nl, no, no, ny, pl, pt, ro, sk, sq, sv, tet, th, tl, tpi

## Praise and Gratitude

AB05498

પ્રશક્ષિણ

હે માર ઈશ્વર, તું બધી જ ભવ્યતા અને રાજસી ઓજ, મહાનતા અને આદર, સર્વોપરતિા અને સાવભૌમત્વ, ઉદાત્તતા અન કરૂણાના વસ્મિય અને સત્તાનો સ્ત્રોત છે. તારો જય હો ! તું જેમને ઈચ્છે તેમને તારા મહાસધિુની પાસે લઈ જાય છે. તું જેમને ઈચ્છે તેમને તારા મહાનતમ આદનિામને પછિાણવાનું માન આપે છે. પૃથ્વી અને સ્વર્ગમાં જે કંઈ છે તેમાંનું કશું પણ તારી સાર્વભૌમ ઈચ્છાના અમલ સામે ટકી શકે એમ નથી. તું અનંતકાળથી સમગ્ર ભૂતસૃષ્ટનિું નયિમન કરતો આવ્યો છે અને હંમેશાં કરતો રહીશ. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સર્વશકતિમાન, મહાનતમ, સર્વ સામર્થ્યવાન, સંપૂર્ણ પ્રજ્ઞાયુકત છે.

હે સ્વામી તારા સેવકોનાં મુખમંડળો પર પ્રકાશ ફેંક કે જેથી તેઓ તારામાં જ રત રહે. એમના હૃદયોની શુદ્ધકિર  કે જેથી તેઓ તારી સ્વર્ગીય કૃપાના દરબાર ભણી આવે અને જે તારા સ્વરૂપનો  આવર્ભિાવ છે જે તારા તત્વનું પ્રાગટયસ્થાન છે તેને ઓળખી શકે. ખરેખર તું જ સમગ્ર સૃષ્ટનિો સ્વામી છે.

તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું બંધનોથી પર છે, તું સૌનો નચિંતા છે.

Also in: de, hi, ko, mi, sm, ta, ur, vi, zh-Hans, zh-Hant

## Protection

AB07759

સંરક્ષણ

હે મારા નાથ ! તને ખબર છે કે લોકો દુ:ખ અને આફતથી ઘેરાયેલા છે. કઠણાઈઓ, મુશ્કેલીઓ એમની ચેપાસ ફેલાયેલી છે. કસોટી અને કપરી આફત માણસ ઉપર એક સાપની જેમ હુમલા કરે છે. એની પાસે તારા રક્ષણ, જતન, તકેદારી અને સુરક્ષા સવિાય બીજું કોઈ આશ્વાસન નથી, શરણ નથી.

હે દયાળુ, હે મારા સ્વામી! તારું રક્ષણ મારું શસ્ત્રગાર બનો, તારું જતન મારી ઢાલ બનો. તારા એકત્વના દરવાજે મારી વનિમ્રતા મારી રખેવાળ બનો અને તારી સુરક્ષા અને સંરક્ષણ મારો ગઢ, મારું ઘર બનો. મારા અહં અને લાલસાઓના આવેશથી મને બચાવ. દરેક જાતની માંદગી, કસોટીઓ, મુશ્કેલીઓ અને આફત સામે મારી રખેવાળી કર.

ખરેખર તુંજ રક્ષક, સંરક્ષક, દાતા છે. ખરેખર તું અતદિયાવાનોમાં પણ દયાવાન છે.

Also in: af, az, bg, ca, ceb, ceb, ceb, da, de, el, en, eo, es, fi, fr, ht, hu, hy, iba, is, it, kl, kn, ky, lb, lg, lo, mg, ml, ne, nl, ny, pl, ro, ru, sm, sq, sr, st, tl, tvl, uk

## Ridván

AB00048

સભાઓ

એ જ છે પરમેશ્વર !

હે સ્વામી, મારા ઈશ્વર, મારા પ્રાણેશ્વર! આ તારા સેવકો છે. એમણે તારો દવ્યિ સંદેશ સાંભળ્યો છે. તારી પાવન વાણી એમને કાને પડી છે અને તારી હાકલ સાંભળીને તેઓ ઊઠયા છે. એમણે તારામાં શ્રદ્ધા રાખી છે, તારા અદ્ભૂત સ્વરૂપના એ સાક્ષી છે. તારી સાબતિીઓને એમણે માની છે. તારા વર્શિના પુરાવાઓ સાચા છે. એવું એમણે કહ્યું છે તેઓ તરે માર્ગ ચલ્યા છે. તારા પથપ્રદર્શનનું અનુસરણ કર્યું છે. એમણે તારાં રહસ્યો ખોળી કાઢયાં છે, અને તારા પવતિ્ર ગ્રંથના ગોપતિાર્થો,

તારા આખ્યાનનાં કાવ્યો, તારા ઉદ્ગારો અને પત્રીઓને તેઓ બરાબર સમજયાં છે. તારી જયોતિ અને ભવ્યતાના ઉપવસ્ત્રનો છેડો એમણે પકડી લીધો છે. તારી સંવદિામાં એમનાં કદમો દ્ઢતાથી મંડાય છે. તારા પાવન આદેશપત્ર વશેિ એમનાં હૃદયોએ દ્ઢતા ધારણ કરી છે. નાથ! એમનાં હૈયામાં તારા દવ્યિ આકર્ષણની જયોત જગાવી દે. તથા પ્રેમ અને સમજણના પક્ષીને એમના હૃદયોમાં ગીત ગાતું કરી દે. તેઓ તારી પવત્રિ વાણી જેવા જ સચોટ સંકેત, ભવ્ય ધ્વજ અને પરપિૂર્ણ બને એવા આશીર્વાદ આપ. એમના મારફતે તારા ધર્મનું ઉત્થાન કર. તારી યશપતાકાઓ ફરકાવ અને દૂરસુદૂર તારી ભવ્યતાનો પ્રસાર કરાવ. એમના મારફતે તારા મહાન ધર્મને વજિયી બનાવ. તારા પ્રયિજિનોની પીઠ મજબૂત કર. તારા નામનો મહમિા ગાવામાં એમની જીભને નરિંકુશ બનાવી દે. તારી પવત્રિ ઇચ્છા અને આનંદ સદ્ધિ કરવામાં એમને પ્રેરણા આપ. તારા પવત્રિ સામ્રાજયમાં એમના મુખમંડળ પર દીપતિ રેખાઓ અંકતિ કરી દે અને તારા ધર્મના વજિય માટે તત્પર થવામાં એમને મદદ કરીને એમના આનંદમાં વૃદ્ધકિર.

હે જગતના નાથ ! અમે અશકત છીએ, તારી પવત્રિતાની કસ્તુરીની સુવાસ ફેલાવવા માટે એમને સશકત બનાવ. અમે નર્ધિન છીએ, તારા દૈવી એકત્વના રાશમિાંથી અમને ધનસંપન્ન બનાવ. અમે નગ્ન છીએ, અમને તારી વપિુલતાનાં વસ્ત્રો પહેરાવ. અમે પાપી છીએ, કરુણા, અનુગ્રહ અને ઉદારતાથી અમને ક્ષમા કર. તું ખરેખર સહાયક, મદદગાર, કરુણામય, શકતિવાન અને સમર્થ છે. જે દ્રઢ અને અડીખમ રહે એમને ભવ્યતાઓની ભવ્યતા પ્રાપ્ત થાય છે.

Also in: en, et, fi, fr, gil, hi, hi, hz, lb, mi, pt, sk, ta, te, tvl, uk, zh-Hans, zh-Hant

## Spiritual Growth

BH05543

આધ્યાત્મકિ વકિાસ

હે મારા ઈશ્વર, મારી ભકતિના આધાર, મારા રાજા, મારી અભલિાષા ! તારો આભાર માની શકે એવી જહ્વિવા જ મારી પાસે કયા છે ! હું તો બેભાન હતો તેં મને જગાડયો. મેં તો તારા ભણી પીઠ વાળી દીધી હતી; તેં જ દયા કરીને તારા તરફ જોવામાં મને મદદ કરી. હું તો મરેલા જેવો જ હતો; તેં જ જીવન જળ પાઇને મારામાં પ્રાણ પૂર્યાં. હુ તો કરમાઇ ગયો હતો; તેં જ તારા પૂર્ણ કરૂણામય સ્વરૂપની કલમેથી પ્રગટેલાં તારાં સુવચનોના સ્વર્ગીય પ્રવાહથી મને નવપલ્લવતિ કર્યો.

હે દૈવી વધિાતા! સમગ્ર અસ્તત્વિ તારા જ ઔદાર્યની દેન છે. તારી ઉદારતાના જળથી એને વંચતિ ન કર.

તારા દયાસધિુથી એને દૂર ન રાખ. હું તને હંમેશા, કોઈપણ સ્થતિીમાં મારો મદદગાર અને સહાયક બનવા વનિવું છું. તારી કૃપાના સ્વર્ગમાંથી મળે એવા તારા પુરાણપ્રસદ્વિ અનુગ્રહોની ભીખ માગું છું. ખરેખર, તું ઔદાર્યનો સ્વામી અને શાશ્વતીના સામ્રજયનો સાર્વભૌમ શાસક છે.

Also in: az, bg, bs, ca, da, de, en, es, gil, gil, hi, ht, hy, is, ky, ky, mg, nl, pt, sne, ta, tk, tvl, tvl

BH08594

આધ્યાત્મકિ વકિાસ

હે પરમેશ્વર, તારો જયજયકાર કરૂં ! તારા જ બનાવેલા કેટલાક જીવો તારા સત્યનો ઈન્કાર કરે છે. એમણે વરસાવેલી આકરી યાતનાઓ અને અવર્ણનીય દુઃખોનો ભોગ બનેલા તારા મહાનતમ નામના તને સોગંદ આપીને કહું છું કે તું મારા પર એવી  કૃપા કર કે જેથી હું હમેશાં તારું સ્મરણ અને સ્તુતગિાન કરું. આજે જયારે બધાં તારા સૌદર્યથી વમિુખ થયા છે અને તારા વશિે શંકાઓ દર્શાવે છે, તારા મહાન ધર્મ સંસ્થાપક તરફ તરિસ્કારપુર્વક પીઠ કરી છે ત્યારે પણ હું તારા જ ગુણ ગાતો રહું. હે મારા નાથ, તને સહાય કરી શકે એવું તારા સવિાય બીજું કોઇ નથી; તારા સામર્થ્યની તુલનામાં આવે એવું તારા પોતાના સામર્થ્ય સવિાય બીજું કંઇ નથી.

હું તારા પ્રેમમાં મગ્ન રહું, તારૂં સ્મરણ  દ્રઢ બનીને કરતો રહું તેટલું બળ મને આપ. ખરેખર, એ હું કરી શકું તેમ છું અને મારી અંદર જે  કંઇ છે તે બધુ જાણનારો તું જ છે. ખરેખર, તું બધુ જાણે છે, બધાથી વાકેફ છે. હે પ્રભુ તારા મુખચંદ્રની આભાથી મને વંચતિ ન કર. એના થકી જ સમગ્ર વશ્વિ પ્રકાશે છે. તારા સવિાય બીજો કોઇ ઈશ્વર નથી. તું સર્વશ્રેષ્ઠ

શકતિશાળી, સર્વદા કરૂણાવાન અને સર્વથા ક્ષમાવાન છે.

Also in: af, da, en, fr, ho, iba, id, is, ml, no, pt, ro, ro, tvl

---

BH04744

આધ્યાત્મકિ વકિાસ

બોલો  ઈશ્વર સચરાચરમાં છે. સ્વર્ગમાં કે પુથ્વીમાં એવો એક પણ કણ નથી કે જેમાં ભગવાનનો વાસ ન હોય ખરેખર એ પોતે જ જ્ઞાતા, પાલક અને સર્વશકતિમાન છે.

Also in: en, eo, gil, gil, hu, ms, sne, ta, tvl, tvl, zh-Hant

---

BH04421HEA

આધ્યાત્મકિ વકિાસ

હે ભગવાન,મારા આત્માને નવસ્ફૂરતિ અને હષર્લ્લાસથી ભરી દે. મારા અંતઃકરણને શુદ્ધ કરી દે. મારા મનને આલોકતિ કરી દે. હું મારા સઘળાં કાર્યો તારા જ કરકમળોમાં સુપ્રત કરુ છું તું મારો પથદર્શક છે, મારો આશ્રય છે. હવેથી હું દુઃખી અને ઉદાસ નહરિહું, હું સુખી અને આનંદતિ રહીશ. હે પ્રભુ! હું હવે થી ચતિામગ્ન નહરિહું, કષ્ટોથી મુજાઈ નહજિાઉં, હું જીવનની અપ્રિય વાતો પર મારું મન લગાવીશ નહિ. હે પરમાત્માં! તું મારા પોતાના કરતાં પણ વધારે મારો મત્રિ છે. હે નાથ, હું મારી જાત તને    સમર્પણ કરું છું.

Also in: af, az, be, bg, bn, bs, ca, cnr, co, cs, da, de, diu, el, en, eo, eo, es, et, fj, fr, fy, gil, ha, hr, ht, hu, hz, iba, iba, is, it, kj, ky, ky, lg, lt, mg, ml, mt, ne, nl, pl, pt, ro, ru, se, se, sm, sne, sne, sq, st, sv, ta, ta, tet, tet, tl, tvl, tvl, tvl

---

BH06296

આધ્યાત્મકિ વકિાસ

હે તાત, તારી નકિટતામાં રહેવાના મારા ઓરતા છે. તારા સાક્ષત્કારની મને આશા છે. તારૂં નામ જપતા રહેવાની મારી ઈચ્છા છે. તારા મહમિામય દરબારમાં પહોચવાનો મારો ઉદ્દેશ છે. તારૂં ધામ મારૂં લક્ષ્યસ્થાન છે. તારૂં નામ મારું આરોગ્ય છે. તારો પ્રેમ મારા હૈયાને અજવાળે છે. મારી મહેચ્છા એક જ છે, તારી સેવા કરૂં! હે કૃપાસાગર, જે ભકતોએ તારૂં નામ લીધું તેમને તેં જ્ઞાનનાં ઊંચામાં ઊંચા શખિરોને આંબવામાં મદદ કરી અને તારા પવત્રિ અનુગ્રહોના દરબારમાં શ્રદ્ધાપૂર્વક તારી પૂજા કરવા દીધી, એજ નામ હું ઉચ્ચારું છું. મને પણ મદદ કર અને મને તારું મુખારવદિ જોવા દે, તારી આંખમાં મારી આંખ મલિાવવા દે, તારા ગુણ ગાવા દે.

હે નાથ, હું તો તારા સવિાય બધું ભૂલી ગયો છું તારી કૃપાના પાવન ઝરણા તરફ મેં ડગ માંડયાં છે.

તારા દરબારમાં પહોચવાની આશાએ તારા સવિાયનું સઘળું છોડી ચૂકયો છું. તો હે દીનબંધુ, મારી આંખો તારા મુખમંડળના ઓજસથી દીપી ઊઠેલા તારા સહિાસન પર મંડાયેલી હોય ત્યારે મને ગ્રહણ કરી લે. હે મારા વલ્લભ, પછી, દ્રોહીઓ મને તારા તરફ જતાં રોકી ન શકે તે માટે તારા દ્વારા પ્રબોધતિ ધર્મમાં અચળ રહી શકું એવી શકતિનું મારા ઉપર વર્ષણ કર. તુંજ ખરેખર સર્વસામર્થવાન, સંકટવમિોચન, કીર્તવિંત અને સર્વશકતિમાન પરમાત્મા છે.

Also in: af, az, bg, ca, cy, da, de, el, en, es, et, fi, fj, fr, gil, gil, ht, hu, is, it, ko, ky, mg, nl, no, pl, pt, ro, ru, se, sm, sm, sv, ta, ta, ta, tk, tl, tvl, tvl, tvl, tvl, uk

---

BH03562

આધ્યાત્મકિ વકિાસ

હે પરમ કૃપાળુ, તારું મુખારવદિ મારી ભકતિનું લક્ષ્ય છે, તારૂં સૌદર્ય મારૂં અભયસ્થાન છે તારું મંગળવધિાન મારૂં ધ્યેય છે, તારી સ્તુતમિારી આશા છે, તારા યમનયિમ મારા સાથી છે, તારો પ્રેમ એ મારા અસ્તિત્વનું કારણ છે, તારા નામનો ઉચ્ચાર મારૂં આશ્વાસન છે, તારૂં સાન્નિધ્ય મારી ઈચ્છા છે, તારી ઉપસ્થતિ મારી પ્રયિતમ આકાંક્ષા અને સર્વોત્કૃષ્ટ મહત્વાકાંક્ષા છે. હું તને વીનવું છું, હે નાથ, તારા પસંદ કરેલા દાસો માટે તેં જે નકકી કર્યું છે તેનાથી મને વંચતિ ન કર. મને આ લોક અને પરલોકમાં જે શ્રેષ્ઠતમ છે તે પ્રદાન કર.

તું ખરેખર જ, સર્વ મનુષ્યનો રાજા છે. તારા સવિાય બીજો કોઇ ઇશ્વર નથી. તું સદા ક્ષમાવાન અને અતઉિદાર છે.

Also in: af, ar, az, bg, ca, da, de, el, en, fi, hu, is, it, ja, kl, lv, mn, mt, nl, pl, pt, ro, ru, se, sne, tk, tl, tvl

BH07426

આધ્યાત્મિક વિકાસ

હે મારા સ્વામી, તારા સૌંદર્યને મારો આહાર બનાવ, તારી ઉપસ્થિતિને મારું જીવનજળ બનાવ.

તારાં આનંદને મારી આશા, તારા સ્મરણને મારો સાથી, તારા સાર્વભૌમ સામર્થ્યને મારો સહાયક બનાવ. હે નાથ, તારા ધામને મારૂં ઘર બનાવી દે, મારા ઘરને તારૂં એવું આસન બનાવી દે કે જેને તેં તારાથી એક પડદા દ્વારા દૂર રહેતા હોય એમના ઉપર નિષેધો લગાડીને પવિત્ર બનાવ્યું હોય.

તું ખરેખર સર્વશક્તિમાન, પૂર્ણ ગરિમામય અને પૂર્ણ સામર્થ્યવાન છે.

Also in: ceb, fi, hi, iba, ja, mi, ms, ne, no, ny, sm, sq, tet, th, tvl, ur, vi, zh-Hans

## Steadfastness

AB00007

એકતા

હે પ્રભુ, માનવજાત પ્રત્યેના તારા પ્રેમની અભિવ્યક્તિ માટે તારો જયનાદ થાઓ! હે ઇશ્વર, તું અમારા માટે તારો જયનાથ થાઓ! હે ઇશ્વર, તું  અમારા માટે  જીવન અને પ્રકાશ છે. તારા સેવકોને તારા પ્રેમાળ પંથે દોરી જા અને સમુદ્વ બનાવ. તારા સિવાયના બીજા બધાં જ બંધનોમાંથી અમને મુક્તિ આપાવ.

હે ઇશ્વર, અમને તારા અદ્વૈતનો ઉપદેશ આપ અને અમને તારા એકત્વની ઝાંખી કરાવ કે જેથી અમે તારા સિવય બીજું કશું જોઇ ન શકીએ. તું દયાળુ અને વરદાતા છે!

હે ભગવાન, તારા પ્રેમીઓનાં હૃદયોમાં પ્રેમની જવાળાઓ પ્રગટાવ કે જેથી એમાં તારા સિવાયનું બાકી બીજું બધું ભસ્મીભૂત થઇ જાય.

હે પ્રભુ, અમને તારી અનર્ગળ અનંતતાને સાક્ષાત્કાર કરાવ. તું હંમેશા અનંત રહ્યો છે અને રહેશે. અમને પ્રતિતિ કિરાવ કે તારા સિવાય બીજો કોઇ ઇશ્વર નથી. સાચે જ, માત્ર તારામાંથી અમને શાતા અને બળ પ્રાપ્ત થશે.

Also in: haw, ml, th, th

## Tablet of Ahmad

BH02022

અહમદની પત્રી

એ સમ્રાટ છે સર્વજ્ઞ છે, પ્રજ્ઞાનિધિ છે.

જુઓ, સ્વર્ગનું બુલબુલ અમરત્વના વૃક્ષની ડાળી પર બેઠું પવિત્ર મીઠડાં ગીત ગાય છે, ભક્ત જનોને ઇશ્વરના સાનિધ્યના શુભ સમાચારની ઘોષણા કરી રહેલ છે, દૈવી એકતામાં શ્રદ્ધા રાખનારાઓની પરમ ઉદારતાના દરબાર સમક્ષ ઉપસ્થિતિ થવાનું આમંત્રણ આપી રહેલ છે, જે વિખુટા પડી ગયા છે તેમને માટે સર્વાધિપતિ, મહાન કીર્તિવિત, અજોડ પરમાત્માએ પ્રગટ કરેલા સંદેશના સમચાર સંભળાવી રહેલ છે અને પ્રેમીજનોને પવિત્રતા અને અભૂતપૂર્વ સૌદર્યના આ ધામ સુધી પહોચવાનું માર્ગદર્શન કરી રહેલ છે.

નિસંશય, તે છે આ મહાનતમ સૌદર્ય જેની આગાહી ઇશ્વરના સંદેશવાહકોના ગ્રંથોમાં કરાઇ એના દ્વારા સત્ય અસત્યથી અલગ તરી આવશે અને પ્રત્યેક આદેશની પાછળ રહેલા શાણપણની કસોટી થશે. નિઃસંદેહ, એ જ છે દિવ્ય જીવનવૃક્ષ, જે મહાન સમર્થ, ઉદાત્ત ઇશ્વરે આપેલાં ફળો ધારણ કરે છે.

હે અહમદ ! એ વાતનો સાક્ષી બન કે એ જ ઇશ્વર છે અને એના સિવાય બીજો કોઇ ઇશ્વર નથી. એ જ સમ્રાટ,રક્ષક, અતુલનિય અને સર્વવ્યાપી છે, અને તેણે  જે ‘અલી’ *(બાબ)ના નામે મોકલ્યા હતા તે ખરેખર ઇશ્વર તરફથી જ આવ્યા

હતા અને એના જ આદેશોનું આપણે સૌ પાલન કરીએ છીએ.  કહી દોઃ હે લોકો, પ્રતિભાવાન, જ્ઞાનમૂર્તિ પરમાત્માના જે આદેશો બયાનમાં અંકિત છે તેનું પાલન કરો. નિઃસંશય એ જ છે ઇશ્વરીય દૂતોમાં સમ્રાટ અને એનો ગ્રંથ જ બધા ગ્રંથોનો માતૃગ્રંથ છે. ખરેખર, તું આ સમજી શકે !

આ કારાગૃહમાંથી દિવ્ય બુલબુલ તને આવું આહ્વાન આપે છે. તેણે તો આ સ્પષ્ટ સંદેશ સંભળાવવાનો છે જેની ઇચ્છા એની સલાહ ન માનવી હોય તેને તેનાથી અલગ થવા દો અને જેવી ઇચ્છા હોય તે પોતાના પરમેશ્વરનો માર્ગ ગ્રહણ કરે.

હે લાકો, તમે આ મંત્રોનો અસ્વીકાર કરતા હો તો તમે ઈશ્વરમાં આસ્થા રાખો છો તેનો બીજો કયો પુરાવો તમારી પાસે છે? એ રજુ કરો , હે મિથ્થિયાચારીઓના સમુદાય.

ના, જેના હાથમાં મારો આત્મા સુરક્ષિત છે એ પરમાત્માના સોગંધ આ લોકો કદાપિ આવું નહી કરી શકે, ભલે ને તેઓ એકબીજાને મદદ કરવા એકઠા મળે.

હે અહમદ! મારી ગેરહાજરીમાં મારી કૃપાના પ્રતાપને વિસારે ન પાડી દેતો અને આ દુર્ગમ કારાવાસ, મારા દેશવટાને તથા મારી વિપત્તિઓને યાદ કરતો રહજે. અને મારા પ્રત્યેના પ્રેમમાં એવો તો અવિચળ બનજે કે ભલે ને, તારા ઉપર દુશ્મનોની તલવારો ઝીંકાતી રહે અને આભજમીનનું સઘળું તારા વિરોધ માટે તત્પર થાય તો પણ તારું હૃદય વિચલિત ન થાય.

મારા શત્રુઓ માટે તું અગ્નજિવાળા બની રહે, અને મારા પ્રેમીઓ માટે અનંત જીવનસરિતા વની રહે, તથા કદીયે સંશયાત્મા ન બનજે. અને મારા માર્ગમાં તારી સામે વિપત્તિઓ આવે, મારા ખાતર તારું માનભંગ થાયતો પણ તું એનાથી વ્યથિત ન થતો.

ઈશ્વર ઉપર, તાર ઈશ્વર ઉપર અને તારા પૂર્વજોના સ્વામી ઉપર વિશ્વાસ રાખ કારણ કે, લોકો ભ્રમના માર્ગે ભટકી ગયા છે, તથા ઈશ્વરને પોતાની આંખે જોવાની એના મધુર સૂર પોતાના કાને સાંભળવાની એમની વિવેક શક્તિનો લોપ થયો છે. તું પણ સાક્ષી છે કે અમે એ લોકોને આવી અવદશામાં જોયા છે.

એમના અંધવિશ્વાસો એમના પોતાના તથા એમનાં અંતઃકરણો વચ્ચેના પડળ જેવા બની રહ્યા છે અને તેથી તેઓ ઉદાત્ત અને મહાન ઈશ્વરના માર્ગથી દૂર રહ્યા છે.

તું અંતઃકરણથી નિશ્ચયપૂર્વક એમ માનજે કે નિસંશય  જે આ પરમ સૌદર્યથી વિમુખ થાય છે તે ભૂતકાળના સંદેશાવાહકોથી પણ વિમુખ થાય છે અને અનંતકાળથી અનંતકાળ સુંધી ઘમંડ દાખવે છે.  હે અહમદ, આ પત્રીનો તું ધ્યાનપૂર્વક અભ્યાસ કર. જીવનભર એનો મધુર સ્વરથી પાઠ કર અને એનાથી વિમુખ ન થા, કારણ કે, નિઃસંદેહ, પરમાત્માએ આ પત્રીનો પાઠ કરનારને અકસો શહીદોનું કર્મફળ તથા ઇહલોક અને પરલોક  બન્નેમાં સેવા કરવાનું પારિતોષિત નિર્ધારિત કરેલ છે. આ બધી પ્રેમ ભરી કૃપાઓ અમે અમારા પોતાના તરફથી એક ઉદારતા તથા દયારૂપે તને પ્રદાન કરી છે જેથી તું અમને કૃતજ્ઞ રહે.

ઈશ્વરના સોગંદ! જે કોઈ વિપત્તિઅને શોકમાં હોય તે જો સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક આ પત્રીનો પાઠ કરશે તો ઈશ્વર એનું દુઃખ દૂર કરશે, એની મુશ્કેલીઓનું નિરાકરણ કરશે, એની વિપત્તિઓ દૂર કરશે.

નિઃસંશય, એ પરમદયાળુ, કરૂણાસિંધુ છે. સર્વ લોકના સ્વામી ઈશ્વરનો સદા જયજયકાર હો.

Also in: af, ar, az, bg, bi, bn, bs, ca, da, de, el, el, en, eo, fa, fi, fj, fo, fr, gil, ha, ht, hu, hy, id, is, it, kl, lg, lv, mg, mr, mt, nal, naq, ne, nl, no, pl, pt, ro, ru, sk, sne, sq, sr, sv, ta, tk, tl, tvl, ur, vi

## Teaching

BH08242

પ્રશિક્ષણ

તારા સામર્થ્ય આગળ બધાજ પવિત્ર જનોએ પોતાની અસહાયતા પ્રગટ કરી છે અને દરેક ઇશ્વરીય દૂતે તારી સર્વગ્રાહી ભવ્યતાના સ્ત્રોત સામે પોતાની પામરતા કબૂલ કરી છે. હે ઈશ્વર, તારાં જયગાન થાઓ! તારા જે નામથી સ્વર્ગના દ્વાર ખુલ્યા છે અને ઉત્તમ સ્વર્ગભૂમિના નિવાસીઓ આનંદસમાધિમાં ગરક થઇ ગયા છે તે નામનું આજે હું રટણ કરૂં છું અને તને પ્રાર્થના કરું છું કે આ યુગમાં હું તારી સેવા કરી શકું અને તારા પવિત્ર ગ્રંથમાં તેં જે નિર્દેશ આપ્યા છે તેનું પાલન કરી શકું એવું બળ આપ. હે મારા નાથ, તું જાણે છે કે મારામાં શું છે, પણ હું નથી જાણતો કે તારામાં શું છે તું સર્વજ્ઞ, અંતર્યામી છે.

Also in: am, az, bg, bn, ca, de, el, el, en, eo, fr, ha, iba, is, ne, nl, pl, pt, ro, sne, sne, sr, tet, tk, tl, tvl

AB05167
પ્રશિક્ષણ

હે પરમાત્મા ! હે પ્રભુ તું જુએ છે કે, તારાં પ્રાણીઓની સામે હું નબળો, દીન અને વિનિમ્ર છું છતાં પણ તારી શક્તિ અને સામર્થ્યમાં વિશ્વાસ તથા પૂર્ણ આસ્થા રાખીને તારા સબળ સેવકોમાં તારા ઉપદેશનો પ્રચાર કરવા હું ઉઠયો છું.

હે નાથ, હું તો કપાયેલી પાંખવાળુ પક્ષી છું પરંતું તારા અનંત આકાશને આંબવા ઈચ્છું છું. તારી અનુકંપા અને દયા વિના, તારી સંમતિ અને સહાય વિના, એ બની જ કેમ શકે?

હે સ્વામી, મારી નબળાઈની દયા ખાઈને મને તારા સામર્થ્યથી સશક્ત બનાવ ! હે સ્વામી, મારી નિર્વિયિતા  પર દયા લાવીને તારી શક્તિ અને રાજસિક ગૌરવથી મને મદદ કર !

હે પાલક ! તારી પવિત્ર પ્રાણફૂંકથી તો નબળામાં નબળો જીવ પણ માગ્યું મેળવી શકે છે, ધારે તેનો માલિક બની શકે છે. ખરેખર, આ પહેલાં તેં તારા સેવકોને મદદ કરી છે; તેઓ પણ તારી સૃષ્ટિમાં સૌથી નબળા હતા, લોકોમાં સૌથી હીન હતા અને એ વખતના જગતના રહેવાસીઓમાં  તદ્દન પામર હતા; પરંતુ તારી કૃપા અને શક્તિ થકી માનવજાતમાં જે સૌથી ભવ્ય અને સૌથી ઉત્તમ હતા એમનાથી પણ એ આગળ વધી ગયા. ક્ષુદ્ર જંતુમાંથી રાજસી બાજ બની ગયા, ખાબોચિયામાંથી સમુદ્ર બની ગયા. એ બધું તારા જ વરદાન અને તારી જ દયાને પ્રતાપે થયું. તારી મહાકૃપાથી તેઓ પથપ્રદર્શનના ક્ષિતિજે ચમકતા તારા, અમરત્વના નંદનવનમાં કૂજન કરતાં પક્ષી, જ્ઞાન તથા શાણપણનાં વનોમાં ગર્જના કરતા વનરાજ તથા જીવનસાગરમાં તરતા મહામચ્છ જેવા બની ગયા.

ખરેખર તું દયાળુ છે. સમર્થ અને શક્તિશાળી છે. કૃપાળુઓમાં અત્યંત કૃપાળુ છે.

Also in: az, bi, bn, bs, ca, de, el, en, es, fa, fj, ms, nl, pl, sl, sne, sq, ta, tvl, vi

## Tests and Difficulties

BH08846
કસોટીઓ અને સંકટો

હે મારા પ્રભુ, તારૂં નામ ચોગરદમ ફેલાય ! મારી આંખો તારી દયાના ચમત્કારો જોવા તલસે છે, એને તું તૃપ્ત કર મારા કાન તારા મધુર ગીતો સાંભળવા આતુર છે, એને તું તૃપ્ત કર. મારૂં હૈયું તારા જ્ઞાનના જીવનજળને ઝંખે છે, એને તું ઝકડી રાખ. હે મારા નાથ, આ તારી દાસી તારા કૃપા પ્રસાદ સામે ઊભી છે અને તારૂં નામ લઈને પોકારે છે. આ નામ તેં તારાં અનેક નામોમાંથી પસંદ કયું છે અને સ્વર્ગ અને પુથ્વીના ભૂતમાત્રને આપ્યું છે. તારી દાસીમાં એવા તો કરૂણાથી મઘમઘતા શ્વાસ ફૂંક કે એ પોતાની જાતનેય ભૂલી જાય અને તારા વદનકમળની આભાથી ચમકતા, તારી સાર્વભૌમ સત્તાનો પ્રકાશ પાથરતા તારા રાજસિંહાસન ભણી ખેંચાઈ આવે. તું જે ધારે તે કરી શકે છે. તારા સિવાય કોઈ ઈશ્વર નથી તું પરમ દીપ્તિમાન, પરમ ઉદાર છે.

હે માર સ્વામી, મારી અરજ સાંભળ, તને જે શોધે છે તેમને જાકારો ન આપ. તારા તરફ ડગ માંડનારા પરથી વંચિત નરાખ. હે મારા નાથ, તું તો પોતાને દયાનો દેવતા, પરમ કરુણાસિંધુ તરીકે ખપાવે છે તો પછી, તારું શરણું શોધતી, તારા મોઢા પર આશાની મીટ માંડી બેઠેલી આ દાસીઓ પર કૃપા કર.

ખરેખર તું સદા ક્ષમાવાન, પરમ કરૂણામય છે.

Also in: af, bg, en, es, fi, fr, ha, hi, hr, iba, it, ja, ml, ms, ne, nl, ro, sk, sm, sv, sw, tl, uk, zh-Hans, zh-Hant

BB00623
આધ્યાત્મિક વિકાસ

શું પરમાત્મા સિવાય સંકટોને દૂર કરનાર અન્ય કોઈ છે ? કહી દોઃ એક માત્ર પરમાત્મા જ સ્તુત્ય છે! તે જ છે પરમાત્મા! સર્વ તેનાં સેવકો છે, અને તેની જ આજ્ઞાના બંધનમાં છે!

Also in: ar, az, be, bg, bla, bla, bn, bn, bs, ca, ch, chn, cnr, co, cs, cy, da, de, dgz, dih, diu, el, en, es, eu, fi, fj, fo, fr, fy, ga, gil, ha, haw, hi, ho, hr, hu, hy, hz, iba, iba, id, ik, is, it, ja, kgf, kiw, kl, km, kn, kn, ko, ksd, ky, lb, lkt, lkt, lo, lv, meu, mg, mh, mi, ml, mn, moh, moh, moh, mr, ms, nal, ne, ne, no, nv, nv, ny, one, pap, pl, pt, ro, ru, se, se, sk, sl, sm, sne, sq, srn, st, sv, sw, ta, ta, ta, th, tk, tl, tpi, tvl, uk, wam, zh-Hans

---

AB00034

પ્રાતઃકાળ

હે મારા પ્રભુ હું તારી નશ્રિામાં જાગ્યો છું એ આશ્રય જે ઝંખતા હોય એમણે તારા રક્ષણના અભયસ્થાન અને તારા સંરક્ષણના કલ્લિામાં રહેવાનું હોય છે. હે નાથ, જેમ તું મારા બાહ્ય અસત્તિત્વને તારા અનુગ્રહની ઉષાના પ્રકાશથી અજવાળે છે તે જ રીતે મારા અંતરતમને પણ તારા ધર્મના જ્ઞાનોદયથી પ્રકાશતિ કર.

Also in: en, iba, it, ja, lo, mr, ms, tpi, zh-Hant

---

AB05418

સ્તુત–િઆભાર

હે મારા નાથ, મારા પ્રભુ, તારાં યશોગાન ગવાય ! તારૂં ધામ એટલું ઊંચે આવેલું છે અને તારી શકતિ એટલી તો અમાપ છે કે તારા નામનો જાપ કરવા માગું છું ત્યારે એમાં અંતરાય આવે છે, કારણ કે તારા આખા સામ્રરાજયમા પ્રસરે તેટલાં તારા યશોગાન કરૂં તો પણ મને જણાઇ આવશે કે તારી પ્રશંસા માટે મેં ઉચ્ચારેલા શબ્દો ફકત મારા જેવા જ માણસોને લાગુ પડતા હશે, જે પોતે પણ તારા જ બનાવેલા છે અને જે તારા આદેશના સામર્થ્યથી સર્જાયા છે તથા તારી ઈચ્છા શકતિથી એકનો મહમિાં આલેખવા બેસે છે ત્યારે એ આલેખન તારા સ્વરૂપથી કેટલું ઊચું છે તે વશિે મારી કલમનું કલ્પાંત હું સાંભળી સમજી શકું છું હું ખાત્રીપૂર્વક કહું છું કે તારા સવિાયનું બીજું સર્વ કંઈ તારૂં સૃજન છે અને તારી હથેળીના પોલાણમાં જ એ વસે છે. તું તારા પ્રાણીઓના કાર્યો અને સ્તુતઓિનો સ્વીકાર કરે છે તે જ તારી કૃપા, ઉદાર અનુગ્રહના ચમત્કારનું, તારા ઔદાર્ય અને વધિાનનાં અભવ્યિકતિની સાબતિી સમાન છે.

હે મારા નાથ, તે તારા જે મહાનતમ નામે પ્રકાશને અગ્નથિી અને સત્ને અસત્થી છૂટું પાડયું તેનો ઉચ્ચાર કરીને હું તને આજીજી કરૂં છું કે તું મારા પર અને મારા પ્રયિજિનો પર આ લોક અને પરલોકનાં ઉત્તમોત્તમની વૃષ્ટ િકર. પછી માનવચક્ષુ સમક્ષ કદીયે પ્રગટ થઇ ન હોય એવી અદ્ભૂત ભેટસોગાદો અમને આપ. ખરેખર તું જ સમગ્ર સૃષ્ટનિો રચયતિા છે. તારા સવિાય બીજો કોઇ ઇશ્વર નથી. તું સર્વશકતિમાન, સર્વથા ભવ્ય અને ઉચ્ચતત્તમ છે.

Also in: mn, mr, ms, pt, tvl, tvl

---

## The Fast

BH10127

અધકિ દવિસો

(અધકિ દવિસો દરમ્યાન ઉપવાસની તૈયારી કરવી જોઇએ. આ દવિસો આતથિ્ય, દાન અને ભેટસોગાદો આપવા માટે છે. આ દવિસો આતથિ્ય, દાન અને ભેટસોગાદો આપવા માટે છે. બહાઈ પંચાગ અનુસાર 26મી ફેબ્રુઆરીથી 1લી માર્ચ અધકિ દવિસો ગણાય છે. )

હે પરમાત્માં, હે મારા અગ્ન,િ હે મારા પ્રકાશ! તે જેનું 'અય્યામે હા'–'હા' ના–દવિસો*( અધકિ દવિસો´) એવું નામાભધિાન તારા પવત્રિ ગ્રંથમાં કર્યું છે એ દવિસો આવી પહોચ્યા છે અને હે સર્વ નામોના સમ્રાટ, તારી મહાલેખનિાએ તારા સુષ્ટીસામ્રરાજયના સઘળા વાસીઓ માટે અંકતિ કરેલા ઉપવાસના દવિસો નકિટ આવે છે. હે નાથ, આ દવિસોમાં અને આ સમયગાળા દરમ્યાન જેમણે તારા આદેશોને દ્ઢતાથી અમલમાં મૂકયા છે તેમના નામે, જેમણે તારા આદેશોને ગ્રહણ કરી રાખ્યા છે તેમના નામે, તને પ્રાર્થન કરું છું, કે તેઓ સર્વને તારા દરબારનાં ખંડમાં સ્થાન મળે, તારા મુખપંકજના તેજોમય પ્રાગટય સમક્ષ આસન મળે!

હે નાથ, આ બધા તારા દાસ છે. તારા પવત્રિ ગ્રંથ દ્વારા તેં એમના જે કાંઇ નર્િદેશ કર્યો છે તેનાથી તેમને કોઇ પણ ભ્રષ્ટ

વૃત્તિવિચલિતિ નથી કરી શકી. તેઓ તારા ધર્મને શરણે આવ્યા છે, અને તારા પવિત્ર ગ્રંથને એવા દૃઢ સંકલ્પથી આવકાર્યો છે કે જે સંકલ્પનો તું પોતે જન્મદાતા છે તથા તેં જે નિશ્ચિતિ કર્યું છે તેને અનુસરવાનું એમણે પંસદ કર્યું છે.

હે નાથ, તું જૂએ છે કે તે તારા પવિત્ર શાસ્ત્રો દ્વારા જે વ્યકત કર્યું  છે તેને એમણે માન્ય રાખ્યું છે અને કબૂલ કર્યું છે. હે મારા સ્વામી, એમને તારા વરદ હસ્તની અંજલીમાંથી તારી અમરતાનું પાન કરાવ. પછી એમને તારા સક્ષાત્કારના સમુદ્રમાં જે નિમગ્ન થયા હોય, તારા મિલનના સર્વોત્તમ આસવનું પાન કર્યું હોય તેવા બધા માટે નિશ્ચિતિ  કરાયેલા ઉપહાર એમને પણ પ્રદાન કર.

હે પ્રભુ, સમ્રાટોના સમ્રાટ, દીનદુખિયાના તારણહાર, એમને ઇહલોક અને પરલોકમાં કંઇ સર્વોત્તમ છે તે આપ એવી મારી પ્રાર્થના છે. વળી આજ સુધી તારાં કોઇ પ્રાણીએ પ્રાપ્ત ન કર્યું હોય તેનું એમના માટે વિધાન કર; જેમણે તારી પરિક્રમા કરી હોય, જે તારા બધા જ લોકમાંથી પ્રત્યેકમાં માત્ર તારા સિંહાસનની નિકટ રહેતા હોય તેવા લોકોની શ્રેણીમાં એમને સ્થાન આપ.

ખરેખર તું સર્વશકતિમાન, સર્વજ્ઞ, સર્વાન્તર્યામી છે.

Also in: ar, az, ca, de, el, en, es, fr, gil, ht, is, mn, nl, pl, pt, sk, sne, sr

---

BH10127

ઉપવાસ

(ઉપવાસ  વર્ષમાં એક વાર ઉપવાસનું વ્રત રાખવામાં આવે છે. એ બહાઇ વર્ષના ‘અલ્લા’ ઉદારતા´ના મહિનામાં, એટલે કે બીજી માર્ચથી વીસમી માર્ચ સુધી છે. આ દિવસોમાં સુર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચે ખાદ્ય કે પેય પદાર્થ મ લેવા. એ પ્રાર્થના અને આધ્યાત્મિક નવસ્ફૂર્તિનો સમય છે. પંદર વર્ષથી નાની ઉંમરના બાળકો, મુસફરો, માંદા, અશકત તેમ જ ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને ઉપવાસ રાખવાની ફરજ નથી.)

તારી સ્તુતિ હો, હે મારા સ્વામી, મારા ઈશ્વર! તારા ધર્મપ્રગટકિરણના નામ પર કે જેથી અંધકાર પ્રકાશમાં બદલાઇ ગયો છે, જેથી પ્રાગટય શીલમંદિરનું નિર્માણ થયું છે, લખિીત પવિત્ર પત્રી પ્રગટ થઇ છે અને સુવિસ્તૃત નામાવલિનું અનાવરણ થયું છે. તે નામથી હું તારી યાચના કરું છું કે, મારા ઉપર તેમજ મારા સાથીઓ ઉપર તારી એ દયાવૃષ્ટિ કર, જેથી અમે તારી પારગામી ભવ્યતાના મહિમામય સ્વર્ગમાં આરોહણ કરી શકીએ તથા એવી શંકાઓના કલંકથી મુક્ત રાખ જેના કારણે સંશયાત્માઓ તારા એકત્વનાં મંડપની છાયામાં પ્રવેશી શકયા નથી.

હે દીનાનાથ, હું એ છું કે જેણે સદાય  તારી પ્રેમકરુણાનો તંતુ, તારી કૃપા અને અનુગ્રહનો પાલવ પકડી રાખ્યો છે. મને તથા મારા આપ્તજનોને ઇહલોક તથા પરલોકમાં જે વરણીનો કળશ જેના ઉપર ઢોળાયો હોય તેવા લોકો માટે તેં નકકી કરેલી ગુપ્ત ભેટસોગાદો મારા આપ્તજનોને પણ પ્રદાન કર.

હે મારા સ્વામી, તે તારા સેવકોને આ દિવસોમાં ઉપવાસ રાખવાનો આદેશ આપ્યો છે. ભાગ્યશાળી છે એ જે કેવળ તારા માટે અને તારા સિવાય સકળ પદાથર્ોના રાગથી મુકત થઇને, સંપૂર્ણરીતે અનાસક્ત થઇને ઉપવાસ રાખે છે. તારી આજ્ઞાઓનું પાલન કરવામાં અને તારા આદેશો અનુસાર ચાલવામાં મને અને એ લોકોને, હે મારા સ્વામી સહાય કર. નિસંદેહ તું ધારે તે કરવા સમર્થ છે.

તારા સિવાય અન્ય કોઇ ઈશ્વર નથી. તું સર્વજ્ઞ, પૂર્ણપ્રજ્ઞ છે. સર્વ લોકના સ્વામી પ્રભુનો જય હો!

Also in: ar, az, ca, de, el, en, es, fr, gil, ht, is, mn, nl, pl, pt, sk, sne, sr

---

## Unity

BH10505

એકતા

હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોના હૃદયો એક કર અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર. તેઓ તારા આદેશો માને અને તારા કાયદાઓનું પાલન કરે, હે ભગવાન એમનાં પુરુષાર્થમાં સહાયક બન, તારી સેવા કરવાની એમને

શકતિ આપ. હે પ્રભુ, એમને એકલા ન છોડી દે, પણ તારા જ્ઞાનના પ્રકાશથી એમનાં ચરણોને માર્ગ દેખાડ અને તારા પ્રેમથી એમનાં હૃદયોને હર્ષતિ કર. તું જ ખરેખર એમનો સહાયક અને સ્વામી છે.

Also in: af, bn, bs, ch, chn, chr, co, cs, cy, da, dak, dgz, dih, diu, diu, el, en, eo, et, fj, fo, fr, fy, hi, hi, hr, ht, hur, hur, hy, hz, hz, id, ik, is, it, ja, kl, kn, ko, ko, ksd, lb, lg, lkt, lv, med, med, meu, mh, mi, mic, mic, ml, mn, mn, ms, mt, nal, naq, ne, nl, no, nv, nv, ny, pap, pl, pt, ro, shh, sk, sl, sm, sne, sq, sr, srn, srn, srn, sv, sw, ta, te, th, tk, tl, tpi, tvl, tvl, tvl, tvl, uk, ur, ur, ur, vi, zh-Hans, zh-Hant

## Other prayers by ‘Abdu’l-Bahá (research)

AB00083GOD

પ્રવાસ ઘરથી બહાર જવાના સમયે

હે પરમેશ્વર, આજે સવારે હું તારી જ કૃપાથી ઊઠયો છું. તારામાં સંપૂર્ણ  વિશ્વાસ રાખીને પુરા ભરોસા સાથે મારા ઘરેથી નીકળ્યો છું. તારી દયાના સ્વર્ગમાંથી તું મારા ઉપર આશીર્વાદ વરસાવ અને જેમ ઘરેથી તારા જ વિચારોમાં લીન થઈને નીકળ્યો ત્યારે તેં મદદ કરી તે જ રીતે હવે સલામત રીતે ઘરે પાછા ફરવામાં પણ મદદ કર.

તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું એક, અતુલનીય, સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ છે.

AB00257

સ્તુતિ-આભાર

હે ભગવાન, મારા નાથ ! તારો મહિમા ગાઉં છું તારા સંકેતો સમગ્ર સૃષ્ટિમાં છવાયેલા છે. તારા મુખચંન્દ્રની આભાથી પૃથ્વી અને સ્વર્ગ પ્રકાશિત થાય છે. તારી કરૂણા સમગ્ર સર્જિત પદાર્થોની પાર જાય છે. તારું ઔદાર્ય સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલું છે. હું તને ભજું છું કે જેથી તારાથી મને દૂર રાખનારા બધા અંતરાયો ચીરીને હું તારી પ્રબળ પ્રેરણાના ઉદ્‌ગમસ્થાન સુધી, તારા આવિર્ભાવના તેજોમય ઝરા સુધી પહોચી શકું અને તારી અસીમ કૃપાનાં અગણિત દાન પ્રાપ્ત કરૂં, તારી સમીપતા અને તારા આનંદના સમુદ્રમાં ડૂબકીઓ મારી શકું.

હે સ્વામી, તારા યુગમાં તારા વિશેના જ્ઞાનથી વંચિત રાખીને મને દુ:ખી ન કર. તારા માર્ગદર્શનરૂપી વસ્ત્ર મારી પાસેથી ખૂંચવી ન લે. તારા ‘પરમકૃપાળુ’, એવા બિરૂદની પ્રતિષ્ઠા થઇ તે સ્વર્ગભૂમિ રિઝ્વાન´ માંથી ઊતરેલી ધન્ય જીવનસરિતામાંથી મને જળનું પાન કરાવ કે જેથી મારી આંખ ઊઘડે, મારો ચહેરો ચમકી ઊઠે, મારા હૃદયને ઘરપત મળે, મારા આત્મામાં જ્ઞાનનાં´ અજવાળાં પથરાય અને મારાં ચરણોમાં દ્રઢતા આવે.

તું અનાદિકાળથી જ પોતાની શકતિના બળે સમગ્ર ભૂતસૃષ્ટિ કરતાં  સર્વોપરિ રહ્યો છે અને પોતાની ઇચ્છાથી પ્રેરિત થઈને સકળ પદાર્થો બનાવ્યા છે. આ પૃથ્વીના પટ ઉપર કે નભોમંડળમાં તારા હેતુને નિષ્ફળ બનાવે એવું કશું જ નથી. તો હે મારા સ્વામી, તારી કરૂણાભીની કૃપા અને ઉદારતાથી મારા ઉપર દયા કર. તાર એકત્વરૂપી વૃક્ષની જુદી જુદી ડાળીએ બેસીને તારી સ્તુતિ કરતાં પંક્તિઓનાં મધુર ગાન સાંભળવા માટે મારા કાનને પ્રેરિત કર.

તું મહાન દાતા છે, સદા ક્ષમાવાન છે, અત્યંત કરૂણામય છે.

AB00718

દિવંગતો માટે

હે પ્રભુ, મારા સ્વામી! તારા ગુણગાન થાઓ. જેને તેં તારી શાશ્વત સત્તા દ્વારા ઊંચે ઉઠાવ્યો છે તેનું પતન ન કર, જેને તેં તારા અમરત્વના છાયામંડપમાં પ્રવેશ આપ્યો છે તેને  તારાથી દૂર ન કર. હે પ્રભુ, જેને તેં તારા સ્વામીત્વના છત્ર નીચે આવવા દીધો તેને શું તું તારાથી વિમુખ કરી દઈશ હે મારા હૃદયની આકાંક્ષા, જેનો તું આશ્રયદાતા બન્યો છે તેને શું તું દૂર ધકેલી દઈશ? જેને તેં ઊંચે આણ્યો તેને શું તું નીચે પાડી શકે? તને યાદ કરવાની તેં જેને શકતિ આપી તેને તું શું ભૂલી શકે?

હે જગત્પતિ! તારો મહિમા અપાર છે, અપરંપાર છે! સમગ્ર સૃષ્ટિનો તું જ આરંભકાળથી અધિશાસક છે, એનો નિયંતા છે, અને અનંતકાળ સુધી તું એનો સ્વામી અને નિયામક રહશે. હે મારા પ્રભુ, તારો મહિમા અપાર છે, અપરંપાર છે! જો તું જ તારા

સવકો પ્રત્યે દયા કરવાનું છોડી દેશે તો એમના પ્રત્યે બીજો કોણ દયા કરશે? જો તું તારા પ્રયિજિનોના પાલનનો ઈન્કાર કરશે તો એમનું પાલન કરે એવો કોણ છે?

હે પ્રભુ, તારો મહમિા અપાર છે. અપરંપાર છે! તારા સત્ય થકી તારી ભકતિ થાય છે, અને અમે સર્વે, ખરેખર જ, તને ભજીએ છીએ. તું તારા ન્યાય દ્વારા વ્યકત થાય છે અને અમે સૌ ખરેખર, તારા જ ક્ષાસી છે તું તારી કૃપા થકી પ્રયિ છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સંકટમાં સહાયક અને સ્વયંપૂર્ણ છે.

---

AB03605

નવરોઝ

બહાઈ વર્ષનો પહેલો દવિસ નવરોઝ 21મી માર્ચ આનંદમંગળનો દવિસ છે.

હે કૃપાનધિાન, તારા પ્રત્યેના પ્રેમથી જેમણે ઉપવાસ રાખ્યા અને તો જે કંઈ ઘૃણાસ્પદ હોય તેવું કઈ છે તેનાથી જે દૂર રહ્યા તેમના માટે તેં નવરોઝનો તહેવાર આપ્યો તે માટે અમે તારાં ગુણ ગાઈએ છીએ. હે મારા નાથ, તું વરદાન દે કે તેં સૂચવેલા ઉપવાસથી પ્રગટ થયેલી પ્રેમાગ્નિની ઉષ્ણતા એમને તારા ધર્મમાં જયોત સમાન બનાવે અને તેઓ તારી જ સ્તુતિ અને તારાં જ ગુણગાન કરતા રહે. હે મારા નાથ, તેં એમને તારા દ્વારા નર્દિષ્ટિ ઉપવાસોથી સુશોભતિ કર્યા છે તો હવે કરુણા અને અસીમ કૃપા દાખવીને એમને તારી સ્વીકૃતનિા અલંકારોથી પણ મંડતિ કર, કારણ કે મનુષ્યનું દરેક કર્મ તારી  જ કૃપા પર નર્િભર છે, તારી જ આજ્ઞા પર આધનિ છે. જેણે ઉપવાસ તોડયા હોય, તેમના માટે જો તું એમ કહે કે એમણે ઉપવાસ રાખ્યા છે , તો એમની ગણતરી અનાદીકાળાી ઉપવાસ રાખવામાં થશે. અને જેમણે ઉપવાસ રાખ્યો હોય તેમના માટે જો તું એમ કહે કે એમણે ઉપવાસ તોડયા છે, તો એમની ગણતરી તારા પ્રાકટયના અંગવસ્ત્રને ઘૂળમાં રગદોળનારામાં થશે અને તેઓ તારા આ જીવનદાતા ઝરાથી ખૂબ દૂર હોવાનું કહેવાશે.

“ તારું કામ કરે તે સ્તુતનિે પાત્ર છે” એવી પતાકા ઊંચે ઊઠી, તારા આદેશને આઘીન હોય તે જ આજ્ઞાકારી છે એવો ધ્વજ જેના થકી લહેરાયો તે તું જ છે. હે મારા ઈશ્વર, તારા સેવકોને તારા આ પરમ ધામથી પરચિતિ કરાવ કે જેથી તેઓ સમજી શકે કે બધા જ પદાથર્ોની સવર્ોત્કૃષ્ટતા તારા આદેશ અને તારા પરમ પાવન શબ્દની ઉપર નર્િભર છે. તારી ઈચ્છા વગર થયેલું પ્રત્યેક કાર્ય ગુણહીન છે અને માણસના.      કાર્યોની લગામ, તારા સ્વીકાર અને આદેશના હાથમાં છે. હે નાથ, તું એમને જણાવી દે કે તારા પરમ સૌંદર્યથી એમને વંચતિ કરી શકે એવું આ યુગમાં કશું જ નથી. જેમ કે  ઈસુએ કહયુ હતું “ સર્વત્ર તારું જ સામ્રરાજય છે, હે આત્મા*(ઈસુ)ના જનક” અને આ વશિે તારો મત્રિ *(મહંમદ) પોકારી ઊઠયો, “હે સવર્શ્રેષ્ઠ પ્રયિતમ તારો મહમિા પ્રસરો, કેમકે  કેમકે તે તારું સૌદર્ય પ્રગટ કયું છે અને એવું લખ્યું છે કે તારા  પ્રયિજિનો શી રીતે તારા મહાનતમ નામના પ્રાગટય સમક્ષ આસન પ્રાપ્ત કરી શકશે. આ તારા મહાનતમ નામના પ્રાગટયથી જેમણે પોતાને તારા સવિાય બીજા બધાથી વીતરાગ કરી દીધા છે અને તારા સ્વરૂપ અને તારા ગુણોને પ્રગટ કરનાર *(ઈશ્વરીય અવતાર) તરફ વળ્યા છે. તેના સવિાયના બીજા બધા લોકો કલ્પાંત કરી રહયા છે. જે તારી પરમ મહાન શાખા છે તેને અને તારા બધા મત્રિોએ તારા દરબારમાં ઉપવાસના વ્રતનું પાલન કરીને આજે પારણા કર્યા છે આ ઉપવાસ તેઓ તારી સુપ્રસન્તા માટે, તારા આદેશોને પાલન માટે કર્યા હતા એમના માટે તથા એ દવિસોમાં જે તારા સાનધ્યિમા આવ્યા છે તે સૌના માટે તારા પવત્રિ ગ્રંથમાં તે જે કંઈ નશ્ચિતિ  કર્યું છે તેનું મંગલ વધિાન કર. પછી એમને આ જીવનમાં તેમજ અગામી જીવનમાં લાભકારક હોય તે પ્રદાન કર.

તુ ખરેખર, સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ છે.

---

ABU2157

સંધ્યાકાળ

હે  ઈશ, હે પ્રભુ! તારા પ્રેમીઓની આંખોમાં તારા વરિહને કારણે ઊંઘ ન હોય ત્યારે હું કેમ સૂઈ શકું? તારા ચાહકોના આત્મા તારાથી દૂર હોવાને કારણે વેદનામાં તડપતા હોય ત્યારે હું આડે પડખે કોમ થઈ શકું?

હે મારા સ્વામી, મેં મારો આત્મા, અરે આખું અસ્તીત્વ જ તારા સામથ્ર્ય અને રક્ષણના જમણા હાથમાં મૂકી દીધાં છે. તારી

જ શકતિના પ્રતાપે મેં ઓશકિે માથું ટેકાવ્યું છે અને તારી જ ઇચ્છા પ્રમાણે, તારી મરજી મુજબ મારૂં માથું ઉપાડું છું તું જ ખરેખર, સંરક્ષક, રખેવાળ, સર્વશકતિમાન અને મહાસામથ્ર્યવાન છે.

તારી શકતિના સોગંદ! મેં સૂતાં કે જાગતાં તું ન ઇચ્છતો હોય તેવું કશું નથી માગ્યું. હું તારો સેવક છું

હું તો તારા હાથમાં છું. તારા આનંદની સુગંધ આવે તેવું કોઈપણ કાર્ય કરવામાં મને ઉદારતાથી મદદ કર. સાચું કહુ તો, એ જ મારી આશા છે અને તારી નજીક પહોચ્ચયા છે તેમની આશા છે. હે જગત્પતતિારો જય હો!

## Other prayers by Bahá'u'lláh (research)

BH06744

સ્તુતિ–આભાર

હે મારા પ્રભુ, તાર નામનાં ગુણગાન થાઓ ! હું વશ્વિાસપૂર્વક કહું છું કે તાર સવાિય બીજો કોપણ વચિાર ગમે એટલો ચમત્કૃતપિૂર્ણ હોય, એ તારી જ્ઞાનગંગાને કાંઠે ન પહોચી શકે. તારા ગુણગાન ગમે એટલા પારગામી હોય એ તારા શાણપણના વાતાવરણ સુધી ઊંચે ન જઈ શકે. તું અનાદકિાળથી તારા સેવકોની પહોંચ અને સમજશકતિની બહાર રહ્યો છે, અને તારૂં રહસ્ય વ્યકત કરવા મથતા તારા સેવકોના પ્રયત્નોથી તું અમાપ અંતરે ઉંચે ઉભો છે. જે કદી સર્જાયો નથી તેની સમક્ષ આવે ત્યારે માનવી પોતાનામાં કયા પ્રકારનું સામર્થ્ય હોવાનો દાવો કરી શકે ?

તારા અદ્વૈતત્વને પૂજનારા અને તને પછિાણનારા એ સૌ કોઈના ગહનતમ ચતિંન પણ તારા આદેશથી અને તારી કલમ ચાલવાથી જે નીપજયું છે તે ફકત તારી જ ઇચ્છામાંથી જન્મ્યું છે. હે મારા આત્માના પ્રયિતમ અને મારા જીવનસ્ત્રોત, હું તારી ભવ્યતાના સોગંદ ખાઈને કહું છું! તારી મહાન ભવ્યતાના અને રાજસકિ પ્રતભિાની ચરમસીમાની સ્તુતિ, હું ફકત મારી નબળાઈના કારણે, મારા ગજા પ્રમાણે કરૂં છું તે હું સારી રીતે જાણું છું; સમગ્ર સર્જતિ પદાર્થોથી ઉત્તમ તારી દયા અને સમગ્ર સૃજનમાં વ્યાપ્ત તારી કરુણાને નામે તને પ્રાર્થના કરૂં છું કે તારા દાસો તારા માર્ગે જેટલું ચાલી શકવા સમર્થ છે તેટલાનો સ્વીકાર કર. એ લોકો તારી વાણી ઉચ્ચારી શકે અને તારી કર્તિનિાં ગુણગાન કરી શકે તેમાં તારી અસીમ કૃપાથી સહાય કર.

તું જે ધારે તે કરી શકે છે. તું ખરેખર સર્વથા ભવ્ય, સર્વપ્રજ્ઞ છે.

BH07357

સંવદિા

હે નાથ ! તારા પથ પર અમારા ચરણોને  સ્થરિતા પ્રદાન કર. તારી આજ્ઞાના પાલન માટે અમારાં હૃદયોને મજબૂત કર. તારા અદ્વૈત સૌંદર્ય પ્રત્યે અમને આકર્ષતિ કર. દૈવી એકત્વના સંકેતોથી અમારા હૈયામાં હર્ષ ઉત્પન્ન કર. અમારાં શરીરોને તારી ઉદારતાના વસ્ત્રોથી સજાવ. અમારી આંખ આડેથી પાપવૃત્તનિાં પડળ હટાવી દે. અમને તારી કરુણાના અમૃતનું પાન કરાવ કે જેથી બધા જ જીવનું આદરિૂપ તારી ભવ્યતાને નીરખીને તારા ગુણ ગાય. હે સ્વામી! તારા દયાપૂર્ણ ઉદ્‌ગારો અને દૈવી સ્વરૂપનાં રહસ્યો એમની સમક્ષ વ્યકત કર કે જેથી તારી પ્રાર્થનાનો પવત્રિ આહ્‌લાદ અમારા આત્માઓને ભરી દે. એ પ્રાર્થના શબ્દો અને અક્ષરોના સ્તરથી કંઈક વર્ષિેશ હશે, અને આરોહ અવરોહ તથા ઘ્વનનિા સ્પંદનોની પેલે પાર હશે કે જેથી અદ્‌ભૂત આભાયુકત પ્રાકટય પહેલાં સકળ પદાર્થજગત શૂન્યમાં વલિીન થઈ જાય.

હે નાથ! આ તારા સેવકો તારી સંવદિા અને આદેશપત્ર પ્રત્યે  દ્રઢનષ્ઠિ રહ્યા છે. આ સંવદિા તારા ઘર્મના સાતત્યના તાણા અને વાણા સમાન છે. આ સેવકોએ તારા ભવ્યતમ વસ્ત્રનો પાલવ પકડી રાખ્યો છે. હે સ્વામી! એમના ઉપર કરૂણા કરીને સહાય આપ. તારા સામથ્ર્ય થકી એમને આશીર્વાદ આપ અને તારી  આજ્ઞાના પાલનમાં એમને અડગ બનાવ. તું ક્ષમાવાન, દયાળું છે.

BH11075

સંવદિા

હે પ્રભુ! મારા પરમેશ્વર! તારા આસ્થાવાન સેવકોને અહંભાવ અને આવેગના દૂષણોથી બચાચી લે.બધા પ્રકારના વેરઝેર, ઘૃણા, અદેખાઇ સામે તારા માયાળુ પ્રેમની જાગરૂક દૃષ્ટથિી એમનું જતન કર. તારા ધર્મના અજેય ગઢમાં એમને આશરો આપ અને સંશયની બરછીઓથી સહીસલામત રાખીને એમને તારા ભવ્ય સંકેતોના અભવ્યિકત રૂપ સમાન બનાવી દે. તારા દૈવી એકત્વના ઉદયાચલમાંથી પ્રગટતાં દવ્યિ રશ્મિઓથી એમનાં મુખોને કાંતમિાન બનાવ. તારા પવત્રિ રાજયમાંથી પ્રગટતાં કાવ્યોથી એમનાં હૃદયોમાં હર્ષનો સંચાર કર. તારા ભવ્ય પ્રદેશમાંથી આવતાં સર્વજતિ સામથ્ર્યથી એમને પુષ્ટ બનાવ. તું પરમ ઉદાર, રક્ષક, સર્વશકતિમાન, કરૂણાસાગર છે!

---

AB00403

માર્ગદર્શન–રક્ષણ

હે સ્વામી માર પરમેશ્વર, તું મહાન છે! તને હું પ્રાર્થના કરું છું કે તારા સેવકોનાં હૃદયોને મુખમંડળના દર્શનથી વંચતિ કરે એવું સર્વ કંઇ, તારી છલકાતી કરૂણાના વાદળોમાંથી વૃષ્ટિ કરીને ધોઇ નાખ, કે જેથી તેઓ બધા તને ઓળખી શકે. તું જ રચયતિા અને સૃષ્ટા છે. હે પ્રભુ, જયાં દરેક પ્રકારની દુર્ગંધને તારા ઉદત્ત અને ભવ્ય નામનું ઉદ્‌ગાન કરનારી વાણીની સુગંધથી અલગ પાડી શકાય અને સ્વર્ગ તથા પૃથ્વી પરનું જે કંઇ હોય તે પ્રાપ્ત થાય તો પણ એના પ્રત્યે નજર સરખી પણ માંડયા વનિા તારી સાથે એકરાગતા અનુભવાય અને તારી સ્તુતબિંધ રાખવાનું મન ન થાયા એવાં બદિુએ તારા સેવકો પહોચે તેમાં તારી સાર્વભૌમ સત્તાથી સહાય કર. હે મારા પ્રયિતમ, મારા હૃદયની કામના, મારી પ્રાર્થના કાને ધર અને તારા મુખના દર્શન માટે તલસતા તારા સેવકને નાસતિકોની બરછીઓથી અને તારા સત્યને નકારાઓના દંડાઓથી બચાવ. હે નાથ તારા સેવકને વર આપ કે જેથી એ તને સંપૂર્ણ સમર્પણ કરે, તારા નામની ઉદ્‌ઘોષણા કરે અને તારા પ્રાગટયના અભયસ્થાન પર દ્રષ્ટમિાંડે. ખરેખર, તારૂં સાનધિ્ય ઝંખનારાને તેં કદી પણ તારી કરૂણાને બારણેથી પાછા નથી વાળ્યા. તને શોધનારાને તારી કૃપાના દરબારમાં આવતા નથી રોકયા, તારા સવિાય બીજો કોઇ ઇશ્વર નથી. તું સર્વસામર્થ્યવાન, સર્વોત્તુંગ, વઘ્નિહર્તા ભવ્યતમ, સર્વનયિંતા, બંધનમુકત છે.

Also in: hr

---

AB00431PIT

માર્ગદર્શન

હે નાથ! અમે દયાને પાત્ર છીએ; અમારા પર કૃપા કર. અમે ગરીબ છીએ; તારા કુબેરભંડારમાંથી અમને પણ એક અંશ આપ. અમને જરૂર છે; અમને સંતુષ્ટ કર. અમે હીન છીએ; અમને ગૌરવ આપ. આકાશમાં ઊડતી સમડી અને ખેતરના પશુને રોજ તું જ ખાવનું પુરું પાડે છે. બધા જીવો તારી કાળજી અને કૃપા પ્રાપ્ત કરે છે.

તારી અદ્‌ભૂત કૃપાથી આ નબળા જીવને વંચતિ ન કર. તારી શકતિના સોગંદ લઈને આ લાચાર જીવને વચન આપ કે તું તારી વપિુલતાનો લાભ આપીશ.

અમને રોજ ભોજન આપ અને જીવનની જરૂરીયાતોમાં તારો ખપ વધતો જાય તેવું કરી દે, જેથી અમે તારા સવિાય બીજા કોઇ ઉપર આધાર ન રાખીએ, સંપૂર્ણ રીતે તારી સાથે જ સંપર્ક રાખીએ, તારા રસ્તાઓ પર ચાલીએ અને તારાં જ રહસ્યો પ્રગટ કરીએ. તું સર્વશકતિમાન પ્રેમાળ અને મનુષ્ય માટે દાતા છે.

Also in: af, az, bg, bi, ca, ch, cnr, da, el, en, eo, es, et, fr, gil, gil, hr, ht, hu, hz, it, lv, mt, ne, nl, pap, pl, pt, ro, ru, sk, sne, sne, sq, sv, sw, ta, tk, tl, tvl

---

AB01656

માર્ગદર્શન–રક્ષણ

હે માર નાથ, માર ઈશ્વર, તું મહાન છે! જોરથી ફૂકાતા પવનો જેવી તારી કરુણાને નામે અને તારા ઉદ્દેશના આદસ્તિ્રોત અને તારી પ્રેરણાના ઉષઃસ્થાનના નામે હું તને વનિંતી કરૂં છું કે તું મારા પર તથા તારા ઔદાર્ય અને સમૃદ્ધ કરુણાને પ્રતબિંબિતિ કરતા તારા મુખમંડળનું દર્શન કરવા આતુર હોય, તારા આશીર્વાદ અને અનુગ્રહને પાત્ર હોય તેવા સૌ કોઇ પર તારી કરૂણાની વૃષ્ટકિર. હે મારા સ્વામી, હું ગરીબ અને ઉપેક્ષતિ છું. મને તારી સંપદાના સાગરમાં ડૂબી લગાવવા દે. હું તરસ્યો છું

તારી પ્રેમકૃપાની સરતિાનાં જીવનજળ પીવા દે.

હું તારૂં નામ ઉચ્ચારીને જેને તારા સ્વરૂપનો આવર્ભિાવ બનાવ્યો છે તેનું નામ ઉચ્ચારીને અને સ્વર્ગ તથા પૃથ્વી પર પ્રસરતી તારી વવિેકવાણીનો ઉચ્ચાર કરીને પ્રાર્થના કરૂં છું કે તારા બધા સેવકોને તારી કરૂણાપૂર્ણ વધિલિેખના વૃક્ષની છાયામાં એકત્ર કર. એમને એનાં ફળ ખાવા દે. એમના કાનને પાંદડાનો મર્મર ધ્વનતિથા તેની શાખાઓ પર દવિ્ય પક્ષીઓના સુમધુર કલરવ સાંભળવા દે. તું ખરેખર, સંકટોમાં મદદગાર છે અગમ્ય, સર્વશકતિમાન અને પરમ ઔદાર્યપૂર્ણ છે.

Also in: ha, iba, lo, mn, ms, ne, ny, tk, uk, zh-Hans

---

AB05167

પ્રશક્ષિણ

હે પરમાત્મા ! હે પ્રભુ તું જુએ છે કે, તારાં પ્રાણીઓની સામે હું નબળો, દીન અને વનિમ્ર છું છતાં પણ તારી શકતિ અને સામથ્ર્યમાં વશ્વિાસ તથા પૂર્ણ આસ્થા રાખીને તારા સબળ સેવકોમાં તારા ઉપદેશનો પ્રચાર કરવા હું ઉઠયો છું.

હે નાથ, હું તો કપાયેલી પાંખવાળુ પક્ષી છું પરંતું તારા અનંત આકાશને આંબવા ઈચ્છું છું. તારી અનુકંપા અને દયા વનિા, તારી સંમતઅિને સહાય વનિા, એ બની જ કેમ શકે?

હે સ્વામી, મારી નબળાઈની દયા ખાઇને મને તારા સામર્થ્યથી સશકત બનાવ ! હે સ્વામી, મારી નર્વિયિતા  પર દયા લાવીને તારી શકતિ અને રાજસકિ ગૌરવથી મને મદદ કર !

હે પાલક ! તારી પવત્રિ પ્રાણફૂંકથી તો નબળામાં નબળો જીવ પણ માગ્યું મેળવી શકે છે, ધારે તેનો માલકિ બની શકે છે. ખરેખર, આ પહેલાં તેં તારા સેવકોને મદદ કરી છે; તેઓ પણ તારી સૃષ્ટમિાં સૌથી નબળા હતા, લોકોમાં સૌથી હીન હતા અને એ વખતના જગતના રહેવાસીઓમાં  તદ્દન પામર હતા; પરંતુ તારી કૃપા અને શકતિ થકી માનવજાતમાં જે સૌથી ભવ્ય અને સૌથી ઉત્તમ હતા એમનાથી પણ એ આગળ વધી ગયા. ક્ષુદ્ર જંતુમાંથી રાજસી બાજ બની ગયા, ખાબોચયિામાંથી સમુદ્ર બની ગયા. એ બધું તારા જ વરદાન અને તારી જ દયાને પ્રતાપે થયું. તારી મહાકૃપાથી તેઓ પથપ્રદર્શનના ક્ષતિજિે ચમકતા તારા, અમરત્વના નંદનવનમાં કૂજન કરતાં પક્ષી, જ્ઞાન તથા શાણપણનાં વનોમાં ગર્જના કરતા વનરાજ તથા જીવનસાગરમાં તરતા મહામચ્છ જેવા બની ગયા.

ખરેખર તું દયાળુ છે. સમર્થ અને શકતિશાળી છે. કૃપાળુઓમાં અત્યંત કૃપાળુ છે.

Also in: az, bi, bn, bs, ca, de, el, en, es, fa, fj, ms, nl, pl, sl, sne, sq, ta, tvl, vi

---

AB05367

માર્ગદર્શન–રક્ષણ

અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે હે ઈશ્વર, જેઓને ખોટા માર્ગે ચડાવી દેવાયા છે તેઓને ન્યાયી અને ઉચતિ મનોદશા પ્રાપ્ત કરવામાં ઉદારભાવે સહાય કર. જેઓ બેદરકાર હોય તેમને સજા કર. હે માર નાથ! તારી કૃપાના બારણે આવવાની તારા સેવકોને મનાઇ ન કર. તારી ઉપસ્થિતનિા દરબારમાંથી એમને કાઢી ન મૂક. વ્યર્થ તરંગોનું ધુમ્મસ વખિેરવામાં, મથિ્યા કલ્પનાઓ તથા આશાઓના પરદા ચીરી નાખવામાં એમને મદદ કર. ખરેખર તું સર્વસંપન્ન,  સર્વોચ્ચ છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સર્વશકતિમાન, મહાકરૂણાસધિુ છે.

Also in: de, en, es, gil, ho, ky, ms, nl, sne, sne, sne, sne, tet, tet, tpi

---

AB05498

પ્રશક્ષિણ

હે માર ઈશ્વર, તું બધી જ ભવ્યતા અને રાજસી ઓજ, મહાનતા અને આદર, સર્વોપરતિા અને સાવભૌમત્વ, ઉદાત્તતા અન કરૂણાના વસ્મિય અને સત્તાનો સ્ત્રોત છે. તારો જય હો ! તું જેમને ઈચ્છે તેમને તારા મહાસધિુની પાસે લઈ જાય છે. તું જેમને ઈચ્છે તેમને તારા મહાનતમ આદનિામને પછિાણવાનું માન આપે છે. પૃથ્વી અને સ્વર્ગમાં જે કંઈ છે તેમાંનું કશું પણ તારી સાર્વભૌમ ઈચ્છાના અમલ સામે ટકી શકે એમ નથી. તું અનંતકાળથી સમગ્ર ભૂતસૃષ્ટનિું નયિમન કરતો આવ્યો છે અને હંમેશાં કરતો રહીશ. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સર્વશકતિમાન, મહાનતમ, સર્વ સામર્થ્યવાન, સંપૂર્ણ

પ્રજ્ઞાયુક્ત છે.

હે સ્વામી તારા સેવકોનાં મુખમંડળો પર પ્રકાશ ફેંક કે જેથી તેઓ તારામાં જ રત રહે. એમના હૃદયોની શુદ્ધિ કર કે જેથી તેઓ તારી સ્વર્ગીય કૃપાના દરબાર ભણી આવે અને જે તારા સ્વરૂપનો આવિર્ભાવ છે જે તારા તત્વનું પ્રાગટયસ્થાન છે તેને ઓળખી શકે. ખરેખર તું જ સમગ્ર સૃષ્ટિનો સ્વામી છે.

તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું બંધનોથી પર છે, તું સૌનો નચિંતા છે.

Also in: de, hi, ko, mi, sm, ta, ur, vi, zh-Hans, zh-Hant

---

AB06012

સંરક્ષણ

એ કરૂણાસાગર છે! પૂર્ણ ઉદાર છે! હે પ્રભુ, મારા પરમેશ્વર! તું મને જુએ છે; જાણે છે; તું મારો આશ્રય અને શરણું છે. તારા સિવાય બીજું કદીયે મેં માગ્યું નથી અને માગવાની ઈચ્છા પણ નથી; તારો પ્રેમપંથ છોડીને બીજા કોઈ માર્ગે હું કદાપિ ચાલ્યો નથી કે ચાલવા માગતો પણ નથી. દુઃખની અંધારઘેરી રાતમાં મારી આંખો આસ્થા અને આશા ભરી નજરે તારી અનંત કૃપાના પ્રભાતની ક્ષિતિજમાં મંડાય છે અને અરુણોદય થતાં જ મારો ઊંઘરેટો આત્મા નવસ્ફૂર્તિમય રહે છે અને તારાં સૌદર્ય અને પરિપૂર્ણતાને યાદ કરીને બળ પ્રાપ્ત કરે છે. તારી કૃપાની મહેરથી નાનુંસંરખુ ટીપું પણ એક અનંત નિર્બાધ સમુદ્ર બની રહશે, નાનો કણ પણ તારી પ્રેમકૃપાની છાલક લાગવાથી ચમકતા સિતારા જેમ પ્રકાશી ઊઠશે.

હે પાવક પરિશુદ્ધ, તારા રક્ષણમાં અમને આશ્રય આપ. તું સર્વસંપદાવાન પાલક છે. આ તારો ઉત્સાહથી થનગનતો દાસ છે. એને આ જીવન સૃષ્ટિમાં તરા પ્રેમમાં અવિચળ અને દૃઢ રહેવામાં મદદ કર. આ તુટેલી પાંખવાળું પંખી સ્વર્ગીય વૃક્ષ પરના તારા દૈવી માળમાં આશરો લે તેની પરવાનગી આપ.

Also in: af, bg, bi, ca, da, de, el, en, eo, es, fa, fr, ht, is, it, ko, lg, lv, med, mn, ms, ne, nl, no, no, ny, pl, pt, ro, sk, sq, sv, tet, th, tl, tpi

---

AB07709LOR

પ્રશિક્ષણ

હે મારા સ્વામી, હે ભગવાન, તારો જય હો! જે તારા સંકેતોનો ઉદયભાનું, તારા નામોની અભિવ્યિકતિ, તારી પ્રેરણાનો ભંડાર, તારા શાણપણનો ખજાનો છે તેને નામે તને પ્રાર્થના કરૂ છું કે હે પરમેશ્વર, તારા પ્રિયજનો તારા ધર્મમાં અચળ રહી શકે, તારા એકત્વને ઓળખી શકે, તારી દિવ્યતાના સાક્ષી બની શકે એટલા બળનું વરદાન એમને આપ. એમને એટલી ઊંચાઈએ લઈ જા કે જયાંથી તેઓ તારા પુનિત અને સર્વથા ભવ્ય સ્વરૂપનો જે આવિર્ભાવ છે તેના સામર્થ્યનાં પ્રતિક સકળ પદાર્થોમાં દર્શન કરી શકે.

હે મારા નાથ, તું જે ઈચ્છે છે તે કરે છે અને જે ચાહે છે તે આપે છે. તારા સામર્થ્ય પાસે કોઈપણ સત્તાધીશ પાંગળો બની જાય છે. અને ગમે તેવો માંધાતા હોય તે પણ તારી ભવ્યતા આગળ ઝાંખો પડી જાય છે.

હું તને, તારા સમગ્ર સ્વરૂપને પ્રાર્થના કરું છું કે મને એવું વરદાન આપ કે જેથી હું તારા ધર્મને માટે સહાયરૂપ બનું, તારાં ગુણગાન ગાઉં. મારા હૃદયને તારા અભયસ્થાન તરફ વાળુ અને તારાથી વિમુખ હોય તેવાં સઘળાંથી અનાસકત બનું. ટારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સામર્થ્યવાન, ભવ્યતમ જ્ઞાનસિધુ છે.

---

AB07759

સંરક્ષણ

હે મારા નાથ ! તને ખબર છે કે લોકો દુઃખ અને આફતથી ઘેરાયેલા છે. કઠણાઈઓ, મુશ્કેલીઓ એમની ચેપાસ ફેલાયેલી છે. કસોટી અને કપરી આફત માણસ ઉપર એક સાપની જેમ હુમલા કરે છે. એની પાસે તારા રક્ષણ, જતન, તકેદારી અને સુરક્ષા સિવાય બીજું કોઈ આશ્વાસન નથી, શરણ નથી.

હે દયાળુ, હે મારા સ્વામી! તારું રક્ષણ મારું શસ્ત્રગાર બનો, તારું જતન મારી ઢાલ બનો. તારા એકત્વના દરવાજે મારી વિનમ્રતા મારી રખેવાળ બનો અને તારી સુરક્ષા અને સંરક્ષણ મારો ગઢ, મારું ઘર બનો. મારા અહં અને લાલસાઓના

આવેશથી મને બચાવ. દરેક જાતની માંદગી, કસોટીઓ, મુશ્કેલીઓ અને આફત સામે મારી રખેવાળી કર.

ખરેખર તુંજ રક્ષક, સંરક્ષક, દાતા છે. ખરેખર તું અતિદિયાવાનોમાં પણ દયાવાન છે.

Also in: af, az, bg, ca, ceb, ceb, ceb, da, de, el, en, eo, es, fi, fr, ht, hu, hy, iba, is, it, kl, kn, ky, lb, lg, lo, mg, ml, ne, nl, ny, pl, ro, ru, sm, sq, sr, st, tl, tvl, uk

---

AB10701

પ્રાતઃકાળ

હે કરૂણાસિંધુ પરમેશ્વર ! તેં મને જગાડયો અને ભાનમાં આણ્યો તે માટે તારો પાડ માનું છું તેં મને જોવા માટે આંખ અને સાંભળવા માટે કાન આપ્યા છે તું મને તારા સામ્રરાજય તરફ લઈ ગયો છે. તેં મને તારા માર્ગે ચાલવામાં માર્ગદર્શન આપ્યું છે તેં મને રસ્તો દેખાડયો છે અને મુકતિના દ્વારમાં પ્રવેશ કરાવ્યો છે. હે પ્રભુ, હવે મને અવિચળ, દ્રઢ અને નિષ્ઠાવાન બનાવ. આકરી કસોટીઓમાં મારું રક્ષણ કર અને તારી સંવિદાના મંદિરમાં અને સંવિદાના મજબૂત કિલ્લામાં મને આશરો આપ. તું સમર્થ છે! તું એટલે મારી દર્શનની ક્રિયા, તું એટલે મારી શ્રવણની  ક્રિયા !

હે પરમ કૃપાળુ પરમાત્મા, મને દર્પણ જેવું નિર્મળ હૃદય આપ કે જે તારા પ્રેમના પ્રકાશથી ઝળહળી ઊઠે. મારામાં એવા વિચારોની પ્રેરણા કર કે જે આ વિશ્વને દિવ્ય કૃપાની વર્ષાથી ગુલાબવાડીમાં ફેરવી નાખે. તું કૃપાળુ, દયાળુ છે, તું મહાન કલ્યાણકારી છે !

Also in: bg, bs, ca, cy, da, de, el, en, eo, es, fa, ht, hy, iba, it, ja, ja, kn, lb, lo, lv, meu, mh, mi, ml, ne, nl, pl, ro, sk, sm, sq, st, sv, sv, ta, th, tl, uk, ur, zh-Hans, zh-Hant

---

ABU0070GAT

એકતા

હે  દયાળુ સ્વામી ! તેં આખી માનવજાતને એક જ મૂળ કુટુંબમાંથી જન્મ આપ્યો છે. સૌ એક જ કુટુંબના સભ્યો રહે એવો તારો આદેશ છે. તારી પવિત્ર ઉપસ્થિતિમાં સૌ તારા દાસ જ છે. આખી માનવજાતિને તારા મંડપ નીચે આશ્રય મળ્યો છે, બધા જ તારી વિપુલતાના દ્વારે ઊભા છે, બધા ઉપર તારી નિયતિનો પ્રકાશ પથરાયો છે.

હે ઈશ્વર, તું બધા પ્રત્યે દયાળુ છે, તેં બધાંનું પાલન કર્યું છે, બધાંને આશરો આપે છે, જીવનનું દાન આપે છે. તેં દરેક પ્રતિભા અને સદગુણો લક્ષ્યાં છે. તારી જ દયાના સગરમાં બધાં ડૂબકી મારે છે.

હે દયાનાથ, બધાંને એક કર. બધા ધર્મો એક થઈને બધાં જ રાષ્ટ્રોને એક કરે કે જેથી બધાં એકબીજાને એક જ કુટુંબના સભ્ય તરીકે જોતા થાય અને આખી પૃથ્વીને એક ઘર માને. એવું વરદાન આપ કે સૌ સાથે મળીને સંપૂર્ણ સદ્ભાવથી રહે! હે ઈશ્વર! માનવજાતની એકતાનો ધ્વજ ઊંચો લહેરાવ. હે પરમાત્મા. પરમ મહાન શાંતિની સ્થાપના કર. હે પ્રભુ! બધાનાં હૃદયોને જોડી દે.

હે કૃપાળુ તાત, હે પરમાત્મા! તારા પ્રેમની સુગંધથી અમારાં હૈયાંને પુલકિત કર. તારા માર્ગદર્શનના પ્રકાશથી અમારી આંખોમાં તેજ આંજી દે. તારી વાણીના ઉદ્ગાનથી અમારા કાનને આનંદ આપ. તારા મંગળવિધાનના સંરક્ષણમાં અમને શરણ આપ.

તું શકતિશાળી અને સમર્થ છે. તું ક્ષમાવાન છે. માનવીની ત્રુટિઓની સદા અવગણના કરે તેવો એકમાત્ર તું જ છે.

Also in: af, ar, az, bg, bs, ca, de, el, en, eo, fr, gil, gil, gil, hu, hy, hy, iba, is, it, kn, ky, ky, lv, mg, mn, mn, mr, ne, ne, ne, nl, pl, pt, ro, ru, sk, sm, sne, ta, tl, tpi, tvl

---

ABU0070GAT

સભાઓ

હે કૃપાનાથ, આ સભામાં એકત્ર થયેલા આ સૌ તારા જ સેવકો છે. તેઓ તારા સામ્રરાજય ભણી વળ્યા છે. એમને તારા વરદાન અને આશીર્વાદની આવશ્યકતા છે. હે પ્રભુ! તું પ્રગટ થા અને તારા એકત્વના સંકેતો સ્પષ્ટ કર. તારું એકત્વ તો જીવનની બધી જ યથાર્થતાઓમાંથી પ્રગટ થાય છે. આ માનવીય વાસ્તવિકતાઓમાં તેં છુપાવેલા, છાવરેલા ગુણોને પ્રગટ અને વ્યકત કર.

અમે છોડ જેવા છીએ અને તારી કૃપા વરસાદ જેવી છે. આ છોડો ફૂલેફાલે અને તાજા થાય તેવું વરદાન આપ. અમે તારા સેવક છીએ; અમને ભૌતકિ અસ્તત્વિનાં બંધનોમાંથી છોડાવ. અમે અજ્ઞાની છીએ; અમને જ્ઞાની બનાવ. અમે મરણ પામ્યા છીએ; અમને નવજીવન આપ. અમે પદાર્થ છીએ; અમારામાં ચેતનનો સંચાર કર. અમે અનભજ્ઞિ છીએ; અમને તારા રહસ્યોના નકિટના જાણકાર બનાવ. અમે યાચક છીએ; તારા અબાધ ખજાનામાંથી અમને સમૃદ્વ બનાવ. હે ઈશ્વર, અમને નવું જીવન આપ, દ્રષ્ટઆિપ, શ્રવણશકતિ આપ. જીવનનાં રહસ્યોનો અમને પરચિય કરાવ કે જેથી તારા સામ્રાજયનાં રહસ્યો અસ્તત્વિના આ સંસારમાં અમારી સમક્ષ પ્રગટ થાય. અમે કબુલ કરીએ છીએ કે તું એક અને અદ્વતિીય છે. પ્રત્યેક અનુગ્રહ તારા તરફથી જ આવે છે. દરેક કૃપાનું સ્ત્રોત તું જ છે. તું શકતિશાળી છે ! તું સમર્થ છે ! તું દાતા છે ! તું સદાસર્વદા સંપન્ન છે!

Also in: af, ar, az, bg, bs, ca, de, el, en, eo, fr, gil, gil, gil, hu, hy, hy, iba, is, it, kn, ky, ky, lv, mg, mn, mn, mr, ne, ne, ne, nl, pl, pt, ro, ru, sk, sm, sne, ta, tl, tpi, tvl

---

ABU0826LOR

આધ્યાત્મકિ વકિાસ

હે નાથ! અમે નર્િબળ, છીએ અમને બળ આપ. હે પ્રભુ! અમે અજ્ઞાની છીએ; અમને જ્ઞાન આપ. હે સ્વામી અમે દરદ્રિ છીએ; અમને શ્રીમંત બનાવ. હે ઇશ્વર, અમે નષ્પ્રાણ છીએ; અમને ચેતના આપ. હે જગનન્યિતા! અમે સ્વયં હીનતાની મૂર્તછીએ; અમને તારા સામ્રરાજયમાં ગૌરવ આપ. હે જગન્નાથ! તું સહાય કરીશ તો અમે પણ તેજસ્વી તારા બનીશું તું સહાય નહકિરે તો અમે રસાતાળે જઇશુ. હે સ્વામી! અમને બળવાન બનાવ. હે પરમેશ્વર! અમને વજિય અપાવ. હે પરમાત્મા! અમને અમારા અહંને જીતવા અને અમારી વાસનાઓને વશમાં રાખવામાં સહાય કર. હે તાત! અમને ભૌતકિ દુનયિાનાં બંધનોમાંથી મુકતિ અપાવ. હે નાથ! અમે તારી સેવા માટે કટબિદ્ધ થઈએ, તારી ભકતિમાં લીન થઈએ, અંતઃકરણપૂવક તારા સામ્રરાજયમાં પહોંચવાના પ્રયાસ કરીએ, તે માટે તારા પવત્રિ પ્રાણનો સંચાર કરીને અમને ચેતના આપ. હે સ્વામી! તું સમર્થ છે. હે ઈશ્વર! તું ક્ષમાવાન છે. હે નાથ! તું કરુણાનો સાગર છે.

Also in: lo, mr

---

BB00306

મહામારીથી સંરક્ષણ માટે

મહામારીથી સંરક્ષણ માટે

બહાઉલ્લાહ દ્વારા પ્રગટતિ પ્રાર્થના

“ તેના નામ પર, જે ગૌરવશાળી છે, પરમોચ્ચ છે, પરમ પાવન છે ! મહમિાવંત છે તું, હે મારા ઈશ્વર! હે તું જે મારા ઈશ્વર, અને મારા માલકિ, અને મારા સ્વામી, અને મારો સહાયક, અને મારી આશા, અને મારો આશ્રય, અને મારો પ્રકાશ છે ! હું તારા ગૂઢ અને બહુમુલ્ય નામ દ્વારા, જેને તારા પોતાના સવિાય બીજું કોઈ જાણતું નથી, તે નામ દ્વારા આ પાતીના ધારકને દરેક પ્રકારની આફત અને મહામારીથી, તથા દરેક દૂર સ્ત્રી અને પુરૂષથી, દરેક દૂરાચારીના દૂરાચારથી, અને અશ્રધ્ધાળુઓના ષડયંત્રથી રક્ષણ કરવા માટે તેને વનિંતી કરું છું. આ ઉપરાંત, હે મારા ઈશ્વર, હે તું જે બધી ચીજોના સામ્રાજ્યને તારા હાથમાં પકડી રહ્યો છે, દરેક પ્રકારની પીડા અને સંતાપથી તેની સુરક્ષા કર. તું, સત્યતઃ, બધી ચીજો કરતાં વધારે શક્તશિાળી છે. તું જેમ ઈચ્છે તેમ કરે છે, અને તારી ઈચ્છા મુજબ આદેશ કરે છે.

હે તું સમ્રાટોનાં સમ્રાટ ! હે તું દયાળુ પ્રભુ ! હે તું પુરાતન અનુકંપા, કૃપા, ઉદારતા અને ઉપહારનો સ્ત્રોત ! હે તું બમિારીઓને મટાડનાર ! હે તું જરૂરીયાતોને પુરી કરનાર! હે તું પ્રકાશના પ્રકાશ! હે તું સમસ્ત પ્રકાશોથી ઉચ્ચ પ્રકાશ ! હે તું દરેક અવતારને પ્રગટ કરનાર ! હે તું કરૂણામય ! હે તું દયાળુ ! તારી પરમ મહાન દયા અને તારી વપિૂલ કૃપાથી આ પાતીના ધારક ઉપર તારી કૃપા કર, હે તું દયાળુ, હે તું દાતા. આ ઉપરાંત, તારી સુરક્ષા દ્વારા, તેના હૃદય અને મન માટે જે કંઈ પ્રતકિુળ છે તેનાથી તેનું રક્ષણ કર. તે, જેમને શક્તપ્રિદાન કરવામાં આવી છ, તેમાંથી તું, ખરેખર, પરમ શક્તશિાળી છે. ઈશ્વરની મહમિા તારા ઉપર બરિાજે, હે તું ઉગતો સુરજ ! તું તેની સાક્ષી આપે છે જેની સ્વયં ઈશ્વરે પોતાના માટે સાક્ષી

આપી છે, કે તેના સિવાય બીજો કોઈ ઈશ્વર નથી, તે શક્તિશાળી છે, પરમ પ્રિય છે.”

Also in: ceb

---

BB00617

ક્ષમાયાચના

હે પ્રભુ, હું ગુણ ગાઉં છું! મારા હૃદયમાંથી વ્યર્થ તરંગો અને પોકળ કલ્પનાઓ ભુંસાઈ જાય તે માટે હું પુરેપુરા સ્નેહથી તારા તરફ વળું છું. હે જગત્પતિ! તારી ઈચ્છાને અનુરૂપ તારા કૃપાપુષ્પોનો પમરાટ તારા આદેશથી સમગ્ર સૃષ્ટિમાં પ્રસરી ગયો છે અને તારી ઈચ્છાનો સૂર્ય તારાં સાર્વભૌમત્વ અને શક્તિ–સામર્થ્ય દ્ધારા તારી કૃપાના આકાશમાં ઝળહળે છે.

હે જગન્નાથ! હું તારો દાસ છું, તારા દાસનો પુત્ર છું, મારો હાથ તારી કરૂણાને સોપાઈ ગયો  છે. હું તારી દયાના તંતુને પકડી બેઠો છું. તારી પાસે જે ઉત્તમ છે તે મને આપ. તારા ઔદાર્ય અને અનુગ્રહરૂપી સ્વર્ગના વાદળોમાંથી તેં વરસાવેલા અમૃત દ્વારા મારૂં પોષણ કર.

હે પ્રભુ, તું જ વિશ્વઘિપતિ છે, સ્વર્ગ અને પૃથ્વીના સકળ ભુતજગતનો સ્વામી છે.

Also in: az, bg, bs, ca, cs, da, de, diu, el, en, en, es, et, fi, fr, hr, ht, hu, hy, hz, iba, id, is, it, kj, kl, kn, kn, ko, ky, ky, lb, lg, mg, mh, ml, mt, ne, nl, pl, pt, ro, ru, sk, sk, sne, sq, ta, ta, tet, tk, tl, tvl, uk, zh-Hans, zh-Hant

---

BB00623

આધ્યાત્મિક વિકાસ

શું પરમાત્મા સિવાય સંકટોને દૂર કરનાર અન્ય કોઈ છે ? કહી દોઃ એક માત્ર પરમાત્મા જ સ્તુત્ય છે! તે જ છે પરમાત્મા! સર્વ તેનાં સેવકો છે, અને તેની જ આજ્ઞાના બંધનમાં છે!

Also in: ar, az, be, bg, bla, bla, bn, bn, bs, ca, ch, chn, cnr, co, cs, cy, da, de, dgz, dih, diu, el, en, es, eu, fi, fj, fo, fr, fy, ga, gil, ha, haw, hi, ho, hr, hu, hy, hz, iba, iba, id, ik, is, it, ja, kgf, kiw, kl, km, kn, kn, ko, ksd, ky, lb, lkt, lkt, lo, lv, meu, mg, mh, mi, ml, mn, moh, moh, moh, mr, ms, nal, ne, ne, no, nv, nv, ny, one, pap, pl, pt, ro, ru, se, se, sk, sl, sm, sne, sq, srn, st, sv, sw, ta, ta, ta, th, tk, tl, tpi, tvl, uk, wam, zh-Hans

---

BH00739

સભાઓ

હે ક્ષમાવાન ઈશ્વર ! આ તારા સેવકોએ તારા રાજયની વાટ પકડી છે. તેઓ તારી કૃપા અને ઉદારતા ઝંખે છે. હે પ્રભુ! તેઓ તારા પ્રેમને પાત્ર બને તે માટે એમનાં હૃદયોને શુદ્ધ અને નિર્મળ બનાવ. એમના આત્માઓને પવિત્ર કર કે જેથી સત્યનો સૂરજ એમનામાંથી આરપાર પ્રકાશી શકે. તારો પ્રકાશ તેઓ જોઈ શકે તે માટે એમના નેત્રોને શુદ્ધ કર, પવિત્ર બનાવ. તારા દિવ્ય સામ્રરાજયનો સંદેશ સાંભળી શકે તે માટે એમના કાનને શુદ્ધ કર, પવિત્ર બનાવ.

હે નાથ! અમે ખરેખર નિર્બળ છીએ પરંતુ તુ સબળ છે. અમે ગરીબ છીએ પરંતુ તું શ્રીમંત છે. અમે શોધનારા છીએ અને તું, જેને સૌ શોધે છે, તે છે. હે સ્વામી! અમારા ઉપર દયા કર અને અમને માફ કર. અમને વરદાન દે કે અમે તારા અનુગ્રહો ઝીલીએ, તારા દિવ્ય સામ્રાજય તરફ આકર્ષાઈએ, તારા  પ્રેમાગ્નિથી પ્રદીપ્ત થઈએ અને તારી આ દીપ્તિમાન શતાબ્દીમાં તારી પવિત્ર પ્રાણફૂકથી નવજીવન પ્રાપ્ત કરીએ, એવી અમને શક્તિ અને સજજતા મળે.

હે ઈશ્વર! હે પરમેશ્વર! આ સભા ઉપર તારી પ્રેમાળ કૃપા દૃષ્ટિ નાખ. તારી સુરક્ષાના કિલ્લામાં બધાંનું રક્ષણ કર, એમના પર તારા આશીર્વાદો વરસાવ, તારા કૃપાસાગરમાં ડુબાડ અને તારી પાવન ચેતનાથી નવજીવન પ્રદાન કર.

તું સમર્થ છે! તું સર્વશક્તિમાન છે! તું દયાળુ છે! તું પરમ ઉદાર છે!

---

BH02022

અહમદની પત્રી

એ સમ્રાટ છે સર્વજ્ઞ છે, પ્રજ્ઞાનિધિ છે.

જુઓ, સ્વર્ગનું બુલબુલ અમરત્વના વૃક્ષની ડાળી પર બેઠું પવિત્ર મીઠડાં ગીત ગાય છે, ભક્ત જનોને ઈશ્વરના સાનિધ્યના શુભ સમાચારની ઘોષણા કરી રહેલ છે, દૈવી એકતામાં શ્રદ્ધા રાખનારાઓની પરમ ઉદારતાના દરબાર સમક્ષ ઉપસ્થિતિ

થવાનું આમંત્રણ આપી રહેલ છે, જે વખુિટા પડી ગયા છે તેમને માટે સર્વાધપિતિ, મહાન કીર્તવિત, અજોડ પરમાત્માએ પ્રગટ કરેલા સંદેશના સમચાર સંભળાવી રહેલ છે અને પ્રેમીજનોને પવત્રિતા અને અભૂતપૂર્વ સૌદર્યના આ ધામ સુધી પહોચવાનું માર્ગદર્શન કરી રહેલ છે.

નસિંશય, તે છે આ મહાનતમ સૌદર્ય જેની આગાહી ઈશ્વરના સંદેશવાહકોના ગ્રંઘોમાં કરાઈ એના દ્વારા સત્ય અસત્યથી અલગ તરી આવશે અને પ્રત્યેક આદેશની પાછળ રહેલા શાણપણની કસોટી થશે. નઃિસંદેહ, એ જ છે દવ્યિ જીવનવૃક્ષ, જે મહાન સમર્થ, ઉદાત્ત ઈશ્વરે આપેલાં ફળો ધારણ કરે છે.

હે અહમદ ! એ વાતનો સાક્ષી બન કે એ જ ઈશ્વર છે અને એના સવાિય બીજો કોઈ ઈશ્વર નથી. એ જ સમ્રાટ,રક્ષક, અતુલનયિ અને સર્વવ્યાપી છે, અને તેણે જે ‘અલી’ *(બાબ)ના નામે મોકલ્યા હતા તે ખરેખર ઈશ્વર તરફથી જ આવ્યા હતા અને એના જ આદેશોનું આપણે સૌ પાલન કરીએ છીએ. કહી દોઃ હે લોકો, પ્રતભિાવાન, જ્ઞાનમૂર્તપિરમાત્માના જે આદેશો બયાનમાં અંકતિ છે તેનું પાલન કરો. નઃિસંશય એ જ છે ઈશ્વરીય દૂતોમાં સમ્રાટ અને એનો ગ્રંથ જ બધા ગ્રંથોનો માતૃગ્રંથ છે. ખરેખર, તું આ સમજી શકે !

આ કારાગૃહમાંથી દવ્યિ બુલબુલ તને આવું આહ્વાન આપે છે. તેણે તો આ સ્પષ્ટ સંદેશ સંભળાવવાનો છે જેની ઇચ્છા એની સલાહ ન માનવી હોય તેને તેનાથી અલગ થવા દો અને જેવી ઈચ્છા હોય તે પોતાના પરમેશ્વરનો માર્ગ ગ્રહણ કરે.

હે લાકો, તમે આ મંત્રોનો અસ્વીકાર કરતા હો તો તમે ઈશ્વરમાં આસ્થા રાખો છો તેનો બીજો કયો પુરાવો તમારી પાસે છે? એ રજુ કરો , હે મથ્યિાચારીઓના સમુદાય.

ના, જેના હાથમાં મારો આત્મા સુરક્ષતિ છે એ પરમાત્માના સોગંઘ આ લોકો કદાપઆિવું નહી કરી શકે, ભલે ને તેઓ એકબીજાને મદદ કરવા એકઠા મળે.

હે અહમદ! મારી ગેરહાજરીમાં મારી કૃપાના પ્રતાપને વસિારે ન પાડી દેતો અને આ દુર્ગમ કારાવાસ, મારા દેશવટાને તથા મારી વપિતઓિને યાદ કરતો રહજે. અને મારા પ્રત્યેના પ્રેમમાં એવો તો અવચિળ બનજે કે ભલે ને, તારા ઉપર દુશ્મનોની તલવારો ઝીંકાતી રહે અને આભજમીનનું સઘળું તારા વરિોઘ માટે તત્પર થાય તો પણ તારું હૃદય વચિલતિ ન થાય.

મારા શત્રુઓ માટે તું અગ્નજિવાળા બની રહે, અને મારા પ્રેમીઓ માટે અનંત જીવનસરતિા વની રહે, તથા કદીયે સંશયાત્મા ન બનજે. અને મારા માર્ગમાં તારી સામે વપિતઓિ આવે, મારા ખાતર તારું માનભંગ થાયતો પણ તું એનાથી વ્યથતિ ન થતો.

ઈશ્વર ઉપર, તાર ઈશ્વર ઉપર અને તારા પૂર્વજોના સ્વામી ઉપર વશ્વાિસ રાખ કારણ કે, લોકો ભ્રમના માર્ગે ભટકી ગયા છે, તથા ઈશ્વરને પોતાની આંખે જોવાની એના મઘુર સૂર પોતાના કાને સાંભળવાની એમની વવિેક શકતિનો લોપ થયો છે. તું પણ સાક્ષી છે કે અમે એ લોકોને આવી અવદશામાં જોયા છે.

એમના અંઘવશ્વાિસો એમના પોતાના તથા એમનાં અંતઃકરણો વચ્ચેના પડળ જેવા બની રહ્યા છે અને તેથી તેઓ ઉદાત્ત અને મહાન ઈશ્વરના માર્ગથી દૂર રહ્યા છે.

તું અંતઃકરણથી નશ્ચિયપૂર્વક એમ માનજે કે નસિંશય જે આ પરમ સૌદર્યથી વમિુખ થાય છે તે ભૂતકાળના સંદેશાવાહકોથી પણ વમિુખ થાય છે અને અનંતકાળથી અનંતકાળ સુધી ઘમંડ દાખવે છે. હે અહમદ, આ પત્રીનો તું ઘ્યાનપૂર્વક અભ્યાસ કર. જીવનભર એનો મઘુર સ્વરથી પાઠ કર અને એનાથી વમિુખ ન થા, કારણ કે, નઃિસંદેહ, પરમાત્માએ આ પત્રીનો પાઠ કરનારને અકસો શહીદોનું કર્મફળ તથા ઇહલોક અને પરલોક બન્નેમાં સેવા કરવાનું પારતિોષતિ નર્ઘિારતિ કરેલ છે. આ બઘી પ્રેમ ભરી કૃપાઓ અમે અમારા પોતાના તરફથી એક ઉદારતા તથા દયારૂપે તને પ્રદાન કરી છે જેથી તું અમને કૃતજ્ઞ રહે.

ઈશ્વરના સોગંદ! જે કોઈ વપિત્તઅિને શોકમાં હોય તે જો સંપૂર્ણ નષ્ઠિાપૂર્વક આ પત્રીનો પાઠ કરશે તો ઈશ્વર એનું દુઃખ દૂર કરશે, એની મુશ્કેલીઓનું નરિાકરણ કરશે, એની વપિત્તઓિ દૂર કરશે.

નઃિસંશય, એ પરમદયાળુ, કરૂણાસઘિુ છે. સર્વ લોકના સ્વામી ઈશ્વરનો સદા જયજયકાર હો.

Also in: af, ar, az, bg, bi, bn, bs, ca, da, de, el, el, en, eo, fa, fi, fj, fo, fr, gil, ha, ht, hu, hy, id, is, it, kl, lg, lv, mg, mr, mt, nal, naq, ne, nl, no, pl, pt, ro, ru, sk, sne, sq, sr, sv, ta, tk, tl, tvl, ur, vi

પ્રાતઃકાળ

હે માર પ્રભુ, માર નાથ ! હું તારો દાસ છું, તારા દાસનો પુત્ર છું. હું તારા આદેશના ગ્રંથોમાં નર્દિષ્ટિ છે તે પ્રમાણે, આ પરોઢયિે, તારી ઈચ્છાના અરૂણોદયમાં, તારા અદ્ધૈતનો દવ્યિ તારી સમગ્ર સૃષ્ટઉિપર પોતાની આભા વેરે છે ત્યારે મારી પથારીમાંથી ઉભો થાઉં છું. હે મારા પરમેશ્વર, તારા જ્ઞાનના પ્રકાશની છોળો ઊછાળે છે ત્યારે અમે જાગ્યા છીએ તે માટે સદાયે તારી સ્તુતકિરીએ. હે નાથ, હવે, અમારા પર એવું શકતિવર્ષણ કર કે જેથી અમે તારા સવિાયનાં સઘળાંનો ત્યાગ કરી શકીએ અને તારા પ્રત્યેના અનુરાગ સવિાયના સર્વ અનુરાગોથી અનાસક્ત થઈ શકીએ. વળી હે પરમાત્મા, મારા માટે અને મારા પ્રયિજનો તથા મારાં સગાંસંબંધીઓ માટે, સ્ત્રી–પુરુષ સૌને માટે, સમાન ભાવે એવું વધિાન કર કે અમને આ લોક અને પરલોકમાં જે કલ્યાણકારી છે તેની પ્રાપ્તથિાય. હે સમગ્ર સૃષ્ટીના પ્રયિતમ, હે સમગ્ર બ્રહ્માંડની પપિાસાના પ્રભુ, માણસોના હૃદયમાં કુટલિતા ભરનારા, જે દુષ્ટ વાતો કાનમાં કહેનારા છે તેમનાથી અમને તારું અચૂક રક્ષણ આપ. તું જે કરવા ધારે તે કરી શકે છે તું નસિંશય, શર્વશકતિમાન, સંકટનો સાથી, સવયંપૂર્ણ છે.

હે મારા નાથ, પ્રભુ જેને તેં તારાં સર્વોત્કૃષ્ટ નામાભધિાનો પ્રદાન કર્યાં છે અને જેના દ્વારા તેં દૈવી અને આસુરી વૃત્તિવાળા વચ્ચે ભેદ કર્યો છે તેને આશીર્વાદ આપ, અને તને જે પ્રયિ છે, જે તું ચાહે છે તેવું કરવામાં અમને સહાય કર. વળી હે મારા ઈશ્વર, જે તારા પવત્રિ શબ્દો અને પાવન અક્ષરો બન્યા છે, જે તારા તરફ અભમિુખ થયા છે, જેમણે તારા મુખારવદિ પર ચાતક દૃશ્ટી માંડી છે અને તારા આહ્વાનને સાંભળ્યું છે એમને પણ આશીર્વાદ આપ.

ખરેખર, તું સમગ્ર માનવજાતનો સ્વામી છે, સમ્રાટ છે, સમગ્ર સૃષ્ટપિર તારું આધપિત્ય છે.

Also in: ar, ca, da, es, is, it, pt

---

BH03562

આધ્યાત્મકિ વકિાસ

હે પરમ કૃપાળુ, તારું મુખારવદિ મારી ભકતિનું લક્ષ્ય છે, તારૂં સૌંદર્ય મારૂં અભયસ્થાન છે તારું મંગળવધિાન મારૂં ધ્યેય છે, તારી સ્તુતમિારી આશા છે, તારા યમનયિમ મારા સાથી છે, તારો પ્રેમ એ મારા અસ્તિત્વનું કારણ છે, તારા નામનો ઉચ્ચાર મારૂં આશ્વાસન છે, તારૂં સાન્નિધ્ય મારી ઈચ્છા છે, તારી ઉપસ્થતિ મારી પ્રયિતમ આકાંક્ષા અને સર્વોત્કૃષ્ટ મહત્વાકાંક્ષા છે. હું તને વીનવું છું, હે નાથ, તારા પસંદ કરેલા દાસો માટે તેં જે નકકી કર્યું છે તેનાથી મને વંચતિ ન કર. મને આ લોક અને પરલોકમાં જે શ્રેષ્ઠતમ છે તે પ્રદાન કર.

તું ખરેખર જ, સર્વ મનુષ્યનો રાજા છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સદા ક્ષમાવાન અને અતઉિદાર છે.

Also in: af, ar, az, bg, ca, da, de, el, en, fi, hu, is, it, ja, kl, lv, mn, mt, nl, pl, pt, ro, ru, se, sne, tk, tl, tvl

---

BH04421HEA

આધ્યાત્મકિ વકિાસ

હે ભગવાન,મારા આત્માને નવસ્ફૂર્તઅિને હષર્લ્લાસથી ભરી દે. મારા અંતઃકરણને શુદ્ધ કરી દે. મારા મનને આલોકતિ કરી દે. હું મારા સઘળાં કાર્યો તારા જ કરકમળોમાં સુપ્રત કરુ છું તું મારો પથદર્શક છે, મારો આશ્રય છે. હવેથી હું દુઃખી અને ઉદાસ નહરિહું, હું સુખી અને આનંદતિ રહીશ. હે પ્રભુ! હું હવે થી ચતિામગ્ન નહરિહું, કષ્ટોથી મુજાઈ નહજિાઉં, હું જીવનની અપ્રયિ વાતો પર મારું મન લગાવીશ નહ. હે પરમાત્માં! તું મારા પોતાના કરતાં પણ વધારે મારો મત્રિ છે. હે નાથ, હું મારી જાત તને  સમર્પણ કરું છું.

Also in: af, az, be, bg, bn, bs, ca, cnr, co, cs, da, de, diu, el, en, eo, eo, es, et, fj, fr, fy, gil, ha, hr, ht, hu, hz, iba, iba, is, it, kj, ky, ky, lg, lt, mg, ml, mt, ne, nl, pl, pt, ro, ru, se, se, sm, sne, sne, sq, st, sv, ta, ta, tet, tet, tl, tvl, tvl, tvl

---

BH04990

રોગ નવિારણ

તારૂં નામ મારું સ્વાસ્થય છે, હે પ્રભુ અને તારૂં સ્મરણ મારો ઈલાજ છે. તારી નકિટતા મારી આશા છે. તારા માટેનો પ્રેમ મારો સાથી છે. તારી દયા મારું આરોગ્ય છે અને આ લોક તથા પરલોકમાં મારૂં જીવનબળ છે. ખરેખર તું પરમ સમૃદ્ધીવાન, સર્વજ્ઞ, સર્વપ્રજ્ઞ છે.

Also in: af, ar, bg, ca, el, en, es, et, fa, fr, fy, ht, ht, hu, id, ik, it, it, ky, mg, ml, mt, nl, no, no, pl, pt, ro, ro, se, sq, sv, tet, tk, tvl, uk

---

BH05543

આધ્યાત્મકિ વકિાસ

હે મારા ઈશ્વર, મારી ભકતિના આઘાર, મારા રાજા, મારી અભલિાષા ! તારો આભાર માની શકે એવી જહિ્વવા જ મારી પાસે કયા છે ! હું તો બેભાન હતો તેં મને જગાડયો. મેં તો તારા ભણી પીઠ વાળી દીઘી હતી; તેં જ દયા કરીને તારા તરફ જોવામાં મને મદદ કરી. હું તો મરેલા જેવો જ હતો; તેં જ જીવન જળ પાઈને મારામાં પ્રાણ પૂર્યાં. હુ તો કરમાઈ ગયો હતો; તેં જ તારા પૂર્ણ કરૂણામય સ્વરૂપની કલમેથી પ્રગટેલાં તારાં સુવચનોના સ્વર્ગીય પ્રવાહથી મને નવપલ્લવતિ કર્યો.

હે દૈવી વધિાતા! સમગ્ર અસ્તત્વિ તારા જ ઔદાર્યની દેન છે. તારી ઉદારતાના જળથી એને વંચતિ ન કર.

તારા દયાસઘિુથી એને દૂર ન રાખ. હું તને હંમેશા, કોઈપણ સ્થતિીમાં મારો મદદગાર અને સહાયક બનવા વનિવું છું. તારી કૃપાના સ્વર્ગમાંથી મળે એવા તારા પુરાણપ્રસદ્વિ અનુગ્રહોની ભીખ માગું છું. ખરેખર, તું ઔદાર્યનો સ્વામી અને શાશ્વતીના સામ્રજયનો સાર્વભૌમ શાસક છે.

Also in: az, bg, bs, ca, da, de, en, es, gil, gil, hi, ht, hy, is, ky, ky, mg, nl, pt, sne, ta, tk, tvl, tvl

---

BH05703GOD

દવિંગતો માટે

( પંદરથી વઘુ વયની વ્યકતિના મુત્યુ વખતે આ પ્રાર્થના કરાય છે. સમુદાયની વચ્ચે પાઠ થતો હોય તેવી આ એક માત્ર પ્રાર્થના છે. એક વ્યકતિ એનો પાઠ કરે અને બાકી બીજાં બઘા ઉભાં રહે. એનો પાઠ કરતી વખતે પવતિ્ર સમાઘ િ અકકા´ તરફ મુખ રાખવાની જરૂર નથી.)

હે મારા પ્રભુ! આ તારો દાસ/દાસી* છે, તારા દાસનો પુત્ર/ પુત્રી* છે એને તારામાં તથા તાર સંકેતોમાં સદા આસ્થા રહી છે. એ બઘાંથી પર થઈને તારા તરફ વળ્યો છે. તું ખરેખર જ, દયાળુઓમાં સૌથી વઘુ દયાળુ છે. હે માનવીના પાપોને માફ કરનાર અને એની ત્રુટઓિને ઢાંકનાર ! તારા ઔદાર્યના સ્વર્ગ અને તારી દયાના સાગરને છાજે એવો એની સાર્થ વ્યવહાર કર. પૃથ્વી અને સ્વર્ગના પાયા નંખાયા તે પહેલાં પણ જે હતી, તે તારી પારગામી દયાના દરબારમાં એને પ્રવેશ કરાવ. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સદા ક્ષમાવાન, ઔદાર્યનો ભંડાર છે.

હવે એણે છ વાર ‘અલ્લા–ઓ–અબ્હા’ કહેવું અને નીચેની પંકતિઓ પ્રત્યેક ઓગણીસ વાર બોલવીઃ

અમે સર્વે, ખરેખર જ, ઈશ્વરને ભજીએ છીએ.

અમે સર્વે, ખરેખર જ ઈશ્વરને નમીએ છીએ.

અમે સર્વે, ખરેખર જ, ઈશ્વર પ્રત િઆસ્થાવાન છીએ.

અમે સર્વે, ખરેખર જ, ઈશ્વરની સ્તુત િકરીએ છીએ.

અમે સર્વે, ખરેખર જ, ઈશ્વરના આભારી છીએ.

અમે સર્વે, ખરેખર જ, ઈશ્વરમાં ઘીરસ્થરિ છીએ.

( મરનાર સ્ત્રી હોય તો “ આ તારી દાસી છે, તારી દાસીની પુત્રી છે” વગેરે બોલવું )

---

BH06296

આધ્યાત્મકિ વકિાસ

હે તાત, તારી નકિટતામાં રહેવાના મારા ઓરતા છે. તારા સાક્ષત્કારની મને આશા છે. તારૂં નામ જપતા રહેવાની મારી ઈચ્છા છે. તારા મહમિામય દરબારમાં પહોચવાનો મારો ઉદ્દેશ છે. તારૂં ઘામ મારૂં લક્ષ્યસ્થાન છે. તારૂં નામ મારું આરોગ્ય છે. તારો પ્રેમ મારા હૈયાને અજવાળે છે. મારી મહેચ્છા એક જ છે, તારી સેવા કરૂં! હે કૃપાસાગર, જે ભકતોએ તારૂં નામ લીઘું તેમને તેં જ્ઞાનનાં ઊંચામાં ઊંચા શખિરોને આંબવામાં મદદ કરી અને તારા પવતિ્ર અનુગ્રહોના દરબારમાં શ્રદ્વાપૂર્વક તારી પૂજા

કરવા દીધી, એજ નામ હું ઉચ્ચારું છું. મને પણ મદદ કર અને મને તારું મુખારવિંદ જોવા દે, તારી આંખમાં મારી આંખ મિલાવવા દે, તારા ગુણ ગાવા દે.

હે નાથ, હું તો તારા સિવાય બધું ભૂલી ગયો છું તારી કૃપાના પાવન ઝરણા તરફ મેં ડગ માંડયાં છે.

તારા દરબારમાં પહોચવાની આશાએ તારા સિવાયનું સઘળું છોડી ચૂકયો છું. તો હે દીનબંધુ, મારી આંખો તારા મુખમંડળના ઓજસથી દીપી ઊઠેલા તારા સિંહાસન પર મંડાયેલી હોય ત્યારે મને ગ્રહણ કરી લે. હે મારા વલ્લભ, પછી, દ્રોહીઓ મને તારા તરફ જતાં રોકી ન શકે તે માટે તારા દ્વારા પ્રબોધિત ધર્મમાં અચળ રહી શકું એવી શકિતનું મારા ઉપર વર્ષણ કર. તુંજ ખરેખર સર્વસામર્થવાન, સંકટવિમોચન, કીર્તિવંત અને સર્વશકિતમાન પરમાત્મા છે.

Also in: af, az, bg, ca, cy, da, de, el, en, es, et, fi, fj, fr, gil, gil, ht, hu, is, it, ko, ky, mg, nl, no, pl, pt, ro, ru, se, sm, sm, sv, ta, ta, ta, tk, tl, tvl, tvl, tvl, tvl, uk

---

BH07426

આધ્યાત્મિક વિકાસ

હે મારા સ્વામી, તારા સૌદર્યને મારો આહાર બનાવ, તારી ઉપસ્થિતિને મારું જીવનજળ બનાવ.

તારાં આનંદને મારી આશા, તારા સ્મરણને મારો સાથી, તારા સાર્વભૌમ સામર્થયને મારો સહાયક બનાવ. હે નાથ, તારા ધામને મારૂં ઘર બનાવી દે, મારા ઘરને તારૂં એવું આસન બનાવી દે કે જેને તેં તારાથી એક પડદા દ્વારા દૂર રહેતા હોય એમના ઉપર નિષેધો લગાડીને પવિત્ર બનાવ્યું હોય.

તું ખરેખર સર્વશકિતમાન, પૂર્ણ ગરિમામય અને પૂર્ણ સામર્થવાન છે.

Also in: ceb, fi, hi, iba, ja, mi, ms, ne, no, ny, sm, sq, tet, th, tvl, ur, vi, zh-Hans

---

BH07721

માર્ગદર્શન–રક્ષણ

હે પરમેશ્વર, માર નાથ તારો જયઘોષ કરૂં છું! તારૂં નામ લેતાં તેં તારા માર્ગદર્શનના ધ્વજ લહેરાવ્યા અને તારી પ્રેમભીની કરુણાનો પ્રકાશ પાથર્યો તથા તારા સ્વામીત્વનું સાર્વભૌમત્વ પ્રગટ કર્યું, એજ નામનો ઉચ્ચાર કરીને હું તને પ્રાર્થના કરૂં છું. તારા લક્ષણોના સંકુલમાં પણ એ નામનો જ દિપક પ્રકાશે છે. એ નામ થકી જે તારા એકત્વનો શીતળ મંડપ અને અનાકતિનું રૂપ છે તે પ્રકાશ પામે છે; એ નામ લેતાં તારા માગદર્શનના રસ્તા જાણી શકાયા છે, પરમાનંદના માર્ગ અંકિત થયા છે. એ નામ લેતા ભૂલોના પાયા હચમચી ઊઠયા છે. તથા દુષ્ટાના સંકેતો ભુંસાઈ ગયા છે; તારા એ નામમાંથી જ્ઞાનનાં ઝરણાં વહી નીકળ્યા છે અને સ્વર્ગીય વૃષ્ટિથિવા માંડી છે. એ નામ દ્વારા તેં ચાકારોને આરોગ્ય બક્ષ્યું છે અને તારી જીવનદાયી શકિતમાં એમને ભરોસો બંધાવ્યો છે, એમના ઉપર કોમળ અનુગ્રહો વરસાવ્યા છે અને તારી પ્રાણીસૃષ્ટિને આશીર્વાદરૂપે ક્ષમાનું દાન કર્યું છે; એ જ નામ મુખેથી ઉચ્ચારીને તને અરજ કરૂં છું કે જે દૃઢ  રહ્યા છે અને તારી પાસે પાછા ફર્યા છે જે તારી દયાને આસરે છે અને તારી કૃપાના પાલવને પકડી રહ્યા છે એમના ઉપર તું સંજીવનીની વૃષ્ટિકર અને તને સ્વીકાર્ય બને એવી એકાગ્રતા એમનામાં ભરી દે તથા તારી પ્રગાઢ શાંતિના અમીવર્ષણથી એમને નવડાવી દે.

ખરેખર તું રોગનિવારક, રક્ષક, સહાયક, સર્વશકતિમાન સર્વસામથ્યવાન, ભવ્યોદાત્ત અને સર્વાન્તયામી છે.

Also in: af, bg, bs, ca, ch, da, de, el, en, ht, id, is, it, ja, ml, nl, no, pt, ro, ru, sk, th, zh-Hans, zh-Hant

---

BH07721

રોગ નિવારણ

હે જગન્નાથ, તારો મહિમા અપાર છે! એક નામે તારૂં સૌદર્ય તારા ધર્મસિંહાસનને બિરાજમાન છે તો એક નામ થકી તું બધામાં પરિવર્તન આણે છે અને બધાને એકઠા કરીને એમનો હિસાબ માગે છે તથા બદલો આપે છે, બધાને સાચવે છે, પાલન કરે છે. આ નામો દ્ધાર આ દાસીનું રક્ષણ કરવાની તને વિનંતી કરૂં છું. એ તારી પાસે આશરો લેવા આવી છે. જેનામાં તું વ્યકત થયો છે તેનું શરણું એણે લીધું છે. એ પુરેપુરી તારે ભરોસે છે.

હે માર ઈશ્વર, એ માંદી છે અને તારા આરોગ્યરૂપી વૃક્ષની છાયામાં પ્રવેશી છે; દુ:ખી છે, અને તારા દ્વારા રક્ષિત શહેરમાં

ભાગી આવી છે. એ રોગષ્ટિ છે, તારા કૃપાઝરણાની ખોજ કરે છે. ઘાયલ થઈ ગઈ છે, તારી પ્રશાંતનિા કૂવામાં અમીજળની તરસી છે. એને માથે પાપનું પોટલુ છે અને તારા દરબારમાં ક્ષમાયાચના માટે આવી છે. હે મારા ઇશ્વર, મારા પ્રયિતમ! એને તારી સાર્વભૌમ સત્તા અને માયાળુ ભલાઈનાં વસ્ત્રો પહેરાવ. તારા મલમ અને જડીબુટ્ટીથી એને સારવાર આપીને તારી દયા અને દાનનો પ્યાલો પીવા સમર્થ બનાવ. વળી દરેક પ્રકારની વેદના, બીમારી, દુઃખ, માંદગી અને તું ઘૃણા કરતો હોય તેવી દરેક બાબત સામે એનું રક્ષણ કર.

તું, સાચે જ તારા પોતાના સવિાય બધાથી શ્રેષ્ઠ છે. તું, સાચે જ, રોગનવિારક, સ્વયંપર્યાપ્ત,

સંરક્ષક, સદા ક્ષમાવાન, પરમ દયાળુ છે.

Also in: af, bg, bs, ca, ch, da, de, el, en, ht, id, is, it, ja, ml, nl, no, pt, ro, ru, sk, th, zh-Hans, zh-Hant

---

BH08013

બાળકો

હે પરમેશ્વર, તારૂં જ નામ લેવાથી માંદા સાજા થઈ જાય છે, અસ્વસ્થને સ્વાસ્થય પાછું મળે છે, તરસ્યો પાણી પામે છે, જખમીને શાતા મળે છે, માર્ગ ભૂલેલાને માર્ગદર્શન મળે છે, પતતિોનો ઉદ્ધાર થાય છે, અકચિનો લક્ષ્મીવાન બને છે, અજ્ઞાનીઓને જ્ઞાનલાભ થાય છે, શોકમગ્ન પ્રફુલ્લિત થાય છે, દુઃખી આનંદ પ્રાપ્ત કરે છે, ઠંડા હોય તેમને ઉષ્મા પ્રાપ્ત થાય છે અને દલતિોનો ઉદ્ધાર થાય છે. હે ભગવાન, તારા નામથી જ સમગ્ર ભૂતસૃષ્ટિમાં સ્પંદનો જાગ્યાં અને નક્ષત્રો ફેલાયાં, પૃથ્વીનો જન્મ થાયો, વાદળ બંધાયાં અને તારા જ નામ થકી પૃથ્વી પર વરસ્યાં. ખરેખર સમગ્ર માનવ સૃષ્ટમિાટે એ તારા વરદાનનું પ્રતકિ છે.

એટલે જ, તેં નામ દ્વારા તારું ઈશ્વરીરૂપ પ્રગટ કર્યં અને સમગ્ર સૃષ્ટથિી તારા ધર્મને ઊંચું સ્થાન આપ્યું, તે નામનું સ્મરણ કરીને તથા જે ગુણો દ્ધારા તારાં ઉત્તમોત્તમ બરિૂદો અને પવત્રિતમ લક્ષણ તેમ જ પારગમ્ય તથા સર્વોત્કૃષ્ટ અસ્તત્વિ પ્રગટ થાય છે તે ગુણોને યાદ કરીને હું તને વનિંતી કરૂં છું કે આજની રાતે તારી દયાના વાદળમાંથી આ બાળક ઉપર તારી સંજીવનીની વૃષ્ટકિર. તેં આ બાળકને તારા સર્વાંગ આલોકતિ અસ્તત્વિના સૃષ્ટ સામ્રરાજયમાં જોડયો છે; હવે એને તારી કૃપારૂપી વસ્ત્ર આપ, કલ્યાણ અને સ્વાસ્થયનો ઝભ્ભો પહેરાવ અને તારા સુધી પહોંચવામાં અવરોધ સમાન હોય એવાં દુઃખો અને અવ્યવસ્થા સામે એનું રક્ષણ કર. સાચે જ, તારી એકલતાની શકતિ જ સમગ્ર સૃષ્ટનિી *(શકતિ) બરાબર છે. વાસ્તવમાં તું જ સર્વશકતિમાન અને આત્મનર્ભિર છે. ઉપરાંત આ બાળક ઉપર આ લોક અને પરલોકમાં જે શુભ હોય, ગઈ અને આવતી પેઢી માટે જે શુભ હોય તેની અમીવૃષ્ટકિર, એ તો તારી જ શકતિ અને તારા જ જ્ઞાનથી શકય છે.

Also in: af, ar, ar, az, bi, bs, ca, ceb, co, da, de, en, eo, es, et, eu, fr, gil, hi, ht, id, is, it, ja, kj, kl, lv, med, med, mg, ne, nl, no, pl, pt, ro, ru, ta, ta, tl, tpi, tpi, tpi, zh-Hant

---

BH08013

રોગ નવિારણ

હે પ્રભુ, હે દીનદયાળ! તારા માયાળુ ઉપચારના ક્ષીરસાગરને નામે તારા કૃપાસૂર્યને નામે, સેવકોને નયિમનમાં રાખતા તારા નામે, તારી ઉદાત્ત વાણીના સર્વસ્પર્શી સામથ્ર્યને નામે, તારી પવત્રિતમ લેખનીને નામે, સ્વર્ગ અને પૃથ્વીના જીવ–અજીવ પદાર્થોના સર્જનથી પહેલાં પણ જે અસ્તત્વિમાં હતી તે દયાને નામે હું યાચના કરું છું, હે દીનાનાથ, તારી ઉદારતાના જળથી મને બધી જ યાતનાઓ અને અંધાધૂઘીમાંથી મુકતિ પ્રદાન કર, મારી બધી જ દુર્બળતાઓ અને નર્બિળતાઓનો નાશ કર.

હે મારા સ્વામી, તું જુએ છે કે જે બારણે તું દાન આપે છે ત્યાં તારો ચાહક ઊભો છે એ તારી ઉદારતાનો પાલવ પકડીને તને પામવાની આશા સેવે છે. તારી દયાના સાગરમાંથી, પ્રેમ કરૂણાના સૂર્ય પાસેથી એ જે માગે છે તે એને તું કૃપા કરીને આપ. તું જે ધારે તે કરી શકે છે. તારા સવિાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સદા ક્ષમાવાન, અત્યંત ઉદાર છે.

Also in: af, ar, ar, az, bi, bs, ca, ceb, co, da, de, en, eo, es, et, eu, fr, gil, hi, ht, id, is, it, ja, kj, kl, lv, med, med, mg, ne, nl, no, pl, pt, ro, ru, ta, ta, tl, tpi, tpi, tpi, zh-Hant

---

BH08242

પ્રશિક્ષણ

તારા સામર્થ્ય આગળ બધાજ પવિત્ર જનોએ પોતાની અસહાયતા પ્રગટ કરી છે અને દરેક ઈશ્વરીય દૂતે તારી સર્વગ્રાહી ભવ્યતાના સ્ત્રોત સામે પોતાની પામરતા કબૂલ કરી છે. હે ઈશ્વર, તારાં જયગાન થાઓ! તારા જે નામથી સ્વર્ગના દ્વાર ખુલ્યા છે અને ઉત્તમ સ્વર્ગભૂમિના નિવાસીઓ આનંદસમાધિમાં ગરક થઈ ગયા છે તે નામનું આજે હું રટણ કરૂં છું અને તને પ્રાર્થના કરું છું કે આ યુગમાં હું તારી સેવા કરી શકું અને તારા પવિત્ર ગ્રંથમાં તેં જે નિર્દેશ આપ્યા છે તેનું પાલન કરી શકું એવું બળ આપ. હે મારા નાથ, તું જાણે છે કે મારામાં શું છે, પણ હું નથી જાણતો કે તારામાં શું છે તું સર્વજ્ઞ, અંતર્યામી છે.

Also in: am, az, bg, bn, ca, de, el, el, en, eo, fr, ha, iba, is, ne, nl, pl, pt, ro, sne, sne, sr, tet, tk, tl, tvl

---

BH08594

આધ્યાત્મિક વિકાસ

હે પરમેશ્વર, તારો જયજયકાર કરૂં ! તારા જ બનાવેલા કેટલાક જીવો તારા સત્યનો ઈન્કાર કરે છે. એમણે વરસાવેલી આકરી યાતનાઓ અને અવર્ણનીય દુ:ખોનો ભોગ બનેલા તારા મહાનતમ નામના તને સોગંદ આપીને કહું છું કે તું મારા પર એવી  કૃપા કર કે જેથી હું હમેશાં તારું સ્મરણ અને સ્તુતિગાન કરું. આજે જયારે બધાં તારા સૌંદર્યથી વિમુખ થયા છે અને તારા વિશે શંકાઓ દર્શાવે છે, તારા મહાન ધર્મ સંસ્થાપક તરફ તિરસ્કારપુર્વક પીઠ કરી છે ત્યારે પણ હું તારા જ ગુણ ગાતો રહું. હે મારા નાથ, તને સહાય કરી શકે એવું તારા સિવાય બીજું કોઈ નથી; તારા સામર્થ્યની તુલનામાં આવે એવું તારા પોતાના સામર્થ્ય સિવાય બીજું કંઈ નથી.

હું તારા પ્રેમમાં મગ્ન રહું, તારૂં સ્મરણ  દ્રઢ બનીને કરતો રહું તેટલું બળ મને આપ. ખરેખર, એ હું કરી શકું તેમ છું અને મારી અંદર જે  કંઈ છે તે બધુ જાણનારો તું જ છે. ખરેખર, તું બધુ જાણે છે, બધાથી વાકેફ છે. હે પ્રભુ તારા મુખચંદ્રની આભાથી મને વંચિત ન કર. એના થકી જ સમગ્ર વિશ્વ પ્રકાશે છે. તારા સિવાય બીજો કોઈ ઈશ્વર નથી. તું સર્વશ્રેષ્ઠ શક્તિશાળી, સર્વદા કરૂણાવાન અને સર્વથા ક્ષમાવાન છે.

Also in: af, da, en, fr, ho, iba, id, is, ml, no, pt, ro, ro, tvl

---

BH08846

કસોટીઓ અને સંકટો

હે મારા પ્રભુ, તારૂં નામ ચોગરદમ ફેલાય ! મારી આંખો તારી દયાના ચમત્કારો જોવા તલસે છે, એને તું તૃપ્ત કર મારા કાન તારા મધુર ગીતો સાંભળવા આતુર છે, એને તું તૃપ્ત કર. મારૂં હૈયું તારા જ્ઞાનના જીવનજળને ઝંખે છે, એને તું ઝકડી રાખ. હે મારા નાથ, આ તારી દાસી તારા કૃપા પ્રસાદ સામે ઊભી છે અને તારૂં નામ લઈને પોકારે છે. આ નામ તેં તારાં અનેક નામોમાંથી પસંદ કયું છે અને સ્વર્ગ અને પુથ્વીના ભૂતમાત્રને આપ્યું છે. તારી દાસીમાં એવા તો કરૂણાથી મઘમઘતા શ્વાસ ફૂંક કે એ પોતાની જાતનેય ભૂલી જાય અને તારા વદનકમળની આભાથી ચમકતા, તારી સાર્વભૌમ સત્તાનો પ્રકાશ પાથરતા તારા રાજસિંહાસન ભણી ખેંચાઈ આવે. તું જે ધારે તે કરી શકે છે. તારા સિવાય કોઈ ઈશ્વર નથી તું પરમ દીપ્તિમાન, પરમ ઉદાર છે.

હે માર સ્વામી, મારી અરજ સાંભળ, તને જે શોધે છે તેમને જાકારો ન આપ. તારા તરફ ડગ માંડનારા પરથી વંચિત નરાખ. હે મારા નાથ, તું તો પોતાને દયાનો દેવતા, પરમ કરુણાસિંધુ તરીકે ખપાવે છે તો પછી, તારું શરણું શોધતી, તારા મોઢા પર આશાની મીટ માંડી બેઠેલી આ દાસીઓ પર કૃપા કર.

ખરેખર તું સદા ક્ષમાવાન, પરમ કરૂણામય છે.

Also in: af, bg, en, es, fi, fr, ha, hi, hr, iba, it, ja, ml, ms, ne, nl, ro, sk, sm, sv, sw, tl, uk, zh-Hans, zh-Hant

---

BH08947

આધ્યાત્મિક વિકાસ

હે ઈશ્વર, મારા નાથ, મારા પ્રાણપ્રિય, મારા હૃદયની અભિલાષા.

Also in: mr

---

BH09848

એકતા

હે  કૃપાળુ સ્વામી! તું ઉદાર અને દયાવાન છે; અમે તારા ઊંબરાના દાસ છીએ. અમે તારી દયાના રક્ષણની છત્રછાયામાં છીએ. તારા વિધાનનો સૂર્ય સૌ ઉપર પ્રકાશે છે. તારી દયાના મેઘ સૌ ઉપર વરસે છે. તારો કૃપાપ્રસાદ સૌને મળે છે. તારી નિયતિ સૌને ટકાવી રાખે છે. તારું રક્ષણ સૌને આવરી લે છે. તારી કરૂણાની  દૃષ્ટિ સૌને ઉજ્જવલ બનાવે છે. હે નાથ! અમને તારાં અનંત વરદાનો આપ અને તારા  માર્ગદર્શનના પ્રકાશને ચમકવા દે. અમારી આંખોને તેજ આપ, આત્માઓને આનંદિત કર અને હૃદયોમાં નવું જોમ ભરી દે. અમને શાશ્વત જીવન આપ. તારા જ્ઞાનનાં બારણાં ખોલી નાખ, શ્રદ્ધાના પ્રકાશ દ્વારા અજવાળા પાથરવા દે. માનવજાતને સંગઠિત કરીને તારા રક્ષણની પતાકા નીચે આશ્રય આપ. તારી કૃપાથી જ તેઓ એક સમુદ્રનાં મોજાં જેવા, એક વૃક્ષનાં પાંદડાં અને ડાળીઓ જેવા બનશે અને એક જ તંબુની છાયામાં એકત્ર થશે, એક જ ઝરણામાંથી અજવાળું પ્રાપ્ત કરશે. તું દાત છે, તું દયાળુ છે, તું સર્વવ્યાપી છે!

Also in: ca, da, de, en, es, gil, gil, gil, hy, it, kj, ky, lv, mr, mt, pl, pt, sne, sne, sne, sne, sne, sne, sv, tvl, tvl, tvl, tvl, ur, ur

---

BH09855

બાળકો

હે ઈશ્વર ! આ શિશુનો તારા પ્રેમની છાતીએ વળગાડીને ઉછેર કર. એને નિયતિનાં સ્તનોના દૂધનું પાન કરાવ. આ નવા છોડને તારા પ્રેમરૂપી ગુલાબવાડીમાં રોપીને માવજત કર. વિધાતાનાં વાદળોમાંથી થતા વર્ષણ દ્વારા એનું પાલન કર. એને તારા અધિરાજયનું શિશું બનાવ અને દૈવી લોક તરફ દોરી જા.

તું સમર્થ અને દયાળુ છે ! તું દાતા છે, અમીવર્ષક છે. તારા આશીર્વાદ બધાંથી પાર જાય છે.

Also in: ar, az, bn, bn, ca, el, en, eo, es, fa, fo, gil, gil, gil, haw, ht, hu, iba, iba, is, ja, ja, lb, lg, lo, mi, mi, ml, mn, mn, mt, ne, nl, pl, ro, ru, sk, sq, st, sv, ta, ta, th, tk, tl, tvl, uk, uk, zh-Hant

---

BH10076

બાળકો

હે મારા નાથ ! હે મારા સ્વામી !

હું કુમળી વયનું બાળક છું. દયારૂપી સ્તનો દ્વારા મારૂં પોષણ કર. તારા પ્રેમની હૂંફમાં મને તાલીમ આપ. તારા માર્ગદર્શનની પાઠશાળામાં મને શિક્ષણ આપ અને તારી ઉદારતાની છાયામાં મારો વિકાસ કર. મને અંધકારમાંથી છોડાવ. મને ઝળહળતા પ્રકાશ જેવો બનાવી દે. મને દુ:ખમાંથી મુકત કર અને તારી ગુલાબવાડીનું એક ફૂલ બનાવી દે. કૃપા કરીને મને તારા પવિત્ર ઉંબરા પાસે ચાકર બનીને ઊભા રહેવા દે અને સાતત્વિકતાનું મારામાં રોપણ કર. માનવ–જાતિને અનર્ગળ સંપતિ મળે તેમાં મને નિમિત્ત બનાવ. મને અનંત જીવનની મુદ્રાવાળો મુકુટ પહેરાવ.

ખરેખર તું મહાસમર્થ, શકિતશાળી છે. દૃષ્ટા , શ્રોતા છે.

Also in: az, az, ca, de, el, en, es, gil, gil, gil, ht, id, is, it, ky, lb, mn, mr, nl, pl, pt, se, sk, ta, tet, tvl, tvl, tvl, uk, zh-Hant

---

BH10127

અધિક દિવસો

(અધિક દિવસો દરમ્યાન ઉપવાસની તૈયારી કરવી જોઈએ. આ દિવસો આતિથ્ય, દાન અને ભેટસોગાદો આપવા માટે છે. આ દિવસો આતિથ્ય, દાન અને ભેટસોગાદો આપવા માટે છે. બહાઈ પંચાગ અનુસાર 26મી ફેબ્રુઆરીથી 1લી માર્ચ અધિક દિવસો ગણાય છે. )

હે પરમાત્માં, હે મારા અગ્નિ, હે મારા પ્રકાશ! તે જેનું ‘અય્યામે હા’–‘હા’ ના–દિવસો*( અધિક દિવસો´) એવું નામાભિધાન તારા પવિત્ર ગ્રંથમાં  કર્યું છે એ દિવસો આવી પહોચ્યા છે અને હે સર્વ નામોના સમ્રાટ, તારી મહાલેખનિએ તારા સૃષ્ટીસામ્રરાજયના સઘળા વાસીઓ માટે અંકિત કરેલા ઉપવાસના દિવસો નિકટ આવે છે. હે નાથ, આ દિવસોમાં અને આ સમયગાળા દરમ્યાન જેમણે તારા આદેશોને  દ્ઢતાથી અમલમાં મૂકયા છે તેમના નામે, જેમણે તારા આદેશોને ગ્રહણ કરી

રાખ્યા છે તેમના નામે, તને પ્રાર્થન કરું છું, કે તેઓ સર્વને તારા દરબારનાં ખંડમાં સ્થાન મળે, તારા મુખપંકજના  તેજોમય પ્રાગટય સમક્ષ આસન મળે!

હે નાથ, આ બધા તારા દાસ છે. તારા પવિત્ર ગ્રંથ દ્વારા તેં એમના જે કાંઇ નિર્દેશ કર્યો છે તેનાથી તેમને કોઇ પણ ભ્રષ્ટ વૃત્તિ વિચલિત નથી કરી શકી. તેઓ તારા ધર્મને શરણે આવ્યા છે, અને તારા પવિત્ર ગ્રંથને એવા દૃઢ સંકલ્પથી આવકાર્યો છે કે જે સંકલ્પનો તું પોતે જન્મદાતા છે તથા તેં જે નિશ્ચિત કર્યું છે તેને અનુસરવાનું એમણે પંસદ કર્યું છે.

હે નાથ, તું જૂએ છે કે તે તારા પવિત્ર શાસ્ત્રો દ્વારા જે વ્યકત કર્યું  છે તેને એમણે માન્ય રાખ્યું છે અને કબૂલ કર્યું છે. હે મારા સ્વામી, એમને તારા વરદ હસ્તની અંજલીમાંથી તારી અમરતાનું પાન કરાવ. પછી એમને તારા સક્ષાત્કારના સમુદ્રમાં જે નિમગ્ન થયા હોય, તારા મિલનના સર્વોત્તમ આસવનું પાન કર્યું હોય તેવા બધા માટે નિશ્ચિત  કરાયેલા ઉપહાર એમને પણ પ્રદાન કર.

હે પ્રભુ, સમ્રાટોના સમ્રાટ, દીનદુખિયાના તારણહાર, એમને ઇહલોક અને પરલોકમાં કંઇ સર્વોત્તમ છે તે આપ એવી મારી પ્રાર્થના છે. વળી આજ સુધી તારાં કોઈ પ્રાણીએ પ્રાપ્ત ન કર્યું હોય તેનું એમના માટે વિધાન કર; જેમણે તારી પરિક્રમા કરી હોય, જે તારા બધા જ લોકમાંથી પ્રત્યેકમાં માત્ર તારા સિંહાસનની નિકટ રહેતા હોય તેવા લોકોની શ્રેણીમાં એમને સ્થાન આપ.

ખરેખર તું સર્વશકતિમાન, સર્વજ્ઞ, સર્વાન્તર્યામી છે.

Also in: ar, az, ca, de, el, en, es, fr, gil, ht, is, mn, nl, pl, pt, sk, sne, sr

---

BH10127

ઉપવાસ

(ઉપવાસ  વર્ષમાં એક વાર ઉપવાસનું વ્રત રાખવામાં આવે છે. એ બહાઈ વર્ષના ‘અલ્લા’ ઉદારતા´ના મહિનામાં, એટલે કે બીજી માર્ચથી વીસમી માર્ચ સુધી છે. આ દિવસોમાં સુર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચે ખાદ્ય કે પેય પદાર્થ મ લેવા. એ પ્રાર્થના અને આધ્યાત્મિક નવસ્ફૂર્તિનો સમય છે. પંદર વર્ષથી નાની ઉંમરના બાળકો, મુસફરો, માંદા, અશકત તેમ જ ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને ઉપવાસ રાખવાની ફરજ નથી.)

તારી સ્તુતિ હો, હે મારા સ્વામી, મારા ઈશ્વર! તારા ધર્મપ્રગટકિરણના નામ પર કે જેથી અંધકાર પ્રકાશમાં બદલાઇ ગયો છે, જેથી પ્રાગટય શીલમંદિરનું નિર્માણ થયું છે, લિખીત પવિત્ર પત્રી પ્રગટ થઇ છે અને સુવિસ્તૃત નામાવલિનું અનાવરણ થયું છે. તે નામથી હું તારી યાચના કરું છું કે, મારા ઉપર તેમજ મારા સાથીઓ ઉપર તારી એ દયાવૃષ્ટિ કર, જેથી અમે તારી પારગામી ભવ્યતાના મહિમામય સ્વર્ગમાં આરોહણ કરી શકીએ તથા એવી શંકાઓના કલંકથી મુક્ત રાખ જેના કારણે સંશયાત્માઓ તારા એકત્વનાં મંડપની છાયામાં પ્રવેશી શકયા નથી.

હે દીનાનાથ, હું એ છું કે જેણે સદાય  તારી પ્રેમકરુણાનો તંતુ, તારી કૃપા અને અનુગ્રહનો પાલવ પકડી રાખ્યો છે. મને તથા મારા આપ્તજનોને ઈહલોક તથા પરલોકમાં જે વરણીનો કળશ જેના ઉપર ઢોળાયો હોય તેવા લોકો માટે તેં નકકી કરેલી ગુપ્ત ભેટસોગાદો મારા આપ્તજનોને પણ પ્રદાન કર.

હે મારા સ્વામી, તે તારા સેવકોને આ દિવસોમાં ઉપવાસ રાખવાનો આદેશ આપ્યો છે. ભાગ્યશાળી છે એ જે કેવળ તારા માટે અને તારા સિવાય સકળ પદાથર્ોના રાગથી મુકત થઈને, સંપૂર્ણરીતે અનાસક્ત થઈને ઉપવાસ રાખે છે. તારી આજ્ઞાઓનું પાલન કરવામાં અને તારા આદેશો અનુસાર ચાલવામાં મને અને એ લોકોને, હે મારા સ્વામી સહાય કર. નિસંદેહ તું ધારે તે કરવા સમર્થ છે.

તારા સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી. તું સર્વજ્ઞ, પૂર્ણપ્રજ્ઞ છે. સર્વ લોકના સ્વામી પ્રભુનો જય હો!

Also in: ar, az, ca, de, el, en, es, fr, gil, ht, is, mn, nl, pl, pt, sk, sne, sr

---

BH10154

ક્ષમાયાચના

હે જગત્રાતા ! તારી અનુકંપાથી મારી હિંમત વધી છે પરંતુ તારા ન્યાયથી મારામાં ભય વ્યાપ્યો છે. જેને તારી અનુકંપા મળી તે

સુખી છે, જેને તારા ન્યાયનાં પારખાં થયાં તે દુ:ખી છે.

ભગવાન! હું તારા ન્યાયથી ડરીને ભાગ્યો છું; તારી અનુકંપા યાચું છું તારા રોષથી હું કાંપી ઊઠયો છું; તારી ક્ષમા માગું છું. તારી સમર્થતા, સાર્વભૌમ સત્તા, મહાનતા અને અનુકંપાના ગુણોનો ઉલ્લેખ કરીને હું પ્રાર્થના કરૂં છું કે હે સર્જનહાર, તારા જ્ઞાનના પ્રકાશ વડે સમગ્ર માનવજાતને અજવાળુ આપ કે જેથી સર્વ પદાર્થો તારા હસ્તકૌશલનું પ્રતિબિંબ પાડે, તારી ક્ષમતાનાં રહસ્યો પ્રગટ કરે અને તારા જ્ઞાનના પ્રકાશને વ્યકત કરે.

તેં જ સમગ્ર ભૂતસૃષ્ટિને દ્રશ્યમાન બનાવી અને તું જ એના ઉપર કરુણા અને કૃપાનો પ્રકાશ બનીને ચમકે છે.

તું પરમ ઉદાર કરુણાસિંધુ છે.

Also in: de, en, is, ja, no, ru

---

BH10505

એકતા

હે મારા પરમેશ્વર! હે મારા પરમાત્મા! તારા સેવકોના હૃદયો એક કર અને એમની સમક્ષ તારો મહાન ઉદ્દેશ પ્રગટ કર. તેઓ તારા આદેશો માને અને તારા કાયદાઓનું પાલન કરે, હે ભગવાન એમનાં પુરુષાર્થમાં સહાયક બન, તારી સેવા કરવાની એમને શકતિ આપ. હે પ્રભુ, એમને એકલા ન છોડી દે, પણ તારા જ્ઞાનના પ્રકાશથી એમનાં ચરણોને માર્ગ દેખાડ અને તારા પ્રેમથી એમનાં હૃદયોને હર્ષિત કર. તું જ ખરેખર એમનો સહાયક અને સ્વામી છે.

Also in: af, bn, bs, ch, chn, chr, co, cs, cy, da, dak, dgz, dih, diu, diu, el, en, eo, et, fj, fo, fr, fy, hi, hi, hr, ht, hur, hur, hy, hz, hz, id, ik, is, it, ja, kl, kn, ko, ko, ksd, lb, lg, lkt, lv, med, med, meu, mh, mi, mic, mic, ml, mn, mn, ms, mt, nal, naq, ne, nl, no, nv, nv, ny, pap, pl, pt, ro, shh, sk, sl, sm, sne, sq, sr, srn, srn, srn, sv, sw, ta, te, th, tk, tl, tpi, tvl, tvl, tvl, tvl, uk, ur, ur, ur, vi, zh-Hans, zh-Hant

---

BH10973

માર્ગદર્શન–રક્ષણ

હે ભકતવત્સલ, હું તને ભજુ છું, તને પુજું છુ! તારાં એકત્વ અને અદ્ધિતીયતાનો હું સાક્ષી છુ, ભૂતકાળ અને વર્તમાનકાળમાં તેં કરેલા અનુગ્રહનો સ્વીકાર કરું છું. તું પરમ ઉદાર છે, તારી દયાની વૃષ્ટિ ઊંચનીચના ભેદ વિના સૌના ઉપર સમાનતાથી થઈ છે. તારી કરૂણાની આભા, આજ્ઞાપાલકો અને અવજ્ઞાકારીઓ, બન્ને ઉપર સમા રીતે પ્રકાશી છે.

હે દયાળુ ઈશ્વર, તારે બારણે દયાનાં તમામ સત્ત્વો માથું નમાવીને ઊભાં છે. તારા ધર્મના અભયસ્થાનની ચોમેર તારી પ્રેમમય કરુણા વિલસી રહી છે. તારી અનાદિ કિરુણાને અમે પ્રાર્થીએ છીએ અને તારા અત્યારના અનુગ્રહોની માગણી સાથે અમે તને પ્રાર્થના કરીએ છીએ કે તું આ પ્રાણીસૃષ્ટિમાં જે કોઇ આવ્યા છે તેમના ઉપર દયા કર અને તાર યુગમાં એમને તારી દયાના ભંડારથી વંચિત ન કર.

સૌ નિષ્કિંચિન  અને યાચક છે. તું સર્વસંપન્ન, સર્વનિયંતા, સર્વસામર્થ્યવાનછે.

Also in: af, ar, az, be, bg, bn, bs, ca, ceb, da, de, el, en, eo, fo, fr, fy, gil, gil, hi, ht, hy, is, it, ja, ky, lo, lv, mg, mi, ml, ms, mt, ne, ne, nl, no, pl, pt, ru, sk, sl, sr, sv, ta, te, th, tvl, uk, ur, zh-Hant

---